# શ્રી સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યો




• સંકલન •

**ચંદ્રકાંત મહેતા**

• પ્રકાશક •

**કિશોર શાહ**

**નિમિતા શાહ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી સિદ્ધચક્રાય નમઃ

# શ્રી
# સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યો





-: સંકલન :-

**ચંદ્રકાન્ત મહેતા**

5, Lucille Drive, Parsippany
New Jersey 07054, USA



-: પ્રકાશક :-

**કિશોર શાહ**

**નિમિતા શાહ**

New Jersey, USA



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-: સંકલન :-

**ચંદ્રકાન્ત મહેતા**

5, Lucille Drive, Parsippany
New Jersey 07054, USA


# શ્રી સિદ્ધચક્ર




**મંત્ર : ૐ હ્રીઁ અર્હં નમઃ** (૨૭/૧૦૮ વાર જાપ કરવો)


-: પ્રકાશન :-

સંવત ૨૦૬૮ • ઈ.સ. ૨૦૧૨ • પ્રથમ આવૃત્તિ

નકલ-૧૦૦૦

**મૂલ્ય : અમૂલ્ય**

**PRINTED BY : BHARAT GRAPHICS**
New Market, Panjrapole, Relief Road,
Ahmedabad-380 001.
Phone : 079-22134176, (M) 99250 20106
email : bharatgraphics1@gmail.com



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# લાભાર્થી



**શ્રી કિશોરભાઈ અને શ્રીમતી નિમિતાબેન શાહ**

આ દંપતિ મુમુક્ષુઓ ભારતમાં કચ્છના વતની છે અને ઈ.સ. ૧૯૮૭ થી અમેરિકામાં ન્યુજર્સીમાં સ્થાયી થયા છે. વ્યવસાયે શ્રી કિશોરભાઈ મીકેનીકલ એન્જીનીયર છે અને નિમિતાબેન St. Marry Hospital, Passaic, NJ માં માઈક્રોબાયોલોજીસ્ટ તરીકે વર્ષોથી સેવા આપે છે.

આ દંપતિએ માતાપિતાના ધર્મવારસાને આગળ ધપાવ્યો છે. નાની ઉંમરમાં વાવેલા ધર્મસંસ્કારના બીજ હવે ફળ આપવા માટે તૈયાર થઈ ગયા છે. નિમિતાબેન ૧૯૯૪ થી આયંબિલ ઓળી અને પર્યુષણમાં અઠ્ઠાઈ તપની આરાધના કરે છે. પર્યુષણ પર્વમાં તેમણે ૧૧, ૧૬, ૨૧ ઉપવાસની તપશ્ચર્યા પણ કરી છે. જ્ઞાનપંચમીની આરાધના પૂર્ણ કરી છે. કિશોરભાઈએ પણ અઠ્ઠાઈ તપની આરાધના ઘણીવાર કરી છે.

હાલમાં બંને મુમુક્ષુઓ વીસસ્થાનક પદની આરાધના કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ સિદ્ધચક્રની નિયમિત આરાધના કરે છે.

આ દંપતિ આધ્યાત્મના માર્ગે આગળ વધી ધર્મની જ્યોતિ અખંડપણે ચાલુ રાખશે તેમાં કોઈ શક નથી. આપ બંનેએ કરેલી શ્રુતભક્તિની હું હાર્દિક અનુમોદના કરું છું.

- ચંદ્રકાન્ત મહેતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અંતરના ઉદ્‌ગારો

ધર્મસંસ્કારના બીજ લઈને અમે અમેરિકા આવ્યા ત્યારે પર્યુષણ જેવા પર્વમાં અમે ધાર્મિક ક્રિયા કરતા પરંતુ તે બધા અનુષ્ઠાનો યંત્રવત્ હતા. યંત્રવત્ થતી ક્રિયા તથા બોલાતા સૂત્રોનો અર્થ શું ? તે પ્રશ્ન મનમાં ખટકતો હતો.

થોડા વર્ષો વીત્યા અને અમારા સદ્‌ભાગ્યે શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતાએ, જૈનધર્મનો પાયાનો ગ્રંથ "તત્ત્વાર્થસૂત્ર"નો અભ્યાસ શરૂ કર્યો. જાણવાની જિજ્ઞાસા હતી એટલે અમે તેમના ક્લાસમાં જોડાયા. તત્ત્વ સમજાવવાની તેમની સરળ શૈલીથી અમે ઘણા પ્રભાવિત થયા. કોલેજમાં ચાલતા કોર્સની જેમ અમે હોમવર્ક કરતા અને ટેસ્ટ પણ લેતા. આ રીતે અમને ધર્મના ઊંડાણમાં જવાની સુંદર તક મળી. ક્રિયા સાથે ભાવ ભળતા ધાર્મિક અનુષ્ઠાનોમાં અનેરો આનંદ આવવા લાગ્યો.

લગભગ સાતેક વર્ષ પહેલા શ્રી સિદ્ધચક્ર આરાધનાના અને તેના રહસ્યો વિષય ઉપર તેમની શિબિરમાં જવાનો લાભ મળ્યો. ત્યાર પછી અમે નિયમિત સિદ્ધચક્ર યંત્રની આરાધના શરૂ કરી. શ્રી ચંદ્રકાન્તભાઈએ અમેરિકા, સિંગાપુર, એન્ટવર્પ, બંગકોક, મલેશિયા અને જાપાન વગેરે દેશોમાં સિદ્ધચક્ર આરાધના કરાવી છે. તેઓ દસેક વર્ષથી નિયમિત આરાધના કરે છે.

ઘણા જિજ્ઞાસુઓ લાભ લઈ શકે તે હેતુથી આ વિષય ઉપર એક પુસ્તક લખવા અમે વિનંતી કરી. શ્રી સિદ્ધચક્ર શું છે ? તેની આરાધના શા માટે ? તેનાથી શું લાભ ? વગેરે પ્રશ્નોના ઉત્તર, સૂત્રોના શબ્દાર્થ અને ભાવાર્થ સહિત આ પુસ્તકમાં સુંદર રીતે ગુંથ્યા છે. વાચક વર્ગ સિદ્ધચક્રયંત્રની નિયમિત આરાધના દ્વારા કર્મનિર્જરા કરી પ્રચંડ પુણ્ય ઉપાર્જન કરે અને મોક્ષમાર્ગે આગળ વધે એ જ મંગલમય અભિલાષા.

**- કિશોર અને નિમિતાના જય જિનેન્દ્ર**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

તીર્થંકર ભગવંતની દેશનાનો આધાર લઈ ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી. દ્વાદશાંગીનું બારમુ અંગ "દૃષ્ટિવાદ" છે. જેમાં ચૌદ પૂર્વો સમાયેલા છે. દશમા પૂર્વનું નામ છે "વિદ્યાનુવાદ". પરમ પૂજ્ય આચાર્ય શ્રી રત્નશેખરસૂરિજીએ "સિરિસિરિવાલકહા" નામનો ગ્રંથ બનાવ્યો. આ ગ્રંથમાં તેઓ લખે છે કે,

"એયં ચ સિદ્ધચક્કં કહિયં વિજ્જાણુવાય પરમત્થં"

અર્થાત્ આ સિદ્ધચક્રને વિદ્યાનુવાદ નામના પૂર્વનો પરમાર્થ કહ્યો છે. અપેક્ષાએ કહી શકાય કે સિદ્ધચક્રયંત્ર અનાદિનું છે. લગભગ ૨૦૦૦ વર્ષો પૂર્વે થયેલા લબ્ધિધારી શ્રી વજ્રસ્વામીએ સિદ્ધચક્રની આરાધના અંગે પૂર્વકાલીન ગ્રંથોમાં ઘણો પ્રકાશ પાથર્યો છે.

જિનશાસનના કેન્દ્રમાં સિદ્ધચક્ર છે. સિદ્ધચક્રના કેન્દ્રમાં નવપદ છે અને નવપદના કેન્દ્રમાં અરિહંત છે. ચૈત્ર અને આસો મહિનામાં શાશ્વતી ઓળીની આરાધના થાય છે. દર વર્ષે થતી છ અઠ્ઠાઈઓમાં ચૈત્ર અને આસો મહિનામાં થતી આયંબિલની ઓળી શાશ્વતી અઠ્ઠાઈ કહેવાય છે. હજારોની સંખ્યામાં જૈનો નવ દિવસ આ શાશ્વતી ઓળીમાં આયંબિલની તપશ્ચર્યા કરે છે. જેમાં મુખ્યત્વે નવપદજીની આરાધના થાય છે. શ્રી સિદ્ધચક્રજીના કેન્દ્રમાં રહેલા નવપદજીની આરાધના પણ અપેક્ષાએ સિદ્ધચક્રજીની આરાધના કહી શકાય. શ્રીપાળ મયણાએ સિદ્ધચક્રની આરાધના કરી અને નવ ભવમાં મોક્ષ નિશ્ચિત કરી દીધો. અનેક આત્માઓ સિદ્ધચક્રની સાધના કરી સિદ્ધિ પદ પામ્યા છે.

શ્રી સિદ્ધચક્રજીની નિયમિત આરાધના કરવી જોઈએ. સિદ્ધચક્રની આરાધના બે રીતે થઈ શકે છે. એક રીત છે સામુહિક મહાપૂજન, જે દેરાસરમાં અથવા પવિત્ર સ્થળે વિધિકારક દ્વારા થાય છે અને બીજો પ્રકાર છે વ્યક્તિગત લઘુપૂજન જે ઘેર રહીને કરી શકાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસિદ્ધ વિધિકારક શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને તેમના સુપુત્ર કૈવને અમેરિકામાં ઘણા સ્થળે લઘુસિદ્ધચક્રની આરાધના કરાવી તેમની પાસેથી પ્રેરણા મેળવીને મેં પણ લઘુસિદ્ધચક્રની આરાધના શરૂ કરી. શ્રી નરેન્દ્રભાઈનો હું ઘણો આભાર માનું છું. શાસનદેવની કૃપાથી છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત સિદ્ધચક્ર આરાધના થાય છે.

શ્રી સિદ્ધચક્ર આરાધનામાં ઉચ્ચારાતા મંત્રો અને દુહાઓ સમજાવવા માટે મારા વિદ્યાગુરુ પંડિતવર્ય પૂજ્ય ધીરજભાઈ મહેતા (પંડિતજી)નો આભાર અને ઉપકાર માનું તેટલો ઓછો છે. તેમનો હું ઋણી છું.

પ્રત્યેક મંત્રોના ભાવાર્થ અને રહસ્યો જાણવા ઘણું સંશોધન કર્યું. મંત્ર શાસ્ત્ર વિષય ઉપર શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશીના પુસ્તકો વાંચ્યા. ઘણા સંશોધન અને મનોમંથન પછી "શ્રી સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યો" તે વિષય પર અમેરિકા, સિંગાપુર, બેંગકોક, જાપાન, એન્ટવર્પ વગેરે દેશોમાં સ્વાધ્યાય શિબિરો અથવા લઘુ સિદ્ધચક્ર આરાધના કરાવવાના ઘણા અવસરો પ્રાપ્ત થયા. સ્વાધ્યાયમાં આવતા ભાઈ-બહેનોના મનમાં ઉઠતા પ્રશ્નોનું સમાધાન કરતા મને આ વિષય પર એક પુસ્તક લખવાની પ્રેરણા મળી. શ્રી કિશોરભાઈ અને નિમિતાબેને પુસ્તક પ્રકાશનની સંપૂર્ણ જવાબદારી ઉત્સાહપૂર્વક સ્વીકારી.

આ પુસ્તક લખવા પાછળ મુખ્ય હેતુ એ છે કે કોઈપણ આરાધક, પૂજનમાં ઉચ્ચારાતા મંત્રો વિષે અલ્પ જાણતા હોય અથવા કંઈપણ ન જાણતા હોય તો પણ પુસ્તક વાંચી નિયમિત સિદ્ધચક્રની આરાધના કરી શકે છે.

આત્મસાધનામાં અને શાસનના કાર્યોમાં અત્યંત પ્રવૃત્ત હોવા છતાં આ પુસ્તકનું મેટર વાંચી આપીને કેટલાક મહત્વના સૂચનો જેમના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરફથી મળ્યા છે તેવા વ્યાકરણાચાર્ય આચાર્યશ્રી પૂજ્ય સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.નો હું અત્યંત આભાર માનું છું. મારા પરમ મિત્ર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ પાસેથી મને લખવાની પ્રેરણા મળતી રહે છે. આ પુસ્તકનું લખાણ જીણવટભરી દષ્ટિએ જોઈ "આરાધનાની ફળશ્રુતિ" લખવા બદલ ડૉ. કુમારપાળભાઈનો હું આભારી છું.

તીર્થોદ્ધારક, પ્રવચનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મહારાજને) પૂર્વે આ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના વ્યક્ત કરેલ ત્યારે પૂ. ગુરુદેવે આનંદ વ્યક્ત કરી અંતરના આશિષ પાઠવેલ તે જ રીતે તિત્થલમાં શાંતિનિકેતન આશ્રમના સ્થાપક પૂ. બંધુત્રિપુટી શ્રી જિનચંદ્રવિજયજી મ.સા.ના આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે. તે માટે હું તેઓશ્રીનો ખૂબ ખૂબ આભારી છું.

આ પુસ્તકનું સુંદર ટાઈપ સેટીંગ તથા છાપકામ કરવા બદલ ભરત ગ્રાફીક્સનો હું આભાર માનું છું.

આ પુસ્તકમાં છદ્મસ્થતાથી અનુપયોગદશાથી કે ક્ષયોપશમથી મંદતાથી જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાઈ ગયું હોય તો ક્ષમાયાચના કરું છું, ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્. કંઈપણ ક્ષતિ હોય તો મને જણાવવા વિનંતી કરું છું.

જિજ્ઞાસુ આત્માઓ શ્રી સિદ્ધચક્ર આરાધનાના રહસ્યો આજે અને નિયમિત આરાધના ચાલુ રાખી આત્મકલ્યાણ સાધે એ જ અભિલાષા.

**- ચંદ્રકાન્ત મહેતા**

**તા. જાન્યુઆરી ૨૫, ૨૦૧૨**

5, Lucille Drive, Parsippany
New Jersey 07054, USA
Ph. : 973-316-5959

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધગિરિમંડન શ્રી આદિનાથાય નમઃ ।
શાસનસમ્રાટ્ શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-ચંદ્રોદય-અશોકચંદ્રસૂરિભ્યો નમઃ ।

## આવકાર

પરમકૃપાવંત, અરિહંતપરમાત્માના શાસનમાં આજદિન સુધી જે આત્માઓ મોક્ષમાં ગયા, જે મોક્ષમાં જાય છે, અને જે મોક્ષમાં જશે તે બધા રત્નત્રયી-દેવ-ગુરુ-ધર્મનું આલંબન લઈને જ ગયા છે. સિદ્ધચક્ર (૯) અને વીશસ્થાનક (૨૦) તેનો જ વિસ્તાર છે.

જેના પાયા મજબૂત, તે સ્થિર રહે છે, જિનશાસનના ચાર પાયા પૂરા મજબૂત છે. (૧) મંત્રાધિરાજ-નમસ્કાર મહામંત્ર, (૨) તીર્થાધિરાજ-શત્રુંજયતીર્થ, (૩) પર્વાધિરાજ-પર્યુષણા મહાપર્વ અને યંત્રાધિરાજ-સિદ્ધચક્ર યંત્ર છે, તેથી પ્રભુનું શાસન શાશ્વત છે, જયવંતુ છે.

જગતમાં અને ભુવનાભુવનમાં રોજુંદી અનેક સમસ્યાઓ ઊભી થાય છે, તેના સમાધાન માટે વિવિધ યંત્રો ગતિમાન થતા હોય છે. છતાં તે યંત્રો સિદ્ધ-સફળ થાય કે નહિ તે ચોક્કસ નથી. પરંતુ આ સિદ્ધચક્રની સાધના તો અવશ્ય કાર્ય સિદ્ધ કરે જ છે. શ્રીપાલ મહારાજા-મયણાસુંદરી તેના પુરાવા છે. આ ચક્રની પ્રરૂપણા કરનાર અરિહંતપરમાત્મા છે, શાસનના મૂળમાં પણ તેઓ જ છે છતાં 'અરિહંતચક્ર' નામને સ્થાને 'સિદ્ધચક્ર' નામ, તેમનું ધ્યેય સિદ્ધ થવાનું છે, તેમના ઉપદેશનો વિષય સિદ્ધિ પમાડવાનો જ છે, યંત્રના મધ્યમાં અરિહંત પદ હોવા છતાં તેમની ઉપર 'સિદ્ધપદ' મૂક્યામાં આવ્યું છે. આવા અનેક કારણોસર યંત્રની ઓળખ 'સિદ્ધચક્રયંત્ર' તરીકે થાય છે.

આવા મહાપ્રભાવિક શ્રીસિદ્ધચક્રયંત્રના રહસ્યોને કંઈક પ્રગટ કરવા-જાણવા માટે શ્રાવકરત્ન શ્રીચંદ્રકાંતભાઈએ આ પુસ્તકમાં પૂરો પ્રયાસ કર્યો છે. સાથે સાથે સિદ્ધચક્રપૂજનની સંક્ષિપ્ત વિધિ, નવપદની સ્તુતિઓના ભાવાર્થ પણ કર્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે લોકોને વિશેષ ઉપયોગી થશે, આવકાર્ય બનશે.

અમેરીકા વગેરે વિદેશના પાશ્ચાત્ય દેશોમાં ચંદ્રકાંતભાઈ જે રીતે ધર્મનો પ્રચાર-પ્રસાર કરી જૈનત્વના સંસ્કારો આપી રહ્યા છે અને પોતાનું નામ રોશન કરી રહ્યા છે, તેમાં આ પુસ્તક વધારે ઉમેરો કરશે.

અમે તો આ પુસ્તકના પ્રકાશનને આવકારવા સાથે અંતરથી એવી આશા રાખીએ કે તેઓ પોતાની આંતરિક શક્તિનો ઉપયોગ કરી ભવિષ્યમાં સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, પર્યુષણાપર્વ વગેરે ઉપર પ્રકાશ પાથરે તેવા પુસ્તકો તૈયાર કરે, જેથી જિજ્ઞાસુઓને નવું નવું જાણવા મળશે, વિશેષ લાભ થશે.

વિ.સં.૨૦૬૮, માગ.વદ.૬, — 'અશોક દાદા' ચરણકિંકર

તા.૧૩/૧૨/૦૧૨-સોમવાર — સોમચંદ્ર વિ.

બોરસદ.

# નવપદ યુક્ત શ્રી સિદ્ધચક્ર

"નવપદાત્મક" સિદ્ધચક્ર એ સાધનાનું અપૂર્વ કેન્દ્રસ્થાન છે. જેમાં દેવ-ગુરુ અને ધર્મ એમ ઉપકારી ત્રણે તત્ત્વોનું મિલન છે. અરિહંત અને સિદ્ધ આ બે પદો દેવસ્વરૂપ છે, મોહ અને અજ્ઞાન દશાને જિતી છે માટે, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ આ ત્રણ પદો ગુરુપદમાં છે. કારણ કે તે ત્રણે પદમાં વર્તતા મહાત્માઓ રાગાદિ કષાયોનો વિજય કરે છે. તેઓએ સંપૂર્ણપણે રાગાદિનો વિજય કર્યો છે એટલે સાધકદશામાં છે તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ આ ચારે પદો આત્માના ગુણો હોવાથી ધર્મસ્વરૂપ છે. આ પ્રમાણે દેવ-ગુરુ અને ધર્મ સ્વરૂપે રહેલાં નવે તત્ત્વો (એટલે કે સિદ્ધચક્ર) એ એક મહાયંત્ર છે.

જેમ યંત્ર એટલે મશીન અથવા ઘાણી (ઘાણીમાં નંખાયેલી વસ્તુ પીલાઈ જાય છે) તેમ આ નવપદના યંત્રની સાધનામાં કર્મો પીલાઈ જાય છે. શ્રીપાળ મહારાજા અને મયણાસુંદરીએ આ નવપદાત્મક સિદ્ધચક્રની સારી સાધના કરેલી. જેથી જ્યાં જ્યાં તકલીફો આવી ત્યાં ત્યાં આ સાધનાના પ્રતાપે તે તે કર્મ બળી જવાના કારણે આપત્તિમાંથી બહાર આવ્યા. આ સિદ્ધચક્રમાં સિદ્ધ પરમાત્મા સંસાર તરેલા છે. અરિહંત પરમાત્મા સંસાર તરવાના માર્ગના ઉપદેશક છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણ પદે બીરાજમાન મહાત્માઓ પોતે સ્વયં આ માર્ગ આચરતા છતા ઉપદેશક છે. અંતિમ ચારે પદો આત્માને મેળવવા લાયક ધર્મસ્વરૂપ છે. આ રીતે નવે પદો આપણા આત્માને તરવાનો માર્ગ જણાવનાર છે. જે મહાત્માઓએ આ સિદ્ધચક્રનું આરાધન કરવા રૂપ આલંબન લીધું છે તે સંસાર સાગર તર્યા જ છે. તેથી તેની આરાધના વિધિ જાણવી અને આચરવી અત્યન્ત જરૂરી અને આવશ્યક છે. પુસ્તકના આલંબન વિના આ વિધિ જાણી શકાતી નથી કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આચરી શકાતી નથી. તેથી શ્રી સિદ્ધચક્રની આરાધનાની વિધિ માટે એક સારા પુસ્તકની જરૂર હતી.

અમેરિકામાં રહેતા અને પ્રતિદિન સિદ્ધચક્રનું પૂજન કરતા સિદ્ધચક્રના નિત્ય આરાધક એવા **શ્રી ચંદ્રકાન્તભાઈ**એ પોતાના અનુભવ પ્રમાણે શાસ્ત્રાનુસારી આ એક નાનકડુ પુસ્તક તૈયાર કર્યું છે જે અતિશય આનંદનો વિષય છે. ઘણા ઘણા ગ્રન્થોનું દોહન કર્યા પછી બહોળા અનુભવ સાથે શ્રી ચંદ્રકાન્તભાઈએ શ્રી સિદ્ધચક્રની આરાધનાવિધિ અને રહસ્યોને સમજાવતું આ પુસ્તક તૈયાર કર્યું છે તે ઘણું જ સુંદર છે, ઉપયોગી છે અને દરેક જીવોને આરાધના કરવામાં સહાયક છે. માટે આ પુસ્તકમાં લખેલી વિધિપૂર્વક સિદ્ધચક્રની આરાધના થાય અને આરાધક વર્ગ આ માર્ગે આગળ વધે એવી આશા સાથે લેખકશ્રી આવું બીજું પણ તત્ત્વના રહસ્ય અંગેનું કોઈ સારું પુસ્તક તૈયાર કરે અને પ્રકાશિત કરે એવી આશા રાખીએ.

**શ્રી સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યોનું** આ પુસ્તક સકળ સંઘને વધારે સહાયક થાય એવી શુભ આશા સાથે...

**એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,**
**નવયુગ કોલેજ રોડ, રાંદેર રોડ,**
**સુરત. (ગુજરાત) ૩૮૯૦૦૪**

**એ જ લિ.**
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આરાધનાની ફળશ્રુતિ

ॐ ह्रीं स्फुटानाहतमूलमन्त्रं, स्वरैः परीतं परितोऽस्ति सृष्ट्या ।
यत्रार्हंमित्युज्ज्वलमाद्यबीजं, श्री सिद्धचक्रं तदहं नमामि ॥१॥
सिद्धादयो दिक्षु विदिक्षु सम्यग्-दृग्-ज्ञान-चारित्र-तपः पदानि ।
साद्यन्तबीजानि जयन्ति यत्र, श्री सिद्धिचक्रं तदहं नमामि ॥२॥

"જે 'ૐ હ્રીં' એવા પ્રગટ અનાહત મૂળમંત્રવાળું તથા સ્વરોથી અને સૃષ્ટિથી વીંટળાયેલું છે તેમજ જેમાં 'અર્હં' એવાં ઉજ્જવળ આદ્યબીજ છે, તેવાં સિદ્ધચક્રને હું નમન કરું છું. ॥૧॥"

"જેમાં ચારે દિશાઓમાં સિદ્ધાદિ તથા વિદિશાઓમાં આદિ અને અંતિમ બીજ સહિત સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ પદો જય પામે છે તેવા શ્રી સિદ્ધચક્રને હું નમન કરું છું. ॥૨॥"

શ્રી સિદ્ધચક્રના મહિમાની ઓળખ કઈ રીતે આપી શકાય ? શ્રી સિદ્ધચક્રના પ્રભાવની પગદંડીએ કઈ રીતે ચાલી શકાય ? કે પછી શ્રી સિદ્ધચક્રની આરાધનાથી સાધકના આંતરજગતમાં સદાકાળ ટકનારું અજવાળું પ્રકાશિત થાય છે તેની વાત કઈ રીતે કરી શકાય ? આ પ્રશ્નોનો જવાબ આપવો અતિ કઠિન છે. માત્ર આપણે ત્રણ શબ્દોથી શ્રી સિદ્ધચક્રની મહત્તાનો થોડોક સ્પર્શ પામી શકીએ. આ ત્રણ શબ્દો છે **અનાદિ, અપૂર્વ અને અલૌકિક.**

**અનાદિ** એટલા માટે કે શ્રી સિદ્ધચક્ર વિશે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત 'યોગશાસ્ત્ર'ના આઠમા પ્રકાશમાંથી મળતો એક શ્લોક એની પ્રાચીનતાનો પુરાવો આપે છે. આ શ્લોકમાં કહ્યું છે કે,

"'વિદ્યાનુવાદ' (નામના પૂર્વ)થી સંવેગત રીતે ઉદ્ધરણ કરીને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વજસ્વામી વગેરે વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા સ્પષ્ટરૂપે પ્રમાણિત મોક્ષલક્ષ્મીનું બીજ અને જન્મરૂપી દાવાનળથી બળેલા (જીવો) માટે પ્રશાંતકારી નૂતન મેઘ સમાન શ્રી સિદ્ધચક્રને ગુરુના ઉદ્દેશથી જાણીને તેનું ચિંતન-મનન કરવું જોઈએ.''

આનો અર્થ એ થયો કે શ્રી સિદ્ધ અત્યંત પ્રાચીન છે અને એમ પણ સંભવિત છે કે એનું અસ્તિત્વ ગણધરોની પૂર્વે પણ હોય. શ્રી સિદ્ધચક્ર અંગે કેટલાંક અવતરણો અને ઉદ્ધરણો શ્રી વજસ્વામી અને તેમના સમકાલીન શ્રુતસ્થવિરો પાસે આવ્યા અને એમણે જોઈ-તપાસી તેમજ વ્યવસ્થિત કરીને આલેખ્યા અને શ્રી સિદ્ધચક્રની આરાધના ફરી થળા લાગી. શ્રી સિદ્ધચક્રનું આને પ્રથમ સંસ્કરણ કહી શકીએ. આ રીતે જમાને જમાને શ્રી સિદ્ધચક્રની આરાધના થતી રહી.

વિ.સં. ૧૪૨૮ માં આચાર્ય શ્રી રત્નશેખરસૂરિજીએ રચેલા 'સિરિસિરિવાલકહા' નામના પ્રાકૃત ગ્રંથમાં એની પ્રથમ રચના હાલ ઉપલબ્ધ છે.

શ્રી સિદ્ધચક્રની મહત્તાને કારણે જ એનો શ્રી સિદ્ધચક્રજી, શ્રી સિદ્ધચક્ર ભગવાન કે શ્રી સિદ્ધચક્ર મહારાજ તરીકે એનો એમ પતિ આદરપૂર્વક ઉલ્લેખ કરવામાં આવે છે.

શ્રી સિદ્ધચક્રની બીજી મહત્ત્વની બાબત એ એની **અપૂર્વતા.** અપૂર્વ એ માટે કે એ અનાદિકાલીન હોવાથી હજારો વર્ષથી એની અખંડ અને અવિરતપણે ઉપાસના ચાલે છે. પ્રત્યેક સમયે અનેક આરાધકોના હૃદયમાં અને જીવનમાં એની ઉપાસના પ્રતિષ્ઠિત થયેલી છે. એની બીજી વિશેષતા એ કે એની વ્યક્તિગત અને સામુદાયિક - એમ બંને રીતે આરાધના થઈ શકે છે. સાધક એકલો એની આરાધના કરે અને સહુની સાથે મળીને ધર્મરંગે આરાધના કરે એવું પણ થાય. આ શ્રી સિદ્ધચક્રની ચૈતન્યસ્પર્શતાની સર્વવ્યાપકતા અને સમૂહશક્તિની સૂચક બાબત ગણાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સામાન્ય રીતે કોઈ મંત્ર કે ચક્રની આરાધના માટે એક દિવસ ફાળવવામાં આવે છે, પરંતુ શ્રી સિદ્ધચક્રની આરાધના માટે વર્ષમાં બે પ્રસંગો આવે છે. વળી તે પણ માત્ર એક દિવસનો ધર્મપ્રસંગ નહીં, બલ્કે નવ-નવ દિવસની આરાધના હોય છે. ચૈત્ર સુદ અને આસો સુદમાં આવતી આયંબિલની ઓળી સમયે શ્રી સિદ્ધચક્રના પૂજાપાઠ કે સ્તુતિભક્તિથી જિનમંદિરો ગૂંજી ઉઠે છે. આ એક એવો અપૂર્વ મંત્ર છે કે જેની આસપાસ દિવસોના દિવસો સુધી ધર્મભાવનાથી સભર વાતાવરણ છવાયેલું રહે છે. ઉપાશ્રયોમાં શ્રી સિદ્ધચક્ર-નવપદજીનું સ્વરૂપ, એનું માહાત્મ્ય, એનો પ્રભાવ અને એની આરાધનાવિધિનાં વ્યાખ્યાનો અને એને આનુષંગિક ક્રિયાકલાપો થાય છે.

વિશેષ મહત્ત્વની બાબત તો એ છે કે શ્રીપાલ અને મયણાના ભવ્ય અને પ્રેરક ચરિત્રને નવ-નવ દિવસ સુધી સુંદર રીતે સમજાવવામાં આવે છે. કોઈ એક પર્વમાં આટલા બધા દિવસ સુધી એક જ ચરિત્રનું વાચન થતું હોય તેવું ભાગ્યે જ બનતું હશે. એથીય વિશેષ એના વાચનથી ધાર્મિકજનોના હૃદયમાં નવીન પ્રકાશ પ્રગટતો હોય છે. દુર્જન ધવલ શેઠની દુર્જનતા પ્રત્યે ક્ષમા દાખવનારા રાજા શ્રીપાલે તો એમ માન્યું કે ધવલ શેઠના મૃત્યુથી તો મારા પર પરમ ઉપકાર કરનારા ચાલ્યા ગયા. ક્ષમાના વિરાટ આકાશનો અને જૈનદર્શનની ક્ષમાની ભવ્યતાનો કેવો જીવંત અને હૃદયસ્પર્શી પરિચય. જ્યારે મયણા સુંદરીનું ચરિત્ર એ પ્રત્યેક શ્રાવિકાને માટે દીવાદાંડીરૂપ બની રહે છે. જેણે પિતાના ક્રોધથી ડર્યા વિના નિર્ભયતાથી પરમાત્માના સિદ્ધાંતો પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પ્રગટ કરી અને પોતાના પતિ શ્રીપાલને ધર્મ પમાડ્યો. એક શ્રી સિદ્ધચક્રના કેટલાં બધા અજવાળાં. એની સાથે આયંબિલની ઓળીનું તપ પણ જોડાયું.

મંત્રમાં અક્ષરો અને યંત્રમાં આકૃતિ મહત્ત્વના હોય છે. કેટલાક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આરાધકોના કહેવા પ્રમાણે યંત્રનું અવલંબન લેવાથી હેતુસિદ્ધિ ઘણી ઝડપી થાય છે. આવા સિદ્ધચક્રનું અવલંબન લઈને ધ્યાન ધરતા અસંખ્ય આત્માઓ સિદ્ધ-બુદ્ધ-નિષ્ઠિતાર્થ બનીને પરમપદે પ્રતિષ્ઠિત થયેલા છે.

શ્રી સિદ્ધચક્રની રચનાને અનુસરીને એનું નામ 'નવપદજી' રાખવામાં આવ્યું અને એના પ્રભાવને અનુસરીને એનું નામ 'સિદ્ધચક્ર' રાખવામાં આવ્યું. આ સિદ્ધચક્રના યંત્રની પાછળ એક આગવું વિજ્ઞાન રહેલું છે, પણ તે એક જુદો જ વિષય બને.

શ્રી સિદ્ધચક્ર એ **અલૌકિક** ભાવોથી યુક્ત પ્રાચીન યંત્રરાજ છે. એમાં સિદ્ધ મંત્રપદો આવેલાં છે. જૈન ધર્મનાં સારભૂત એવાં નવ પદો વ્યવસ્થિત થયેલાં છે. એની અલૌકિકતાનો વિચાર કરીએ, ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યનું સ્મરણ થાય છે. એમણે એમના સંસ્કૃત 'દ્વયાશ્રય મહાકાવ્ય'નું મંગલાચરણ કરતાં કહ્યું,

'अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः ।

सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणिदध्महे ॥'

'અર્હ એવો જે અક્ષર છે, તે બ્રહ્મસ્વરૂપ છે, પરમેષ્ઠીનો વાચક છે અને શ્રી સિદ્ધચક્રનું સુંદર બીજ છે, તેનું અમે સર્વ પ્રકારે ધ્યાન ધરીએ છીએ.'

આવા શ્રી સિદ્ધચક્રને 'જન્મરૂપી દાવાનળને પ્રશાંત કરનારા નવા મેઘ સમાન' કહેવામાં આવ્યો છે અને એ રીતે 'શ્રી સિદ્ધચક્ર-આરાધનાફલ ચતુર્વિંશતિકા' માં કહ્યું છે,

'શ્રી સિદ્ધચક્રની આરાધનામાં તત્પર એવા ભક્તિયુક્ત આત્માઓ જે જે વસ્તુની ઈચ્છા કરે છે, તે તેમને પ્રાપ્ત થાય છે' (શ્લોક-૧૦) અને એ જ રીતે 'શ્રીપાળ રાજાના રાસ'માં શ્રી સિદ્ધચક્ર આરાધનાના પ્રભાવે રોગ, દુર્ભાગ્ય અને દુઃખ વિખરાઈ જાય છે એમ વર્ણવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનો મર્મ એ કે સિદ્ધચક્રથી મળતી સિદ્ધિઓમાં પ્રથમ ભૂમિકાએ વ્યક્તિને પોતાના વ્યવહારસિદ્ધિ, કાર્યસિદ્ધિ અને જીવનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. એથી ઊંચી બીજી ભૂમિકાએ ગયેલા સાધકને વિદ્યાસિદ્ધ, મંત્રિસિદ્ધિ અને યોગસિદ્ધિ સાંપડે છે અને એનાથી પણ ઊર્ધ્વ ભૂમિકાએ ગયેલા મુમુક્ષુને ત્રીજી સિદ્ધિ એટલે કે મુક્તિ, મોક્ષ કે નિર્વાણ પ્રાપ્ત થાય છે. આરાધકને એની આરાધના પ્રમાણે ઈષ્ટ ફળ મળે છે તે ખરું, પરંતુ એનું લક્ષ તો મુક્તિ ભણી હોવું જોઈએ.

આવા અનાદિ, અપૂર્વ અને અલૌકિક સિદ્ધચક્રની પ્રતિદિન નિયમિત રૂપે આરાધના કરતા જૈનધર્મના વિદ્વાન અને ઉત્તમ આરાધક એવા શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતાએ **'શ્રી સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યો'** પુસ્તકમાં સિદ્ધચક્રની પ્રાચીનતા અને એના મહિમાને દર્શાવ્યો છે. મંત્રની આરાધનાનો માર્ગ સૂચવવાની સાથોસાથ એમણે એ આરાધનાના પ્રત્યેક શ્લોકનો શબ્દાર્થ આપ્યો છે અને પછી અત્યંત ઉપયોગી એવી સમજૂતી આપી છે. પરિણામે આ પુસ્તક શ્રી સિદ્ધચક્રની આરાધના કરનારને માટે માર્ગદર્શક બની રહેશે.

અમેરિકામાં વસતા શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતાએ વિશ્વના જુદા જુદા દેશોમાં જૈન ધર્મ વિશે પ્રવચનો આપ્યાં છે, એટલું જ નહીં પણ અમેરિકામાં ન્યૂજર્સીના એમનાં નિયમિતરૂપે યોજાતાં વ્યાખ્યાનોએ એ વિસ્તારના ધાર્મિક વાતાવરણને સદૈવ ધબકતું રાખ્યું છે. ન્યૂજર્સીના જૈન સેન્ટર દ્વારા તૈયાર થતા ભવ્ય જિનાલયમાં પણ એમણે યશસ્વી યોગદાન આપ્યું છે. આથી આ ગ્રંથની રચનાના પ્રત્યેક અક્ષર એમના ભાવનાશાળી, આરાધનામય અંતરમાંથી પ્રગટેલા છે અને એ જ સહુ સાધક અને આરાધકને માટે મૂલ્યવાન મૂડી બની રહેશે.

**પદ્મશ્રી ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ભૂમિકા | ૧ |
| મંત્રનું મહત્ત્વ | ૪ |
| યંત્રનું મહત્ત્વ | ૫ |
| **વિભાગ-૧ : આરાધના વિધિ** | |
| આત્મરક્ષા મંત્ર | ૧૧ |
| ભુમિ શુદ્ધિ | ૧૩ |
| મંત્રસ્નાન | ૧૩ |
| કલ્મષ દહન | ૧૪ |
| હૃદય શુદ્ધિ | ૧૪ |
| સકલીકરણ | ૧૪ |
| ક્ષેત્રપાલ પૂજન | ૧૪ |
| શ્રી સિદ્ધચક્ર સ્તોત્ર | ૧૫ |
| અધિષ્ઠાયક દેવોને આહ્વાન | ૧૬ |
| નવપદ પૂજન | ૧૯ |
| શ્રી સિદ્ધચક્રના વલયોનું પૂજન | ૨૪ |
| ભૂતબલિ | ૨૫ |
| ક્ષમાયાચના | ૨૬ |
| વિસર્જનમ્ | ૨૬ |
| **વિભાગ-૨ : સૂત્રોનો શબ્દાર્થ-ભાવર્થ** | |
| નમસ્કાર મહામંત્ર | ૨૭ |
| આત્મરક્ષા મંત્રનો શબ્દાર્થ | ૨૮ |
| આત્મરક્ષા મંત્રનો ભાવાર્થ | ૩૦ |
| વિનય કહે કર જોડ | ૩૪ |
| સિદ્ધચક્રનો પ્રભાવ | ૩૬ |
| પંચપરમેષ્ઠિ સૂત્ર | ૩૭ |
| નવપદને નમસ્કાર | ૩૯ |
| તુભ્યં નમઃ | ૪૦ |
| ચત્તારિ મંગલમ્ | ૪૧ |
| ભૂમિ શુદ્ધિકરણ | ૪૨ |
| મંત્રસ્નાન | ૪૨ |
| કલ્મષ દહન | ૪૩ |
| હૃદયશુદ્ધિ | ૪૪ |
| સકલિકરણ | ૪૪ |
| ક્ષેત્રપાલ પૂજન | ૪૫ |
| સિદ્ધચક્ર સ્તોત્ર | |
| ગાથા-૧ | ૪૬ |
| ગાથા-૨ | ૪૭ |
| ગાથા-૩ | ૪૮ |
| ગાથા-૪ | ૪૯ |
| ગાથા-૫ | ૬૧ |
| ગાથા-૬ | ૬૬ |
| ગાથા-૭ | ૬૮ |
| ગાથા-૮ | ૭૧ |
| ગાથા-૯ | ૭૨ |
| શ્રી સિદ્ધચક્રના વલયોની સમજણ | ૭૩ |
| અધિષ્ઠાયક દેવોને આહ્વાન | ૮૫ |
| નવપદના દુહા | ૯૧ |
| ભૂતબલિ | ૧૦૨ |
| ક્ષમાયાચના | ૧૦૪ |
| વિસર્જનમ્ | ૧૦૫ |
| અરિહંત વંદના | ૧૦૬ |
| સિદ્ધ વંદના | ૧૦૭ |
| આચાર્ય વંદના | ૧૦૯ |
| ઉપાધ્યાય વંદના | ૧૧૧ |
| સાધુ વંદના | ૧૧૨ |
| સમ્યગ્દર્શન વંદના | ૧૧૪ |
| સમ્યગ્જ્ઞાન વંદના | ૧૧૫ |
| સમ્યગ્ચારિત્ર વંદના | ૧૧૭ |
| સમ્યગ્તપ વંદના | ૧૧૯ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સિદ્ધચક્ર આરાધના અને તેના રહસ્યો

## ભૂમિકા

શ્રી સિદ્ધચક્ર યંત્ર સર્વશ્રેષ્ઠ યંત્ર છે. આ યંત્રમાં અદ્‌ભૂત રહસ્યો ભરેલા છે. આ યંત્રની આરાધના કરતાં પહેલાં તેની ભૂમિકા સમજવી જરૂરી છે. આ પુસ્તકમાં શરૂઆતમાં શ્રી સિદ્ધચક્ર વિશે થોડીક સમજણ આપવા પ્રયાસ કર્યો છે.

શ્રી સિદ્ધચક્રનો ઉલ્લેખ વિદ્યાનુવાદ નામના દશમા પૂર્વમાં આવે છે. આચાર્ય ભગવંતશ્રી રત્નશેખરસૂરિજીએ **સિરિસિરિવાલકહા** નામના ગ્રંથમાં કહ્યું છે કે **"એયં ચ સિદ્ધચક્કં કહિયં વિજ્જાણુવાય પરમત્થં"** અર્થાત્ આ સિદ્ધચક્રને વિદ્યાનુવાદ પૂર્વનો પરમાર્થ કહેલો છે. કાલાંતરે ચૌદ પૂર્વોનો વિચ્છેદ થયો, એટલે કે નાશ પામ્યા પરંતુ લબ્ધિધર શ્રી વજ્રસ્વામીએ તેમાંના કેટલાંક અવતરણો પ્રમાણિત કર્યા અને તેના આધારે શ્રી સિદ્ધચક્રની આરાધના થવા લાગી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં આ વાત જણાવી છે.

સિદ્ધચક્રના ઘણા અર્થ થઈ શકે છે.

- સિદ્ધ એટલે પવિત્ર અને ચક્ર એટલે ગોળાકાર યંત્ર અર્થાત્ શ્રી સિદ્ધચક્ર એટલે પવિત્ર ગોળાકાર યંત્ર.
- સિદ્ધ એટલે અલૌકિક ભાવોથી યુક્ત અર્થાત્ જે ગોળાકાર યંત્ર અલૌકિક ભાવોથી યુક્ત છે, તે શ્રી સિદ્ધચક્ર.
- સિદ્ધ એટલે મહાપુરુષો વડે સિદ્ધ થયેલ અર્થાત્ જે ગોળાકાર યંત્ર મહાપુરુષો વડે સિદ્ધ થયેલ છે, તે શ્રી સિદ્ધચક્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- સિદ્ધ એટલે અવશ્ય ફળ આપે તે અર્થાત્ જે ગોળાકાર યંત્ર અવશ્ય ફળ આપે તે શ્રી સિદ્ધચક્ર.
- સિદ્ધ એટલે આગમસિદ્ધ એવા અરિહંતાદિ નવપદો, તેનું ચક્ર એટલે સમુદાય જેમાં વ્યવસ્થિત થયેલો છે તે શ્રી સિદ્ધચક્ર.

ઉપર જણાવેલા અર્થો ઉપરથી એમ કહી શકાય કે શ્રી સિદ્ધચક્ર એ પવિત્ર, અલૌકિક ભાવોથી યુક્ત, મહાપુરુષો વડે નિષ્પન્ન અને કદી નિષ્ફળ ન જાય એવો એક પ્રાચીન અદ્ભૂત યંત્રરાજ છે કે જેની અંદર સિદ્ધ મંત્રપદો રહેલા છે. જે યંત્રમાં જૈન ધર્મના સારભૂત નવપદો રહેલા છે અને જેનું આલંબન લેતાં અન્ય સિદ્ધિઓ તથા મોક્ષ પ્રાપ્ત થાય છે.

શ્રીપાલ રાજાના રાસમાં શ્રી સિદ્ધચક્રનો મહિમા આ પ્રમાણે વર્ણવેલો છે

**આરાધન ફલ એહનાં, ઈહ ભવે આણ અખંડ રે,**
**રાગ દોહગ દુઃખ ઉપશમે, જિમ ઘનપવન પ્રચંડ રે.**

આ સિદ્ધચક્રનું આરાધન ફળ એવું છે કે આ ભવમાં તેની અખંડ આણ વર્તે છે, એટલે કે કોઈ તેને લોપી શકતું નથી. વળી પ્રચંડ પવનથી જેમ વાદળો વિખરાઈ જાય છે, તેમ શ્રી સિદ્ધચક્રની આરાધનાથી રોગ, દુર્ભાગ્ય અને દુઃખ વિખરાઈ જાય છે, શમી જાય છે.

એક ગાથામાં લખ્યું છે કે :

**નિર્ધનિયાં ધન સંપજે, અપુત્ર પુત્રીયા હોય રે,**
**વિણ કેવલી સિદ્ધયંત્રનાં, ગુણ ન શકે કહિ હોય રે.**

નિર્ધનને ધન મળે છે અને પુત્ર વગરનાને પુત્ર મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે શ્રી સિદ્ધચક્રના અપાર ગુણો કેવલી ભગવંત સિવાય કોઈ તેને પૂરેપૂરા કહી શકે તેમ નથી.

શ્રી રત્નશેખરસૂરિજી **સિરિસિરિવાલકહા** નામના ગ્રંથમાં શ્રી સિદ્ધચક્રનો મહિમા વર્ણવતા લખે છે કે -

**તત્તો તિજયપસિદ્ધં અટ્ઠમહાસિદ્ધિદાયગં સુદ્ધં**
**સિરિ સિદ્ધચક્કમેયં આરાહહ પરમભત્તીએ.**

તેથી ત્રણ જગતમાં પ્રસિદ્ધ, **અષ્ટમહાસિદ્ધિને** દેનાર અને પરમ પવિત્ર એવા શ્રી સિદ્ધચક્રજીને પરમભક્તિથી આરાધો.

શ્રીપાલ રાજાના રાસમાં પણ પૂજ્ય વિનયવિજયજી મહારાજશ્રીએ કહ્યું છે કે,

ઉપર જણાવેલી અષ્ટસિદ્ધિ કઈ છે ?

(૧) **અણિમા** : અણુ જેવા નાના થઈ જવાની શક્તિ
(૨) **લઘિમા** : અત્યંત હલકા થઈ જવાની શક્તિ
(૩) **મહિમા** : પર્વત જેવા મોટા થઈ જવાની શક્તિ
(૪) **પ્રાપ્તિ** : દૂર રહેલા સર્વ પદાર્થોને સમીપ કરવાની શક્તિ
(૫) **પ્રાકામ્ય** : ઈચ્છાનો ભંગ ન થાય એવી શક્તિ
(૬) **વશિત્વ** : સહુને વશ કરવાની શક્તિ
(૭) **ઈશિત્વ** : સહુના ઉપર સત્તા ચલાવવાની શક્તિ
(૮) **યત્રકામાવસાયિત્વ** : બધા સંકલ્પો સત્ય કરવાની શક્તિ

યોગની ઘણી ઊંચી ભૂમિકાએ આ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે સિદ્ધિઓ શ્રી સિદ્ધચક્રના આરાધનથી સરળતાથી પ્રાપ્ત થાય છે.

હવે શ્રી સિદ્ધચક્રજીનું સ્વરૂપ વિચારીએ. આ સ્વરૂપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મંત્ર-યંત્રમય છે, તેથી મંત્રનું મહત્ત્વ અને યંત્રનું મહત્ત્વ સમજી લેવાની જરૂર છે.

## મંત્રનું મહત્ત્વ

મંત્ર કોને કહેવાય ? તે અંગે શાસ્ત્રોમાં જુદી જુદી વ્યાખ્યાઓ જોવામાં આવે છે, ખાસ કરીને -

- જે અક્ષર રચના, સૂત્ર, સિદ્ધાંત કે પાઠ વારંવાર મનન કરવા યોગ્ય હોય તે મંત્ર કહેવાય.
- જે અક્ષર રચનાનું વારંવાર મનન કરતાં વિવિધ પ્રકારના ભયોમાંથી કે કોઈ વિશિષ્ટ ભયથી રક્ષણ થાય તે મંત્ર કહેવાય.
- જે શબ્દો સદ્‌ગુરૂ વડે શિષ્યને ગુપ્ત રીતે અપાય તે મંત્ર કહેવાય.
- જે અક્ષર રચના દેવાધિષ્ઠિત હોય, તે મંત્ર કહેવાય.
- જેનો પાઠ કરતાં જ કાર્યસિદ્ધિ થાય, તે મંત્ર કહેવાય.

મંત્ર એ એક પ્રકારની અક્ષર રચના છે અને તેનું વારંવાર મનન કરતાં અદ્‌ભુત પરિણામો આવે છે, પરંતુ આ અક્ષર રચના ગમે તે મનુષ્યો કરી શકતા નથી. જૈન ધર્મના જે મુખ્ય મંત્રો છે, તે તીર્થંકર ભગવાન દ્વારા ઉપદેશાયેલા છે અને ગણધર ભગવંતો કે શ્રુતસ્થવિરો દ્વારા અક્ષરદેહ પામેલા છે, એટલે તે પરમ પવિત્ર અને સદા આરાધવા યોગ્ય છે.

મંત્રોમાં અમુક જ અક્ષર હોવા જોઈએ એવું નથી, પરંતુ આરાધનાની દૃષ્ટિએ ઓછા અક્ષરવાળા મંત્રો પસંદ કરવા યોગ્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે, કારણ કે તે થોડા સમયમાં વધારે ગણી શકાય છે અને તેની શુદ્ધિનું પ્રમાણ બરાબર જળવાઈ રહે છે.

મંત્રમાં જે અક્ષરબીજ-મંત્રબીજ સહિતનો હોય તે બીજાક્ષર કહેવાય છે. **ૐ હ્રીઁ ઐઁ ક્લીઁ** વગેરે બીજાક્ષરો કહેવાય છે; કારણ કે તેમાં મંત્રશક્તિ બીજરૂપે રહેલી છે. જેમ યોગ્ય હવા-પાણી-ખાતર મળતાં બીજમાંથી અંકુરા ફૂટે છે અને ધીમે ધીમે વૃક્ષ બને છે તેમ જપ, ધ્યાન વગેરે ક્રિયાઓથી મંત્રશક્તિનો વિસ્ફોટ થાય છે અને અદ્ભૂત પરિણામ જોવા મળે છે.

દરેક મંત્રમાં બીજાક્ષર હોય તે જરૂરી નથી. મહાપુરુષો સાદા અક્ષરોમાં પણ પોતાની શક્તિનો અંશ મૂકી તેને અતિ બળવાન બનાવી શકે છે.

મંત્ર આરાધનામાં અક્ષરશુદ્ધિ ઉપરાંત દેહશુદ્ધિ, મનશુદ્ધિ, સ્થાનશુદ્ધિ અને દ્રવ્યશુદ્ધિ જોઈએ. શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિ એ મંત્રસિદ્ધિના મૂળ પાયા છે. તેમાં કંઈ પણ ખામી આવે તો મંત્રસિદ્ધિ થતી નથી.

આ વિશ્વમાં દૈવી શક્તિઓ અનેક પ્રકારની છે અને તે અસાધારણ કે અદ્ભૂત કાર્યો કરી શકે છે. મંત્રના શુદ્ધિ અને વિધિપૂર્વક જપ તથા ધ્યાન વડે એ દૈવી શક્તિઓ સાથે અનુસંધાન કરી શકાય છે.

## યંત્રનું મહત્ત્વ

મંત્રોમાં અક્ષરોની મુખ્યતા છે, તેમ યંત્રમાં આકૃતિની મુખ્યતા છે. જેમ અક્ષરો ગમે તેમ મૂકી દેવાથી મંત્રની રચના થઈ શકતી નથી, તેમ આકૃતિ ગમે તેમ મૂકી દેવાથી યંત્રની રચના પણ થઈ શકતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યંત્રની આકૃતિ ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, ગોળ અને લંબગોળ હોય છે. વળી તે પંચકોણ, ષટ્કોણ, સપ્તકોણ અને અષ્ટકોણવાળી પણ હોય છે. યંત્રોમાં વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન કરવા અંકોની સ્થાપના થાય છે. દા.ત. ચોત્રીશો યંત્ર, પાંસઠિયો યંત્ર, સર્વતોભદ્ર યંત્ર. યંત્રમાં બીજાક્ષરો કોઈ ગૂઢ સંકેતરૂપે ત્યાં મૂકાયેલા હોય છે. યંત્રમાં મંત્રપદોની સ્થાપના કરવાથી તે મંત્રમય બને છે અને તેની આરાધના ધાર્યું ફળ આપે છે.

**મન્ત્રા યન્ત્રમયાઃ પ્રોક્તા**

મંત્રો યંત્રવાળા હોય છે, એટલે દરેક મંત્રને પોતાનો યંત્ર હોવો જોઈએ. નમસ્કાર યંત્ર અષ્ટ કમલદલનો હોય છે. તેની કર્ણિકામાં શ્રી અરિહંત પરમાત્માનું ચિત્ર મૂકાય છે, તેની ચાર દિશાઓમાં અનુક્રમે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ચિત્રો મૂકાય છે અને તેની વિદિશામાં ચૂલિકાનું એકેક પદ મૂકાય છે.

મંત્રની શક્તિને મંત્રદેવતા કહેવામાં આવે છે. તેમની પરમ ભક્તિ કરવાથી તેઓ પ્રસન્ન થાય છે અને ઇષ્ટફળ આપે છે, પરંતુ આ ભક્તિ યંત્ર વિના બરાબર થઈ શકતી નથી. ચોરસ, લંબચોરસ કરતાં ગોળ યંત્રો ધ્યાન માટે વધારે યોગ્ય છે, કારણ કે તેમાં કમળ વગેરેની કલ્પના સરળતાથી કરી શકાય છે, તેથી જ ધ્યાન માટેના યંત્રો પ્રાયઃ ગોળાકારે વધારે હોય છે.

શ્રી સિદ્ધચક્ર યંત્રના પ્રથમ વલયના મધ્યભાગને મધ્યપીઠ કહેવામાં આવે છે. તેની આસપાસ કમળની આઠ પાંખડીઓ હોવાથી તેને કર્ણિકા પણ કહેવામાં આવે છે. આ કર્ણિકાના કેન્દ્રમાં **અર્હં** મંત્રબીજની વિશિષ્ટ રીતે સ્થાપના કરેલી છે. જેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજમાં વૃક્ષ છૂપાયેલું છે, તેમ મંત્રબીજમાં મંત્રની સમસ્ત શક્તિ છૂપાયેલી છે.

જૈન ધર્મમાં મુખ્ય ઉપાસના અર્હત્‌ની છે. અર્હત્ એટલે અરિહંત ભગવંત, જિનેશ્વર દેવ અથવા તીર્થંકર પરમાત્મા.

કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યે સકલાર્હત સ્તોત્રમાં કહ્યું છે કે :

**નામાકૃતિ-દ્રવ્ય-ભાવૈઃ પુનતસ્ત્રિજગજ્જનમ્**
**ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્નર્હતઃ સમુપાસ્મહે**

જેઓ સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે ત્રણેય જગતના લોકોને પવિત્ર કરી રહેલ છે, તે અર્હતોની અમે ઉપાસના કરીએ છીએ. ભૂતકાળમાં અનંતા અર્હતો થઈ ગયા, વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં તેઓ સદેહે વિદ્યમાન છે અને ભવિષ્યકાળમાં અનંત અર્હતો થશે. આ બધા અર્હતોનું સૂચન અર્હં બીજ વડે થાય છે, એટલે તે અત્યંત પવિત્ર અને અદ્‌ભૂત સામર્થ્યવાળું મંત્રબીજ છે. **અર્હત્**ના **ત્** નો લોપ થઈને **અર્હં** એવું મંત્રબીજ બને છે.

અર્હં બીજની રચનામાં **અ, ર, હ** અને **બિંદુ** એ ચાર તત્ત્વો છે.

મંત્રશાસ્ત્રમાં માત્ર **"અ"** અક્ષરનો જપ તથા ધ્યાનવિધિ દર્શાવેલો છે.

સર્વ પ્રાણીઓના મસ્તકમાં રહેલ પ્રદીપ્ત અગ્નિ સમાન "ર" તત્ત્વનું જો વિધિપૂર્વક ધ્યાન ધરાય તો ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગની પ્રાપ્તિ રૂપ ફળ આપનારું બને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે સર્વ પ્રાણીઓના હૃદયમાં સદા રહે છે, જે સર્વ વર્ણોની અંતે આવેલ છે, જે લૌકિક શાસ્ત્રોમાં મહાપ્રાણ તરીકે પૂજાય છે એવા "હ" તત્ત્વનું વિધિપૂર્વક ધ્યાન કરાય તો તે સર્વ કાર્યનું પ્રસાધક બને છે.

જે સર્વ પ્રાણીઓના નાસિકાના અગ્રભાગમાં છે, જે સર્વ વર્ણો એટલે અક્ષરોના મસ્તકે રહેલું છે, જે "હ" કાર ઉપર જલબિંદુની જેમ વર્તુલાકારે રહેલ છે અને જે યોગીઓ વડે સદા ચિંતન કરાય છે, તે **બિંદુ** સર્વ જીવોને મોક્ષ આપનાર છે. યોગશાસ્ત્ર અને મંત્રશાસ્ત્રે બિંદુને પરમપદની સંજ્ઞા માની છે.

આમ **અ, ર,** હ અને **બિંદુ** મળીને **અર્હં** શબ્દ કહેવાય છે. મંત્ર વિશારદોએ કલાને ચંદ્રરેખા કહી છે અને તેને અમૃતનો સ્રાવ કરનારી માની છે. આમ **અર્હં** એ સિદ્ધચક્રનું આદિબીજ છે અને સકલ આગમોનું રહસ્ય છે. સર્વ વિઘ્નોનું નિવારણ કરનાર અને કલ્પવૃક્ષ સમાન છે.

સમગ્ર જિન આગમોનો સાર નવપદ છે, નવપદનો સાર અરિહંત છે અને અરિહંતનો સાર આ મંત્રબીજ છે.

હવે સિદ્ધચક્ર યંત્રના કેન્દ્રમાં ૐ **હ્રીઁ અર્હં** એ ત્રણ બીજમંત્રો કેવી રીતે એકીસાથે સમાયેલા છે તે જોઈએ.

**અર્હં** બીજને પ્રથમ ૐકારનું વેષ્ટન અપાયું છે.

ૐકાર પંચપરમેષ્ઠી સ્વરૂપ છે, કારણ કે તે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ (સાધુ)ના પ્રથમ અક્ષરથી નિષ્પન્ન થયેલો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| અરિહંત+અશરીરી | અ+અ=આ |
| આ+ઉપાધ્યાય | આ+આ=આ |
| ઓ+મુનિ | ઓ+મ્=ઓમ્ |

આ રીતે ૐકાર મંત્ર પ્રસિદ્ધ છે અને બધા ધર્મોએ તેનો એક યા બીજા રૂપે સ્વીકાર કરેલો છે. ૐકારને હ્રીઁકારનું વેષ્ટન અપાયું છે.

હ્રીઁકાર એ શક્તિબીજ છે. હ્રીઁકારમાં પંચપરમેષ્ઠિ, ચોવીશ જિનેશ્વરો તથા શ્રી પાર્શ્વનાથ અને પદ્માવતીની સ્થાપના માનવામાં આવે છે.

હ્રીઁકારના ઈ માં જે રેખા રહેલી છે, તેને લંબાવવામાં આવી છે, તે ડાબી બાજુ આગળ વધી બે કુંડલાકાર આકૃતિ ધારણ કરે છે. આ આકૃતિને માંત્રિક પરિભાષામાં અનાહત કહેવામાં આવે છે.

આ રીતે સિદ્ધચક્ર યંત્રના મધ્યમાં **અર્હં** બીજ, તેના ઉપર ૐકારનું વેષ્ટન, તેના ઉપર હ્રીઁકારનું વેષ્ટન અને તે બધા ઉપર અનાહતની છાયા રાખવાથી એક અદ્ભુત મંત્ર સંકેત ઉભો થાય છે.

ટૂંકમાં સિદ્ધચક્રજીનો બીજમંત્ર બને છે -

**ॐ ह्रीँ अर्हं नमः**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વિભાગ-૧


# શ્રી સિદ્ધચક્ર આરાધના વિધિ

સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, પવિત્ર સ્થળે (દેરાસર, ઘરદેરાસર અથવા પરમાત્માની પ્રતિમા સામે) આસન પાથરી બેસવું. બાજોઠ કે પાટલા ઉપર થાળી મૂકી, તેમાં સિદ્ધચક્ર યંત્ર મૂકવું. પાટલા ઉપર વાસક્ષેપની ડબી રાખવી. સાથે પૂજાનો રૂમાલ અને એક નવકારવાળી (સુતર અથવા ચાંદીની) રાખવી. એક ખાલી ડબી રાખવી. પૂજન કર્યા બાદ યંત્ર ઉપરનો વાસક્ષેપ ખાલી ડબીમાં ભરી દેવો. પૂજન કર્યા પછી, સહેજ વાસક્ષેપ લઈ એક નવકાર ગણી, સ્વહસ્તે મસ્તક ઉપર મૂકવો.


શ્રી સિદ્ધચક્રની આરાધના નવકાર મંત્રથી શરૂ થાય છે.

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહુણં**
**એસો પંચ નમુક્કારો**
**સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં**
**પઢમં હવઈ મંગલમ્**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




ॐ परमेष्ठी नमस्कारं सारं नवपदात्मकम्
आत्मरक्षाकरं वज्रपञ्जराभं स्मराम्यहम् ॥१॥




ॐ नमो अरिहंताणं
शिरस्कं शिरसि स्थितम् ॥२॥




ॐ नमो सिद्धाणं
मुखे मुखपटं वरम् ॥२॥




ॐ नमो आयरियाणं
अङ्गरक्षाऽतिशायिनी ॥३॥




ॐ नमो उवज्झायाणं
आयुधं हस्तयोर्दृढं ॥३॥




ॐ नमो लोए सव्वसाहूणं
मोचके पादयोः शुभे ॥४॥



एसो पंच नमुक्कारो
शिला वज्रमयी तले ॥४॥



सव्वपावप्पणासणो
वप्रो वज्रमयो बहिः ॥५॥



मंगलाणं च सव्वेसिं
खादिराङ्गार-खातिका ॥५॥



स्वाहान्तं च पदंज्ञेयं, पढमंहवइ मंगलं ।
वप्रोपरि वज्रमयं, पिधानं देह-रक्षणे ॥६॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।
પરમેષ્ઠિપદોદ્‌ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥
યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન ॥૮॥

પ્રદર્શિત મુદ્રાપૂર્વક આ વજ્રપંજર સ્તોત્ર
બોલી-આત્મરક્ષા કરવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આત્મરક્ષા મંત્ર (વજ્રપંજર સ્તોત્ર)

(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે મુદ્રાઓ કરવી)

ॐ પરમેષ્ઠિ નમસ્કારં, સારં નવપદાત્મકં ।
આત્મરક્ષાકરં વજ્ર, પંજરાભં સ્મરામ્યહં ॥૧॥

ॐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતં ।
ॐ નમો સિદ્ધાણં, મુખે મુખપટં વરં ॥૨॥

ॐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની ।
ॐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢં ॥૩॥

ॐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે ।
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥૪॥

સવ્વપાવપણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ ।
મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર ખાતિકા ॥૫॥

સ્વાહાતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં ।
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહ રક્ષણે ॥૬॥

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।
પરમેષ્ઠિપદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ॥૭॥

યશ્ચૈવં કુરૂતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા ।
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ રાધિશ્ચાપિ કદાચન ॥૮॥

(૧૨ નવકાર ગણવા)

### દૂહો

સિદ્ધચક્રના ગુણ ઘણાં, કહેતા નાવે પાર ।
વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વારંવાર ॥૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધચક્ર આરાધતા, પૂગે વાંછિત કોડ ।
સિદ્ધચક્ર મુજ મન વસ્યું, વિનય કહે કર જોડ ॥૨॥

રાગ : કલ્લાણ કંદં...

યસ્ય પ્રભાવાદ્વિજયો જગત્યાં,
સપ્તાંગ રાજ્યં ભૂવિ ભૂરિ ભાગ્યમ્ ।
પરત્ર દેવેન્દ્ર-નરેન્દ્રતા સ્યાત્,
તત્ સિદ્ધચક્રં વિદધાતુ સિદ્ધિમ્ ॥

રાગ : સ્નાતસ્યા પ્રતિમસ્ય...

અર્હન્તો ભગવંત ઇન્દ્ર મહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિ-સ્થિતા
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।
શ્રી સિદ્ધાન્ત-સુપાઠકા મુનિવરા, રત્નત્રયા-રાધકાઃ
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥

(રાગ : મંદિર છો મુક્તિતણા)

સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિરં,
ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં. ॥૧॥

અરિહંત-સિદ્ધ-સૂરીશ-વાચક, સાધુ દર્શન સુખકરં,
વર જ્ઞાન પદ ચારિત્ર-તપ એ, નમો નવપદ જયકરં. ॥૨॥

શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવે,
વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ॥૩॥

(રાગ : ભક્તામર)

તુભ્યં નમસ્ત્રિ-ભુવનાર્તિ-હરાયનાથ !
તુભ્યં નમઃ ક્ષિતિ-તલા-મલ-ભૂષણાય !
તુભ્યં નમસ્ત્રિ-જગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ! ભવો-દધિ-શોષણાય ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલિપન્નતો ધમ્મો મંગલં ।

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિપન્નતો ધમ્મો લોગુત્તમો ।

ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ,
સિદ્ધે શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ,
કેવલિપન્નતં ધમ્મં શરણં પવજ્જામિ !

(ત્રણ વાર બોલી નમસ્કાર કરો)

ૐ હ્રીઁ નમો અરિહંતાણં
ૐ હ્રીઁ નમો સિદ્ધાણં
ૐ હ્રીઁ નમો આયરિયાણં
ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં
ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં
ૐ હ્રીઁ શ્રી સિદ્ધચક્રાય નમઃ ।

## ભૂમિ શુદ્ધિ

(મુખકોશ બાંધી યંત્રની ચારે બાજુ વાસક્ષેપ કરવો)

મંત્ર : ૐ ભૂરસિ ભૂતધાત્રિ સર્વભૂતહિતે, ભૂમિ શુદ્ધિં કુરુ કુરુ સ્વાહા

## મંત્ર સ્નાન

(બે હાથનો ખોબો કરી, મંત્ર બોલી મસ્તકેથી સ્નાન કરવું)

મંત્ર : ૐ નમો વિમલનિર્મલાય સર્વ તીર્થજલાય પામ્ પામ્ વામ્ વામ્ જ્વીઁ ક્ષ્વીઁ અશુચિઃ શુચિર્ભવામિ સ્વાહા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## કલ્મષ દહન

(બન્ને ભુજાઓ પર બે હાથ રાખવા)

**મંત્ર : ૐ વિદ્યુત્ સ્ફૂલિંગે મહાવિદ્યે સર્વકલ્મષં દહ દહ સ્વાહા ।**

## હૃદય શુદ્ધિ

(ડાબો હાથ હૃદયે રાખવો)

**મંત્ર : ૐ વિમલાય વિમલ ચિત્તાય જ્વીઁ ક્ષ્વીઁ સ્વાહા ।**

## સકલીકરણ

**મંત્ર : ક્ષિ પ ૐ સ્વા હા**
**(ઢીંચણે નાભિએ હૃદયે મુખે મસ્તકે)**

**હા સ્વા ૐ પ ક્ષિ**
**(મસ્તકે મુખે હૃદયે નાભિએ ઢીંચણે)**

(આ પ્રમાણે અંગ ઉપર હાથ મૂકતા સવળા-અવળા
બેય રીતે ૩-૩ વાર બોલવા)

## ક્ષેત્રપાલ પૂજન

**મંત્ર : ૐ અત્રસ્થ ક્ષેત્રપાલાય સ્વાહા ।**

(ડાબી બાજુએ નીચેની દેરીમાં પૂજન કરવું
પછી સિદ્ધચક્ર ગર્ભિત સ્તોત્ર બોલવું)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સિદ્ધચક્ર સ્તોત્ર

(રાગ : ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો)

ૐ હ્રીઁ સ્ફૂટાનાહત મૂલમંત્રં, સ્વરૈપરિતં પરિતોઽસ્તિ સૃષ્ટ્યા ।
યત્રાર્હ મિત્યુજ્જ્વલ માદ્યબીજં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૧॥

સિદ્ધાદયો દિક્ષુ વિદિક્ષુ સમ્યગ્, દગ્જ્ઞાન ચારિત્ર તપઃ પદાનિ ।
સાદ્યન્ત બીજાનિ જયન્તિ યંત્ર, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૨॥

સાનાહતં યત્ર દલેષુ વર્ગા, ષ્ટકં નિવિષ્ટં ચ તદન્તરેષુ ।
સપ્તાક્ષરો રાજતિ મંત્રરાજ, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૩॥

અનાહત વ્યાપ્ત દિગષ્ટકે યત્, સલ્લબ્ધિ સિદ્ધર્ષિ પદાવલીનામ્ ।
ત્રિપંક્તિભિઃ સૃષ્ટિ તયા પરિતં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૪॥

ત્રિરેખમાયા પરિવેષ્ટિતં યજ્, જયાદ્યધિષ્ઠાયક સેવ્યમાનમ્ ।
વિરાજતે સદ્ગુરૂ પાદુકાકં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૫॥

મૂલગ્રહં કંઠનિધિં ચ પાર્શ્વ, દ્વયસ્થ યક્ષાદિગણં ગુણજ્ઞૈ ।
યદ્ ધ્યાયતે શ્રી કલશૈકરૂપં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૬॥


સદ્વાઃ સ્થબીજં સ્ફૂટબીજ વીરં, સ બીજ દિક્પાલ મલં નૃણાંયત્ ।
ભૂમંડલે ધ્યાતમભિષ્ટદાયિ, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૭॥

યત્રાર્ચિતે યત્ર નમસ્કૃતે ચ, યત્રસ્તુતે યત્ર નમસ્કૃતે ચ ।
જના મનોવાંછિતમાપ્નુવન્તિ, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૮॥

ઈત્યતિ ત્રિદશ મણિદ્રુમો, દ્યત પ્રભાવ પટલં શિવપ્રદમ્ ।
અર્હદાદિ સમલંકૃતં પદૈઃ, સિદ્ધચક્રમિદમસ્તુનઃ શ્રિયે ॥૯॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધિષ્ઠાયક દેવોને આહ્‌વાન



**મુદ્રા : આહ્‌વાન**

સવળા હાથ અને અંગુઠો અનામિકા આંગળીના છેડે


રાગ : ભક્તામર...

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વે સમાવ-તરત દ્યુત મુત્સવેઽત્ર ॥૧॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા
સિદ્ધપરમેષ્ઠિનઃ
અત્ર અવતરત અવતરત સંવોષટ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

**મુદ્રા : સ્થાપન**


(અવળા હાથ)



**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય-દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વેઽપિ તિષ્ઠત સુખેન નિજા-સનેષુ ॥૨॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ : અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ અત્ર તિષ્ઠત તિષ્ઠત ઠઃ ઠઃ ॥ નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




## મુદ્રા : સન્નિધાન

(અંગુઠા મુઠ્ઠી ઉપર સીધા)

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય-દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વેડપિ મે ભવત સન્નિહિતાઃ પ્રમોદાત્ ॥૩॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ મમ
સન્નિહિતા ભવત્ ભવત્ વષટ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥




## મુદ્રા : સન્નિરોધ

(અંગુઠા મુઠ્ઠીની અંદર)

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સ્થાતવ્ય-મેવ યજના-વધિ-રત્ર સર્વૈઃ ॥૪॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્ર : અસિઆઉસા
સિદ્ધપરમેષ્ઠિનઃ પૂજાં યાવદત્રૈવ સ્થાતવ્યમ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**મુદ્રા : અવગુંઠન**

(પ્રથમ બંન્ને આંગળીઓ સીધી રાખવી.)

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વે ભવન્તુ પરદેહ-ભૃતામ-દશ્યાઃ ॥૫॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા
સિદ્ધપરમેષ્ઠિનઃ પરેષામદશ્યા ભવત ભવત ફટ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥



**મુદ્રા : અંજલિ**

(બે હાથે ખોબો)

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**પૂજાં પ્રતીચ્છત મયા વિહિતાં યથાવત્ ॥૬॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્ર : અસિઆઉસા
સિદ્ધપરમેષ્ઠિનઃ ઈમાં પૂજાં પ્રતીચ્છત પ્રતીચ્છત ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# નવપદ પૂજન



## અરિહંત પદ

દુહો

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આત્મા, અરિહંત રૂપી થાય રે,
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૧

મંત્ર : ૐ હ્રીઁ સપ્રાતિ-હાર્યા-તિશય-શાલિભ્યઃ
શ્રી અર્હદ્ભ્યો નમઃ સ્વાહા.

અરિહંત પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીઁ નમો અરિહંતાણં" એ પદનો ૨૭ વાર જાપ કરવો.



## સિદ્ધ પદ

દુહો

રૂપાતીત સ્વભાવ જે, કેવલ-દંસણ-નાણી રે
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૨

મંત્ર : ૐ હ્રીઁ પ્રાપ્તા-નન્ત-ચતુષ્ટયેભ્યઃ
શ્રી સિદ્ધેભ્યો નમઃ સ્વાહા

સિદ્ધ પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીઁ નમો સિદ્ધાણં" એ પદનો ૨૭ વાર જાપ કરવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## આચાર્ય પદ

દુહો

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે,
પંચ પ્રસ્થાને આતમા, આચાર જ હોય પ્રાણી રે,
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે,
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૩

મંત્ર : ૐ હ્રીઁ પંચા-ચાર-પવિત્રેભ્યઃ
શ્રી સૂરિભ્યો નમઃ સ્વાહા

આચાર્ય પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીં નમો આયરિયાણં" એ પદનો ૨૭ વાર જાપ કરવો.



## ઉપાધ્યાય પદ


દુહો

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે
ઉપાધ્યાય ને આતમા, જગ-બંધવ જગ-ભ્રાતા રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૪

મંત્ર : ૐ હ્રીઁ શુદ્ધ-સિદ્ધાન્તા-ધ્યાપન-પ્રવણેભ્યઃ
શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ સ્વાહા

ઉપાધ્યાય પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં" એ પદનો ૨૭ વાર જાપ કરવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



**સાધુ પદ**

દુહો

અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૫

**મંત્ર : ૐ હ્રીઁ સિદ્ધિ-માર્ગ-સાધન-સાવધાનેભ્યઃ**
**શ્રી સર્વ-સાધુભ્યો નમઃ સ્વાહા**

સાધુ પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ **"ૐ હ્રીઁ નમો લોએસવ્વસાહૂણં"** એ પદનો ૨૭ વાર જાપ કરવો.



**સમ્યગ્દર્શનપદ**

દુહો

શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે
દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૬

**મંત્ર : ૐ હ્રીઁ તત્ત્વ-રુચિ-રૂપાય**
**શ્રી સમ્યગ્-દર્શનાય નમઃ સ્વાહા ॥**

દર્શન પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
**"ૐ હ્રીઁ નમો દંસણસ્સ"** એ પદનો ૨૭ વાર જાપ કરવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## સમ્યગ્જ્ઞાન પદ

દુહો

જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે
તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૭

મંત્ર : ૐ હ્રીઁ તત્ત્વાવબોધ-રૂપાય
શ્રી સમ્યગ્-જ્ઞાનાય નમઃ સ્વાહા ॥

જ્ઞાન પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીઁ નમો નાણસ્સ" એ પદનો ૨૭ વાર જાપ કરવો.



## સમ્યગ્ચારિત્ર પદ

દુહો

જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૮

મંત્ર : ૐ હ્રીઁ તત્ત્વ-પરિણતિ-રૂપાય
શ્રી સમ્યગ્-ચારિત્રાય નમઃ સ્વાહા ॥

ચારિત્ર પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીઁ નમો ચારિત્તસ્સ" એ પદનો ૨૭ વાર જાપ કરવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## સમ્યગ્તપ પદ

દુહો

ઈચ્છા-રોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે
તપ તે અહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે. ૯

મંત્ર : ૐ હ્રીઁ કેવલ નિર્જરા-રૂપાય
શ્રી સમ્યગ્-તપસે નમઃ સ્વાહા ॥

જ્ઞાન પદની વાસક્ષેપ પૂજા કરવી. ત્યારબાદ
"ૐ હ્રીઁ નમો તવસ્સ" એ પદનો ૨૭ વાર જાપ કરવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સિદ્ધચક્રના ૨ થી ૯ વલયોનું પૂજન

નીચેના મંત્રાક્ષરો બોલીને સમગ્ર યંત્ર ઉપર વાસક્ષેપથી પૂજન કરવું. (નીચે ફૂટનોટમાં જણાવ્યા મુજબ)

ૐ હ્રીઁ અષ્ટ-વર્ગાય[૧] સ્વાહા ।

ૐ હ્રીઁ અનાહત-દેવાય[૨] સ્વાહા ।

ૐ હ્રીઁ સર્વ-લબ્ધિ-પદેભ્યો[૨] નમઃ સ્વાહા ।

અનંતલબ્ધિ-નિધાનાય શ્રી ગૌતમસ્વામીને[૩] નમઃ સ્વાહા ।

ગણસંપત્-સમૃદ્ધાય શ્રી સુધર્માસ્વામીને[૪] નમઃ સ્વાહા ।

ૐ હ્રીઁ અનન્તાનન્ત-ગુરૂપાદુકાભ્યઃ[૫] સ્વાહા ।

ૐ હ્રીઁ અર્હં શ્રી સિદ્ધચક્રા-ધિષ્ઠા-યકાય શ્રી વિમલવાહનાય[૬] સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી ચક્રેશ્વર્યૈ[૭] સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી અપ્રસિદ્ધ-સિદ્ધચક્રા[૮]-ધિષ્ઠા-યકાય સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી અર્હં જિનપ્રવચના-ધિષ્ઠા-યકાય શ્રી ગણિપિટક-યક્ષ-રાજ[૯] આધિ અધિષ્ઠાયકેભ્યઃ સ્વાહા ।

---

૧. બીજા વલય ઉપર વાસક્ષેપથી પૂજન કરવું. ૨. ત્રીજા વલય ઉપર પૂજન કરવું. ૩. ત્રીજા વલય પછી જ્યાં ત્રણ રેખાઓ દ્વારા સાડા ત્રણ આંટાનું વેષ્ટન કર્યું છે, ત્યાં પૂર્વદિશામાં "હ્રીઁ" મંત્રાક્ષર છે, તેના ઉપર શ્રી ગૌતમસ્વામી બિરાજમાન છે, તેમ સમજીને "હ્રીઁ" ઉપર પૂજન કરવું. ૪. ઉપર સમજાવ્યું તે પ્રમાણે, પશ્ચિમ દિશામાં "ક્રૌઁ" મંત્રાક્ષર ઉપર પૂજન કરવું. ૫. ચોથા વલય ઉપર જ્યાં ગુરૂના પગલા (પાદુકા) અને મંત્રો છે ત્યાં પૂજન કરવું. ૬. યંત્રની ડાબી બાજુએ ઉપર વિમલેશ્વર (અધિષ્ઠાયક દેવ)ની દેરી ઉપર પૂજન કરવું. ૭. યંત્રની જમણી બાજુએ ઉપર શ્રી ચક્રેશ્વરીની દેરી ઉપર પૂજન કરવું. ૮. યંત્રની નીચે જમણી બાજુએ પ્રસિદ્ધ ન થયેલા અધિષ્ઠાયક દેવની દેરી ઉપર પૂજન કરવું. ૯. છઠ્ઠા વલય ઉપર (જયાદિ દેવીઓ પછી) જ્યાં બંને બાજુ મળી (દસ-દસ) અધિષ્ઠાયક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ હ્રીઁ શ્રી જયાદિ-દેવીભ્ય:[૧૦] સ્વાહા ।

ૐ હ્રીઁ ષોડશ-વિદ્યા-દેવીભ્ય:[૧૧] સ્વાહા ।

ૐ હ્રીઁ ચતુર્વિંશતિ-યક્ષેભ્ય:[૧૨] સ્વાહા ।

ૐ હ્રીઁ ચતુર્વિંશતિ-યક્ષિણીભ્ય:[૧૩] સ્વાહા ।

ૐ હ્રીઁ ચતુર્દ્વારપાલાય[૧૪] સ્વાહા ।

ૐ હ્રીઁ ચતુર્વીરેભ્ય:[૧૫] સ્વાહા ।

ૐ હ્રીઁ અઃ દશ-દિક્પાલેભ્ય:[૧૬] સ્વાહા ।

ૐ હ્રીઁ હ્રઃ નવ-ગ્રહેભ્ય:[૧૭] સ્વાહા ।

ૐ હ્રીઁ નવ-નિધિભ્ય:[૧૮] સ્વાહા ।

## ભૂતબલિ

**મંત્ર : ભૂતા ભૂમિચરા વ્યોમ-ચરાસ્તિર્યક્ચરા અપિ**
**બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સંઘસ્ય શાન્તયે ॥**

(યંત્રની નીચે ડાબી બાજુ ખાલી જગા ઉપર વાસક્ષેપ કરવો.)

---

દેવ-દેવીઓના મંત્ર છે ત્યાં પૂજન કરવું. **૧૦.** પાંચમા વલય ઉપર (જયાદિ આઠ દેવીઓ છે) પૂજન કરવું. **૧૧.** સાતમા વલય ઉપર સોળ વિદ્યાદેવી (રોહિણી, પ્રજ્ઞપ્તિ વગેરે)ના મંત્રો (બંને બાજુએ) ઉપર પૂજન કરવું. **૧૨.** આઠમા વલય ઉપર (ડાબી બાજુ ચોવીશ યક્ષના મંત્રો છે) પૂજન કરવું. **૧૩.** આઠમા વલય ઉપર (જમણી બાજુ ચોવીશ યક્ષિણીના મંત્રો છે) પૂજન કરવું. **૧૪.** નવમા વલય ઉપર (કુમુદાય વગેરે) ચાર દ્વારપાળના મંત્રો ઉપર પૂજન કરવું. **૧૫.** દસમા વલય ઉપર (માણિભદ્ર વગેરે) ચાર વીરપાળના મંત્રો ઉપર પૂજન કરવું. **૧૬.** તેરમા વલય ઉપર (માણિભદ્રની ઉપર ઇંદ્ર વગેરે) દશ દિગ્પાળ (આઠ દિશા અને ઉપર બ્રહ્મ અને નીચે નાગ) ઉપર પૂજન કરવું. **૧૭.** બારમા વલય ઉપર (નીચે નવ ગ્રહો છે) પૂજન કરવું. **૧૮.** તેરમા વલય ઉપર (નવ નિધિ છે) પૂજન કરવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિવમસ્તુ સર્વ જગતઃ પરહિત-નિરતા ભવંતુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥૧॥

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે
મિત્તી મે સવ્વ-ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ ॥૨।

## ક્ષમાયાચના

(રાગ : સર્વ મંગલ માંગલ્યમ્)

ૐ આજ્ઞા-હીનં ક્રિયા-હીનં, મંત્ર-હીનં ચ યત્ કૃતમ
તત્ સર્વં કૃપયા દેવાઃ ક્ષમન્તુ પરમેશ્વરાઃ ॥૧॥

આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્ ।
પૂજા-વિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વર ॥૨॥

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ ।
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૩॥

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ।
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનમ્ જયતિ શાસનમ્ ॥૪॥

(નીચેનો મંત્ર બોલી સમગ્ર યંત્ર ઉપર વાસક્ષેપ કરવો.)

## વિસર્જનમ્

શ્રી સિદ્ધચક્રા-ધિષ્ઠાયકા દેવા દેવ્યશ્ચ સ્વ-સ્થાનાય
ગચ્છન્તુ ગચ્છન્તુ પુનરા-ગમનાય પ્રસીદન્તુ પ્રસીદન્તુ સ્વાહા

(વાસક્ષેપ કરી લીધા બાદ જમણો હાથ સવળો રાખી
તમારી બાજુ ખેંચવો)

હવે શ્રી સિદ્ધચક્રજીના બીજમંત્ર
ૐ હ્રીઁ **અર્હં નમઃ** ની એક માળા ગણવી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિભાગ-૨

# સૂત્રનો શબ્દાર્થ અને ભાવાર્થ

## નમસ્કાર મહામંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલમ્

કોઈપણ ધાર્મિક અનુષ્ઠાન શરૂ કરતા પહેલા નમસ્કાર મહામંત્ર મહામાંગલિક તરીકે બોલાય છે. આ મહામંત્રના પ્રથમ બે પદો (અરિહંત અને સિદ્ધ) **સાધ્ય** છે. ત્યારપછીના ત્રણ પદો (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) **સાધક** છે. અને બાકીના ચાર પદોમાં **સાધના** છે. આ મહામંત્રના પંચપરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે. માટે જ તે સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આત્મરક્ષા મંત્ર (વજ્રપંજર સ્તોત્ર)નો શબ્દાર્થ

**ૐ પરમેષ્ઠિ નમસ્કારં, સારં નવપદાત્મકં ।**
**આત્મરક્ષાકરં વજ્ર, પંજરાભં સ્મરામ્યહં ॥૧॥**

(૧) નવપદ સ્વરૂપ, ચૌદ પૂર્વના સારરૂપ, પંચપરમેષ્ઠિને કરેલો નમસ્કાર આત્મરક્ષા કરવા માટે વજ્રના પંજર (પિંજરા) સમાન છે. તેનું હું સ્મરણ કરું છું.

**ૐ નમો અરિહંતાણં, શિરસ્કં શિરસિ સ્થિતં ।**
**ૐ નમો સિદ્ધાણં, મુખે મુખપટં વરં ॥૨॥**

(૨) **"ૐ નમો અરિહંતાણં"** મંત્ર મુગટરૂપે મસ્તકે રહેલો છે.

**"ૐ નમો સિદ્ધાણં"** મંત્ર મુખ ઉપર શ્રેષ્ઠ વસ્ત્ર તરીકે રહેલો છે.

**ૐ નમો આયરિયાણં, અંગરક્ષાતિશાયિની ।**
**ૐ નમો ઉવજ્ઝાયાણં, આયુધં હસ્તયોર્દઢં ॥૩॥**

(૩) **"ૐ નમો આયરિયાણં"** મંત્ર અતિશાયી અંગરક્ષક છે.

**"ૐ નમો ઉવજ્ઝાયાણં"** મંત્ર બે હાથમાં રહેલા મજબૂત શસ્ત્રરૂપ છે.

**ૐ નમો લોએ સવ્વસાહૂણં, મોચકે પાદયોઃ શુભે ।**
**એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે ॥૪॥**

(૪) **"ૐ નમો લોએ સવ્વસાહૂણં"** મંત્ર પગમાં રહેલી મંગળકારી મોજડી સમાન છે.

**"એસો પંચ નમુક્કારો"** મંત્ર પગ નીચે રહેલી વજ્રની શિલા સમાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સવ્વ પાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ ।**
**મંગલાણં ચ સવ્વેસિં, ખાદિરાંગાર ખાતિકા ।।૫।।**

(૫) **"સવ્વ પાવપ્પણાસણો"** મંત્ર ચારે બાજુ રહેલા વજ્રના કિલ્લા સમાન છે.

**"મંગલાણં ચ સવ્વેસિં"** મંત્ર ખેરના અંગારાની ખાઈ સમાન છે.

**સ્વાહાંતં ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં ।**
**વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહ રક્ષણે ।।૬।।**

(૬) **"પઢમં હવઈ મંગલમ્"** મંત્ર કિલ્લાની ઉપર રહેલા વજ્રમય ઢાંકણ સમાન છે.

**મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવનાશિની ।**
**પરમેષ્ઠિપદોદ્‌ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ ।।૭।।**

(૭) પરમેષ્ઠિ પદોથી ઉત્પન્ન થયેલી મહાપ્રભાવવાળી આ રક્ષા સર્વ ઉપદ્રવોનો નાશ કરનારી છે, એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

**યશ્ચૈવં કુરૂતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા ।**
**તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ રાધિશ્ચાપિ કદાચન ।।૮।।**

(૮) પરમેષ્ઠિ પદો વડે જે નિરંતર આત્મરક્ષા કરે છે, તેને કોઈપણ પ્રકારના ભય, શારીરિક વ્યાધિ અને માનસિક પીડાઓ કદી થતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## અંગન્યાસ

શરીરના વિવિધ અંગો ઉપર નવકારના નવ પદોની સ્થાપના કરવી. બે હાથ વડે કયા અંગ ઉપર કયું પદ સ્થાપવું તેનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) મસ્તક ઉપર ...................... ૐ નમો અરિહંતાણં
(૨) મુખ ઉપર .........................ૐ નમો સિધ્ધાણં
(૩) છાતી અને બંને બાહુ ઉપર....... ૐ નમો આયરિયાણં
(૪) બંને હાથની મુઠ્ઠી વાળીને
ઉપર નીચે .....................ૐ નમો ઉવજ્ઝાયાણં
(૫) બંને પગ ઉપર ............. ૐ નમો લોએ સવ્વસાહૂણં
(૬) બેઠા છીએ તે શિલા ઉપર......... એસો પંચ નમુક્કારો
(૭) ચારે બાજુ રહેલા વજ્રના
કિલ્લાની જેમ ......................સવ્વપાવપ્પણાસણો
(૮) બેઠકની ચારેય બાજુ ખાઈ ઉપર ....મંગલાણં ચ સવ્વેસિં
(૯) માથા ઉપર ઢાંકણની જેમ ......... પઢમં હવઈ મંગલમ

આ રીતે નવકારના નવ પદોની સ્થાપના કરવાની છે. તેમાંથી મુખ્ય પાંચ પરમેષ્ઠિના પાંચ પદોની સ્થાપના પોતાના શરીર ઉપર કરવાની છે. નવકાર મંત્રની ચૂલિકાના ચાર પદોની સ્થાપના આપણા શરીરની બહાર જમીન ઉપર, આસન ઉપર, ખાઈ રૂપે, મસ્તકની ઉપરના ભાગમાં ઢાંકણની જેમ કરવાની છે. આ રીતે આત્મરક્ષા મંત્ર દ્વારા વજ્ર સમાન પિંજર (પાંજરા) વડે ચારેય બાજુથી આપણી રક્ષા થાય છે.

## આત્મરક્ષા મંત્ર (વજ્રપંજર સ્તોત્ર)નો ભાવાર્થ

ઈન્દ્રના હાથમાં રહેલા શસ્ત્રને વજ્ર કહેવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે અતિશય મજબૂત હોય છે. ભેદાય નહીં, છેદાય નહીં એવું મજબૂત પાંજરૂ (પંજર) સાધકે પોતાની ચારે બાજુ કલ્પી લેવાનું છે. હું એ પાંજરામાં સુરક્ષિત બેઠો છું, જેથી એક પણ કર્મ લાગી ન શકે. આત્માર્થી સાધક પાપ કર્મોથી ડરતો નથી. ધર્મ તેના હાથમાં છે, માટે તે કર્મોની સામે યુદ્ધ ખેલે છે. ચારેય બાજુની ખાઈમાં સળગતા અંગારા ભર્યા છે. શત્રુઓ કૂદીને આવી શકે તેમ નથી. પોતાની ચારે બાજુ વજ્ર જેવું મજબૂત પાંજરૂ છે. જેમાં સાધક બખ્તર, ટોપો વગેરે ધારણ કરીને બેઠો છે.

આત્મા તો અજર, અમર અને અવિનાશી છે. આત્માને કોઈ ભય જ નથી, તો આત્માનો શત્રુ કોણ ? આત્માનો શત્રુ છે પાપકર્મ. લક્ષ્ય છે પાપકર્મોનો ક્ષય કરવો. તો નવા પાપ શા માટે બાંધવા ? મનથી, વાણીથી અને કાયાથી પાપકર્મો આવવાના રસ્તા બંધ કરવા તે જ આત્મરક્ષા સ્તોત્રનો હેતુ છે. આત્મા શરીરમાં છે. શરીરના માધ્યમથી આત્મા કર્મનો કર્તા છે અને ભોક્તા છે.

નવકાર મંત્રના નવ પદને શરીરમાં સ્થાપિત કરવાનું કારણ શું ? અને સ્થાપિત કરતાં શું વિચારવું ?

**(૧) શિરસ્કં શિરસિ સ્થિતં**

અરિહંત મસ્તકે બિરાજમાન છે પછી પાપના વિચારો શા માટે કરવા ? પાપના વિચારો આવે જ શાના ?

**(૨) મુખે મુખપટં વરં**

મુખ ઉપર સિદ્ધ ભગવંત છે. હું ખોટા શબ્દો અને કડવા શબ્દો શા માટે બોલું ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(૩) અંગરક્ષાતિશાયિની**

છાતીથી કમર સુધીના ભાગ ઉપર આચાર્ય બિરાજમાન છે. હું શા માટે ખોટા કામ કરું ?

**(૪) આયુધં હસ્તયોર્દઢમ્**

ઉપાધ્યાય ભગવંત બંને ભૂજા ઉપર છે. સંયમરૂપી શસ્ત્રથી રક્ષણ કરે છે.

**(૫) મોચકે પાદયોઃ શુભે**

પગ ઉપર સાધુ ભગવંત છે. ખોટા માર્ગે શા માટે ચાલુ ?

**(૬) એસો પંચ નમુક્કારો શિલા વજ્રમયી તલે**

આ પાંચને કરેલો નમસ્કાર શું કરે ?

હું જ્યાં બેઠો છું, તે આસન વજ્ર જેવું બની ગયું છે. પાપકર્મો દ્વારા મારું આસન કંપિત નહિ થાય.

**(૭) સવ્વપાવપ્પણાસણો વપ્રો વજ્રમયો બહિઃ**

મારી બેઠકની આસપાસ વજ્રમયી કિલ્લો બની ગયો છે. જેથી કોઈ પણ પાપ પ્રવેશી ન શકે.

**(૮) મંગલાણં ચ સવ્વેસિં ખાદિરાંગાર ખાતિકા**

ચારે ય બાજુ ખાઈ ખોદીને તેમાં અગ્નિ ભર્યો છે, જેથી શત્રુ પ્રવેશી ન શકે.

**(૯) સ્વાહાતં ચ પદં જ્ઞેયં પઢમં હવઈ મંગલમ્**
**વપ્રોપરિ વજ્રમયં પિધાનં દેહ રક્ષણે**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મસ્તક ઉપર વજ્ર જેવું ઢાંકણ બનાવ્યું છે, જેથી ઉપરથી પાપરૂપી તોપગોળો પડે તો પણ કંઈ અસર ન થાય.

**(૧૦) મહાપ્રભાવા રક્ષેયં, શુદ્રોપદ્રવનાશિની**
**પરમેષ્ઠિપદોદ્‌ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ**

ઉપરના પરમેષ્ઠિ પદોના જપ દ્વારા અત્યંત પ્રભાવશાળી આંદોલનો (રક્ષા) ઉત્પન્ન થાય છે, જે સર્વ ઉપદ્રવોનો જડમૂળથી નાશ કરે છે, એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

**(૧૧) યશ્ચૈવં કુરુતે રક્ષાં, પરમેષ્ઠિપદૈઃ સદા**
**તસ્ય ન સ્યાદ્‌ભયં વ્યાધિ-રાધિશ્ચાપિ કદાચન**

આ આત્મરક્ષા મંત્રમાં રહેલા પરમેષ્ઠિ પદો વડે જે નિરંતર આ યંત્રનું પૂજન કરે તેને કોઈપણ પ્રકારના ભય, શારીરિક વ્યાધિ અને માનસિક દુઃખ થતા નથી અને હોય તો યંત્રના પ્રભાવથી દૂર થઈ જાય છે.

**ગાથા : એયં ચ સિદ્ધચક્કંકહિયં વિજ્જાણુવાય પરમત્થં**
**નાએણ જેઅ સહસા, સિજ્ઝંતિ મહંતસિદ્ધિઓ**

**શબ્દાર્થ :** વિજ્જાણુવાય = વિદ્યાનુપ્રવાદ નામનું દસમું પૂર્વ, પરમત્થં = પરમાર્થ, કહિયં = કહ્યું છે, નાએણં = જે (સિદ્ધચક્ર) જાણવા વડે, સહસા મહંત સિદ્ધિઓ = તુરત જ મહાન એવી સિદ્ધિઓ, સિજ્ઝંતિ = સિદ્ધ થાય છે

**ગાથાર્થ :** વિદ્યાનુપ્રવાદ નામના દસમા પૂર્વના પરમાર્થરૂપ એવું સિદ્ધચક્ર કહ્યું છે, જે જાણવા વડે મહાન સિદ્ધિઓ તુરત જ સિદ્ધ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** કેવળજ્ઞાન પામ્યા પછી શ્રી તીર્થંકર ભગવંતે ગણધરોને ત્રિપદી આપી, આ ત્રિપદી એટલે **ઉપન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા.** ઉપન્નેઈવા એટલે જે ઉત્પન્ન થાય છે. વિગમેઈવા એટલે જેનો નાશ થાય છે અને ધુવેઈવા એટલે જે સ્થિર (ધ્રુવ) રહે છે. અર્થાત્ પ્રત્યેક વસ્તુ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આ ઉત્પત્તિ અને નાશના વચગાળાના સમયમાં તે વસ્તુ થોડો સમય સ્થિર રહે છે (ટકે છે). આ ત્રિપદીના આધારે ગણધરોએ દ્વાદશાંગીની રચના કરી. દ્વાદશાંગીનું બારમું અંગ "દૃષ્ટિવાદ" છે, જે વિચ્છેદ પામ્યું છે. એટલે વર્તમાનમાં ઉપલબ્ધ નથી. આ દૃષ્ટિવાદ નામના અંગમાં ચૌદ (૧૪) પૂર્વો હતા, તેમાંના દસમા પૂર્વનું નામ છે વિદ્યાનુવાદ. સિદ્ધચક્રજીનું સવિશેષ વર્ણન **વિદ્યાનુવાદ** પૂર્વમાં છે. એટલે સિદ્ધચક્રજીને દસમા પૂર્વના પરમાર્થરૂપ કહ્યું છે.

**દૂહો : વિનય કહે કર જોડ**

**સિદ્ધચક્રના ગુણ ઘણાં, કહેતા નાવે પાર ।**
**વાંછિત પૂરે દુઃખ હરે, વંદુ વારંવાર ॥૧॥**
**સિદ્ધચક્ર આરાધતા, પૂગે વાંછિત કોડ ।**
**સિદ્ધચક્ર મુજ મન વસ્યું, વિનય કહે કર જોડ ॥૨॥**

**ગાથાર્થ :** સિદ્ધચક્રજીના ઘણા ગુણો છે. જેને વર્ણવતાં અંત ન આવે. આ ગુણો મનની ઇચ્છા પૂર્ણ કરે છે અને દુઃખો દૂર કરે છે. તેને હું વારંવાર વંદન કરું છું. બે હાથ જોડી વિનયપૂર્વક સાધક કહે છે કે સિદ્ધચક્રજીની આરાધના કરવાથી મનની ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં **"વિનય કહે કર જોડ"** શબ્દોમાં આ દુહો બનાવનારા **પૂજ્યશ્રી વિનયવિજયજી મહારાજશ્રી**એ ગર્ભિત રીતે પોતાનું નામ સૂચવ્યું છે.

**ભાવાર્થ :** સાધક મનની આખરી ઈચ્છા શું હોય ? ભવચક્રનો અંત લાવવો તે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ. સિદ્ધચક્રજીની ભાવપૂર્વક આરાધના કરતા ભવચક્રનો અંત આવી શકે છે. સિદ્ધચક્ર યંત્રમાં પંચપરમેષ્ઠિ તેમજ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ મળીને નવપદજી રહેલા છે. વર્ષમાં બે વાર આવતી શાશ્વતી નવપદજીની ઓળીમાં સળંગ નવ દિવસ આયંબિલ કરીને નવપદજીના ગુણોની આરાધના કરી શકાય છે.

અરિહંત પદના બાર (૧૨), સિદ્ધ પદના આઠ (૮), આચાર્યપદના છત્રીશ (૩૬), ઉપાધ્યાયપદના પચ્ચીશ (૨૫), સાધુપદના સત્તાવીશ (૨૭), દર્શનપદના સડસઠ (૬૭), જ્ઞાનપદના એકાવન (૫૧), ચારિત્રપદના સિત્તેર (૭૦) અને તપપદના પચાસ (૫૦). કુલ મળીને નવપદજીના ૩૪૬ ગુણો થાય છે. આ ઉપરાંત આરાધ્ય દેવો અને દેવીઓ, તેમજ ગુરુજનોમાં એટલા બધા ગુણો છે, જેને કહેતા પાર ન આવે. આ ગુણો વંદન કરવા જેવા છે. જે સાધક અત્યંત વિનમ્ર ભાવે, નિર્મળ હૃદયથી સિદ્ધચક્રજીનું પૂજન કરે છે, તેના દુઃખો દૂર થાય છે અને બધી મનવાંછિત ઈચ્છાઓ પૂર્ણ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સિદ્ધચક્રનો પ્રભાવ

રાગ : કલ્લાણ કંદં...

**યસ્ય પ્રભાવાદ્વિજયો જગત્યાં,**
**સપ્તાંગ રાજ્યં ભૂવિ ભૂરિ ભાગ્યમ્ ।**
**પરત્ર દેવેન્દ્ર-નરેન્દ્રતા સ્યાત્,**
**તત્ સિદ્ધચક્રં વિદધાતુ સિદ્ધિમ્ ॥**

**શબ્દાર્થ :** યસ્ય=જેના, પ્રભાવાત્=પ્રભાવથી, વિજયો=વિજય, જગત્યાં=જગતમાં, સપ્તાંગ રાજ્યં=સાત અંગવાળુ રાજ્ય, ભૂવિ=આ લોકમાં, ભૂરિ ભાગ્યમ્=ઘણું સૌભાગ્ય, પરત્ર=પરભવમાં, દેવેન્દ્ર-નરેન્દ્રતા સ્યાત્=દેવેન્દ્રપણું અને ચક્રવર્તીપણું મળે છે. તત્ સિદ્ધચક્રં=તે સિદ્ધચક્ર, વિદધાતુ સિદ્ધિમ્=અમને સિદ્ધિ આપો.

**ગાથાર્થ :** જેના પ્રભાવથી જગતમાં વિજય પ્રાપ્ત થાય છે તથા સાત અંગવાળુ રાજ્ય મળે છે. (રાજા, મંત્રી, સેનાપતિ, ગજદળ, રથદળ, અશ્વદળ અને પાયદળ મળીને સાત અંગ કહેવાય છે.) સૌભાગ્યનો લાભ થાય છે, તેમજ પરભવમાં દેવેન્દ્રપણું અને ચક્રવર્તીપણું મળે છે. તે શ્રી સિદ્ધચક્ર ભગવંત અમને સિદ્ધિપદ આપો.

**ભાવાર્થ :** જે સાધક નિયમિત સિદ્ધચક્ર યંત્રનું ભાવપૂર્વક પૂજન કરે છે, તેને શું શું પ્રાપ્ત થઈ શકે છે. તે આ ગાથામાં દર્શાવ્યું છે. જો કે પૂજન કરવાથી મને શું મળશે ? એવી સાંસારિક ઇચ્છાઓ પૂજન કરતી વખતે રખાય નહીં. જૈન ધર્મમાં સાંસારિક ફળની ઇચ્છાથી થતી આરાધનાને, તે સાંસારિક ફળ આપનાર હોવા છતાં મુક્તિફળ આપનાર ન હોવાથી નિષ્ફળ આરાધના કહી છે. દ્રવ્યપૂજા કરતાં ભાવપૂજાનું મહત્ત્વ અનેકગણું છે. દ્રવ્યપૂજા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુણ્ય આપી શકે, પરંતુ નિષ્કામ ભાવથી કરેલી ભાવપૂજાથી શું શું મળી શકે, તે બતાવીને સિદ્ધચક્રજીનું ઘણું મહત્ત્વ સમજાવ્યું છે.

સિદ્ધચક્રજીનો પ્રભાવ એવો છે કે આ પુણ્ય ક્રિયા હોવાથી સાંસારિક ઇચ્છાઓ ન હોય તો પણ આ ભવમાં વિજય અને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે અને પરભવમાં ચક્રવર્તીપણાના અને દેવલોકના સુખો મળે છે.

વિદધાતુ સિદ્ધિમ્ કહીને સાધક સિદ્ધિ માંગે છે. આરાધના કરનારા જીવની માંગણી આલોક કે પરલોકના સુખોની નથી, પરંતુ આત્મસિદ્ધિની માંગણી છે અર્થાત્ મારો આત્મા સિદ્ધિગતિ પામો, તેવી સિદ્ધિને સાધક ઇચ્છે છે.

## પંચપરમેષ્ઠિ સૂત્ર

રાગ : સ્નાતસ્યા પ્રતિમસ્ય...

**અર્હન્તો ભગવંત ઈન્દ્ર મહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિ-સ્થિતા**
**આચાર્યાજિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ ।**
**શ્રી સિદ્ધાન્ત-સુપાઠકા મુનિવરા, રત્નત્રયા-રાધકાઃ**
**પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્ ॥**

**ગાથાર્થ :** ઇંદ્રો વડે પૂજાયેલા અરિહંત ભગવંતો, સિદ્ધિ ક્ષેત્રમાં ગયેલા સિદ્ધ ભગવંતો, શાસનની ઉન્નતિ કરનારા આચાર્ય ભગવંતો, સિદ્ધાંતોને ભણાવનારા પૂજ્ય ઉપાધ્યાય ભગવંતો, રત્નત્રયીની આરાધના કરનારા મુનિ ભગવંતો, એમ પંચ પરમેષ્ઠિ ભગવંતો દરરોજ અમારું કલ્યાણ કરો. (મંગલ કરો)

**ભાવાર્થ :** અરિહંત પરમાત્માનું જ્યારે પાછલા ભવમાં ચ્યવન થઈને વર્તમાન ભવમાં માતાની કુક્ષિમાં આગમન થાય છે, ત્યારે ઇંદ્ર મહારાજા નમુત્થુણં સૂત્ર વડે પરમાત્માને વંદન કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ અરિહંત જેમણે ચાર ઘાતીકર્મનો ક્ષય કર્યો છે અને ચાર અઘાતીકર્મનો ક્ષય કરવાનો બાકી છે. સિદ્ધ પરમાત્માએ આઠેય કર્મનો ક્ષય કર્યો છે, છતાં વ્યવહારનયની અપેક્ષાએ અરિહંત પ્રથમ આવે છે. સાધના કરનારે પ્રથમ વ્યવહારનું શરણ સ્વીકારી વ્યવહાર દ્વારા નિશ્ચય સુધી પહોંચવાનું છે.

નિશ્ચયનયની અપેક્ષાએ સિદ્ધ પ્રથમ છે. અરિહંતને શરીર, શાતાવેદનીય, આયુષ્ય, ગોત્રકર્મનો ઉદય છે, જ્યારે સિદ્ધને કોઈ અવસ્થાનું બંધન નથી, તે આપણું પોતાનું સહજ સ્વરૂપ છે.

સિદ્ધ ભગવંતોએ...

- **જ્ઞાનાવર્ણીય કર્મનો ક્ષય કરીને** આત્માના અનંતજ્ઞાન ગુણને પ્રગટ કર્યો છે.
- **દર્શનાવર્ણીય કર્મનો ક્ષય કરીને** આત્માના અનંત દર્શન ગુણને પ્રગટ કર્યો છે.
- **વેદનીય કર્મનો ક્ષય કરીને** આત્માના અવ્યાબાધ ગુણને પ્રગટ કર્યો છે.
- **મોહનીય કર્મનો ક્ષય કરીને** આત્માના અનંત ચારિત્ર ગુણને પ્રગટ કર્યો છે.
- **આયુષ્ય કર્મનો ક્ષય કરીને** આત્માના અક્ષયસ્થિતિ ગુણને પ્રગટ કર્યો છે.
- **નામ કર્મનો ક્ષય કરીને** આત્માના અરૂપી ગુણને પ્રગટ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- **ગોત્ર કર્મનો ક્ષય કરીને** આત્માના અગુરૂલઘુપણાના ગુણને પ્રગટ કર્યો છે.
- **અંતરાય કર્મનો ક્ષય કરીને** આત્માના અનંતવીર્ય ગુણને પ્રગટ કર્યો છે.

સિદ્ધપદ પામ્યા પછી આત્મા અનંતકાળ સુધી સ્વ-સ્વરૂપમાં સ્થિર રહે છે.

અરિહંત પરમાત્માની ગેરહાજરીમાં આચાર્ય ભગવંતને અરિહંત તુલ્ય માન્યા છે. જેમ અરિહંત વિના જિનશાસનની સ્થાપના શક્ય નથી, તેમ આચાર્ય ભગવંત વિના જિનશાસન વહેતું રહે તે પણ શક્ય નથી. ચારે પ્રકારના સંઘની યોગક્ષેમ જવાબદારી આચાર્યના શિરે છે. માટે જ એમને યોગ-ક્ષેમ કરનારા કહ્યા છે.

જેમ પંચપરમેષ્ઠિમાં કેન્દ્રસ્થાને આચાર્ય ભગવંત છે, તેમ ગુરુતત્ત્વના કેન્દ્રસ્થાને ઉપાધ્યાય ભગવંત છે. આચાર્ય ભગવંતને તીર્થંકરની ગેરહાજરીમાં જેમ તીર્થંકર તુલ્ય કહ્યા છે, તેમ ઉપાધ્યાય ભગવંતને ગણધરની ઉપમા આપી છે. અરિહંત ભગવાન અર્થની દેશના આપે છે, તેમ આચાર્ય ભગવંત અર્થની વાચના આપે છે. ગણધર ભગવંત સૂત્રને ગૂંથે છે, તેમ ઉપાધ્યાય ભગવંત સૂત્રની વાચના આપે છે.

## નવપદને નમસ્કાર

(રાગ : મંદિર છો મુક્તિતણા)

**સકલ મંગલ પરમ કમલા, કેલિ મંજુલ મંદિરં,**
**ભવકોટિ સંચિત પાપનાશન, નમો નવપદ જયકરં. ॥૧॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અરિહંત-સિદ્ધ-સૂરીશ-વાચક, સાધુ દર્શન સુખકરં,**
**વર જ્ઞાન પદ ચારિત્ર-તપ એ, નમો નવપદ જયકરં. ॥૨॥**

**શ્રી સિદ્ધચક્ર પસાય સંકટ, આપદા નાસે સવે,**
**વળી વિસ્તરે સુખ મનોવાંછિત, નમો નવપદ જયકરં. ॥૩॥**

**ગાથાર્થ :** સર્વ મંગળને કરનારા, શ્રેષ્ઠ એવી લક્ષ્મીદેવીને, ક્રીડા કરવા માટે મનોહર મંદિર સમાન, કરોડો ભવોમાં બાંધેલા પાપોનો નાશ કરનાર, જય કરનાર એવા નવપદને મારા નમસ્કાર હો. ॥૧॥

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને સુખ કરનાર એવું દર્શન પદ, શ્રેષ્ઠ જ્ઞાન પદ, ચારિત્ર પદ અને તપ પદ એમ જયને કરનારા નવપદને મારા નમસ્કાર હો. ॥૨॥

શ્રી સિદ્ધચક્રની કૃપાથી સંકટ અને સર્વ આપત્તિ નાશ પામે છે. વળી મનોવાંછિત સુખ વૃદ્ધિ પામે છે, એવા જય કરનારા નવપદને મારા નમસ્કાર હો. ॥૩॥

## તુભ્યં નમઃ

(રાગ : ભક્તામર પ્રણત...)

**તુભ્યં નમસ્ત્રિ-ભુવનાર્તિ-હરાયનાથ !**
**તુભ્યં નમઃ ક્ષિતિ-તલા-મલ-ભૂષણાય !**
**તુભ્યં નમસ્ત્રિ-જગતઃ પરમેશ્વરાય,**
**તુભ્યં નમો જિન ! ભવો-દધિ-શોષણાય ॥**

**શબ્દાર્થ :** તુભ્યં=તને, ત્રિ જગત=ત્રણ જગત, અર્તિ=પીડા પરમેશ્વરાય=પરમેશ્વરને, હરાય=હરનારા, ભવોદધિ=ભવરૂપ સમુદ્ર, ક્ષિતિતલ=પૃથ્વી પરના, શોષણાય=શોષણ કરનાર, ભૂષણાય = અલંકાર રૂપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :** હે નાથ ! ત્રણ લોકની પીડાને હરનાર તમને નમસ્કાર હો. પૃથ્વીના ઉત્તમ-નિર્મળ અલંકાર રૂપ તમને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર એવા તમને નમસ્કાર હો.

હે જિનેશ્વર ! ભવરૂપી સમુદ્રનું શોષણ કરનાર તમને નમસ્કાર હો.

## ચત્તારિ મંગલમ્

**ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,**
**સાહૂ મંગલં, કેવલિપન્નતો ધમ્મો મંગલં ।**

**ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા,**
**સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,**
**કેવલિપન્નતો ધમ્મો લોગુત્તમો ।**

**ચત્તારિ શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ,**
**સિદ્ધે શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ,**
**કેવલિપન્નતં ધમ્મં શરણં પવજ્જામિ !**

**ગાથાર્થ :** ચાર મંગળ છે. અરિહંત મંગળ છે, સિદ્ધ મંગળ છે, સાધુ મંગળ છે અને કેવળી પ્રરૂપિત ધર્મ મંગળ છે. આ લોકમાં ઉત્તમ તત્ત્વ કુલ ચાર છે. અરિહંત લોકમાં ઉત્તમ છે, સિદ્ધ લોકમાં ઉત્તમ છે, સાધુ લોકમાં ઉત્તમ છે અને કેવળી પ્રરૂપિત ધર્મ લોકમાં ઉત્તમ છે.

ચારનું શરણું હું સ્વીકારું છું. અરિહંતના શરણે હું જાઉં છું, સિદ્ધના શરણે જાઉં છું, સાધુના શરણે હું જાઉં છું અને કેવળી પ્રરૂપિત ધર્મના શરણે હું જાઉં છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ત્રણ વાર નીચેના પદો બોલી નમસ્કાર કરો)

ૐ હ્રીઁ નમો અરિહંતાણં
ૐ હ્રીઁ નમો સિદ્ધાણં
ૐ હ્રીઁ નમો આયરિયાણં
ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયાણં
ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં
ૐ હ્રીઁ શ્રી સિદ્ધચક્રાય નમઃ ।

## ભૂમિ શુદ્ધિકરણ

**મંત્ર : ૐ ભૂરસિ ભૂતધાત્રિ સર્વભૂતહિતે, ભૂમિ શુદ્ધિં કુરુ કુરુ સ્વાહા**

**શબ્દાર્થ :** હે ભૂમિ ! તમે પૃથ્વી છો, પ્રાણીઓને ધારણ કરનારા છો, તેથી સૌ પ્રથમ ભૂમિની શુદ્ધિ હો (અર્થાત્ અમે સૌ પ્રથમ ભૂમિની શુદ્ધિ કરીએ)

**ભાવાર્થ :** પંચ તત્ત્વોમાં પૃથ્વી તત્ત્વને દેવ તુલ્ય માનવામાં આવે છે. આવી ભૂમિ ઉપર બેસીને શાંતિ-સમૃદ્ધિ, ઋદ્ધિ-વૃદ્ધિના હેતુભૂત એવી મંગલ ક્રિયા કરવાની છે. આ ભૂમિ ઉપર કોઈ પણ ઉપદ્રવ ન થાય તેટલા માટે બહુમાનપૂર્વક ભૂમિ શુદ્ધિકરણની ક્રિયા આ મંત્ર દ્વારા થાય છે. આ મંત્ર બોલવા દ્વારા વિવક્ષિત ભૂમિ ઉપર કોઈ અશુચિ કે અપવિત્ર વસ્તુ હોય તો તે દૂર થાઓ અને ભૂમિ શુદ્ધ બનો, એવી સાધકની સાધનાકાળે ઇચ્છા પ્રવર્તે છે.

## મંત્ર સ્નાન

**મંત્ર : ૐ નમો વિમલનિર્મલાય સર્વ તીર્થજલાય પામ્ પામ્ વામ્ વામ્ જ્વીઁ ક્ષ્વીઁ અશુચિઃ શુચિર્ભવામિ સ્વાહા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મંત્રાર્થ :** અત્યંત નિર્મળ એવા સર્વ તીર્થોના જળને નમસ્કાર થાઓ, નમસ્કાર થાઓ. આવું નિર્મળ જળ મને અશુચિમાંથી શુચિ (શુદ્ધ) કરો. (અર્થાત્ અપવિત્ર એવો હું પવિત્ર થાઉં, એવો ભાવ છે.)

**ભાવાર્થ :** શરીર ઉપર લાગેલા મેલને દૂર કરવા આપણે દરરોજ સ્નાન કરીને શરીરને શુદ્ધ કરીએ છીએ. આત્મા ઉપર લાગેલા કર્મરૂપી મેલને આપણે જોઈ શકતા નથી તો તેને દૂર કરવા શું કરવું ? તે માટે મંત્રસ્નાન જરૂરી છે. બે હાથનો ખોબો ધરી, શાંત ચિત્તથી આ મંત્ર બોલીને આપણે કલ્પના કરીએ છીએ કે જાણે દરેક પવિત્ર તીર્થોના જળ આપણા ખોબામાં ભરાઈ ગયા છે અને મંત્ર બોલતી વખતે બે હાથ મસ્તક ઉપર ફેરવી જાણે કે આપણે સ્નાન કરતા હોઈએ તેવી મુદ્રા કરવાની છે. આ રીતે શરીર સાથે મનની પણ શુદ્ધિ થાય છે. પવિત્ર તીર્થોનું જળ ખોબામાં ભરીને જાણે સ્નાન કરતા હોઈએ અને તેના દ્વારા આત્મા ઉપર લાગેલા કર્મમલને દૂર કરવા પ્રયત્ન કરતા હોઈએ, એવી સાધક આત્માની ભાવના છે.

## કલ્મષ દહન

**મંત્ર : ૐ વિદ્યુત્ સ્ફૂલિંગે મહાવિદ્યે સર્વકલ્મષં દહ દહ સ્વાહા ।**

**મંત્રાર્થ :** વીજળી જેવા તણખલાવાળી હે મહાવિદ્યા તું અમારા સર્વ પાપો બાળીને ભસ્મ કર, ભસ્મ કર.

**ભાવાર્થ :** આ મંત્ર બોલી બંને ભૂજાઓ ઉપર હાથ ફેરવતા ફેરવતા એમ વિચારવું કે મારા બધા મલિન વિચારો આ મહાવિદ્યાના પ્રભાવથી નષ્ટ થઈ રહ્યા છે અર્થાત્ હું અશુદ્ધ વિચારોનો ત્યાગ કરી શુદ્ધ વિચારોવાળો બની રહ્યો છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## હૃદય શુદ્ધિ

**મંત્ર : ૐ વિમલાય વિમલ ચિત્તાય જ્વીઁ ક્ષ્વીઁ સ્વાહા ।**

**મંત્રાર્થ :** આત્માને નિર્મળ કરવા માટે તથા મારા ચિત્તને નિર્મળ કરવા માટે જ્વીઁ ક્ષ્વીઁ સ્વાહા ઇત્યાદિ મંત્રનો હું જાપ કરું છું.

**ભાવાર્થ :** ડાબો હાથ હૃદય ઉપર ફેરવતી વખતે મનમાં એ ભાવના ભાવવી કે મારા પાપ વિચારો દૂર થઈ રહ્યા છે અને હૃદય શુદ્ધ થઈ રહ્યું છે. પરિણામે અશુભ વિચારોનું શમન થતા ચિત્તની એકાગ્રતા વધે છે. આ પ્રયોજનથી અશુભ વિચારો દૂર કરી મારા આત્માની અને મારા મનની નિર્મળતા થાય તે માટે ઉપરોક્ત મંત્રનો હું જાપ કરું છું. સાધનાકાળે ચિત્તની નિર્મળતા અત્યંત આવશ્યક છે.

## સકલીકરણ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **મંત્ર :** | **ક્ષિ** | → | **પ** | → | **ૐ** | → | **સ્વા** | → | **હા** |
| | **ઢીંચણે** | → | **નાભિએ** | → | **હૃદયે** | → | **મુખે** | → | **મસ્તકે** |
| | **હા** | → | **સ્વા** | → | **ૐ** | → | **પ** | → | **ક્ષિ** |
| | **મસ્તકે** | → | **મુખે** | → | **હૃદયે** | → | **નાભિએ** | → | **ઢીંચણે** |

આ પ્રમાણે પ્રત્યેક અંગ ઉપર બે હાથ મૂકીને નીચેથી ઉપર અને ઉપરથી નીચે અર્થાત્ અવળા-સવળા અક્ષરો રૂપે મંત્ર બોલવો. આ રીતે ત્રણ વખત મંત્ર બોલવા પૂર્વક ક્રિયા કરવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** શરીરના મુખ્ય અંગોને જાગૃત કરવા માટે આ મંત્ર છે. માનવ દેહ પાંચ તત્ત્વોનો બનેલો છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ. આમાંથી કોઈપણ તત્ત્વ વિષમ હોય તો સાધના યથાર્થ ન થાય તે હેતુથી અને દેહમાં સમતુલન રહે એ હેતુથી પૂર્વાચાર્યોએ અને ઋષિ મુનિઓએ પાંચ તત્ત્વોના પાંચ મંત્રબીજ નક્કી કર્યા છે. પ્રત્યેક મંત્રબીજ સંલગ્ન તત્ત્વ સાથે સંબંધિત હોવાથી તેના ઉપર નિયંત્રણ સ્થાપિત કરવામાં આવ્યું છે.

## ક્ષેત્રપાલ પૂજન

**મંત્ર : ૐ અત્રસ્થ ક્ષેત્રપાલાય સ્વાહા ।**

**મંત્રાર્થ :** અહીં રહેલા ક્ષેત્રપાળ દેવને મારા નમસ્કાર હો.

**ભાવાર્થ :** જે ભૂમિ ઉપર બેસીને આપણે પૂજન કરીએ તે ભૂમિના દેવને ક્ષેત્રપાળ દેવ કહેવાય છે. મંત્ર સ્નાન, પાપ દહન, હૃદય શુદ્ધિ અને સકલીકરણ કરીને આપણે તનથી અને મનથી પવિત્ર થયા. હવે આગળની ક્રિયા કરતાં પહેલાં, સૌ પ્રથમ ક્ષેત્રદેવતાને નમસ્કાર કરીને તેમના આશીર્વાદ મેળવવા જરૂરી છે. આપણે આદરેલી ધર્મક્રિયા નિર્વિઘ્ને પૂર્ણ થાય અને આપણા ચિત્તની સમતુલા જળવાય તે માટે વૈક્રિય લબ્ધિવાળા અને અવધિજ્ઞાનની લબ્ધિવાળા બલિષ્ઠ એવા ક્ષેત્રપાલ દેવની સહાય લેવી આવશ્યક છે. આ મંત્રોચ્ચાર દ્વારા ક્ષેત્રપાલ દેવને વિનંતી કરવામાં આવી છે. પરોક્ષ રીતે દેવની સહાય ચાલુ રહેવાથી આરાધનાકાળે શારીરિક કોઈ શંકાઓ (લઘુનીતિ-વડીનીતિ-ખાંસી-છીંક ઇત્યાદિ) ઉપસ્થિત થતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી સિદ્ધચક્ર સ્તોત્ર

## ગાથા ૧ થી ૯

(રાગ : ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો)

**ॐ હ્રીઁ સ્ફૂટાનાહત મૂલમંત્રં, સ્વરૈપરિતં પરિતોઽસ્તિ સૃષ્ટ્યા ।**
**યત્રાર્હ મિત્યુજ્જ્વલ માદ્યબીજં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૧॥**

**શબ્દાર્થ :** સ્ફૂટાનાહત = સ્ફૂટ+અનાહત=સ્પષ્ટ ભીતરનો અવાજ
મૂલમંત્રં = એવા મૂળમંત્ર સ્વરૂપ
સ્વરૈપરિતં = સ્વરો વડે ચારે બાજુથી
પરિતોઽસ્તિ = પરિતઃ + અસ્તિ=સર્વત્ર વીંટળાયેલો છે
સૃષ્ટ્યા = સર્જાયેલ
યત્રાર્હ = યત્ર+અર્હ=જેમાં અરિહંત વગેરે
મિત્યુજ્જ્વલ = મ્+ઈતિ+ઉજ્જ્વલ=અતિશય ઉજ્જ્વલ
માદ્યબીજં = મ્+આદ્ય+બીજં=પ્રથમ બીજરૂપ છે
શ્રી સિદ્ધચક્રં = શ્રી સિદ્ધચક્રજીને
નમામિ = હું નમસ્કાર કરું છું

**ગાથાર્થ :** ॐ હ્રીઁ એવા સ્પષ્ટ અનાહતપૂર્વકના મૂળ મંત્ર સ્વરૂપ, ચારે બાજુથી સ્વરો વડે જે સર્જાયેલું છે. જેમાં અરિહંત વગેરે ઉજ્જ્વળ આદ્યબીજ છે, એવા શ્રી સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

**ભાવાર્થ :** સિદ્ધચક્ર યંત્રના મધ્યમાં આઠ પાંખડીવાળુ કમળ છે, જેમાંથી અર્હ ની સુવાસ વહે છે.

આ યંત્રમાં અર્હ એ મંત્રરૂપ ધરી છે. તેના લીધે જ તે યંત્ર શક્તિરૂપે ગતિમાન થાય છે. અર્હ મંત્ર વડે અરિહંતની સ્થાપના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થઈ. પ્રથમ વલયમાં નવપદની સ્થાપના કરેલી છે. પ્રથમ વલયની પરિધિ પર વર્તુળાકારે ૧૬ સ્વરોની સ્થાપના કરવામાં આવી છે. ઋ, ૠ, ઌ, ૡ આ ચાર સ્વરોને મંત્રશાસ્ત્ર સ્વીકારે છે. આ ઉપરાંત ગુજરાતી ભાષાના ૧૨ સ્વરો (અ, આ, ઇ... વગેરે) મળી કુલ-૧૬ સ્વરો થાય છે. આ સોળ સ્વરો સોળ વિદ્યાદેવીઓના મંત્રબીજ છે.

### વલય-૧ - નવપદજી

**સિદ્ધાદયો દિક્ષુ વિદિક્ષુ સમ્યગ્, દગ્જ્ઞાન ચારિત્ર તપઃ પદાનિ ।**
**સાદ્યન્ત બીજાનિ જયન્તિ યંત્ર, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૨॥**

**શબ્દાર્થ :** સિદ્ધાદયો = સિદ્ધ + આદયો = સિદ્ધ વગેરે
દિક્ષુ = ચારે દિશામાં
વિદિક્ષુ = વિદિશાઓમાં
સાદ્યન્ત = સાદિ+અંત = પહેલેથી છેલ્લે સુધીના
બીજાનિ = બીજ પદો
યત્ર = જેમાં છે. (તેવા સિદ્ધચક્રને હું નમસ્કાર કરૂં છું.)

**ગાથાર્થ :** ચારેય દિશામાં અને (ચારેય) વિદિશાઓમાં અનુક્રમે સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેમજ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આમ પહેલેથી છેલ્લે સુધીના બીજ પદો જ્યાં જય પામે છે, તે શ્રી સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરૂં છું.

**ભાવાર્થ :** પ્રથમ વલયની મધ્યપીઠમાં અર્હં મંત્ર વડે અરિહંતની સ્થાપના થઈ. ચાર દિશામાં અને ચાર વિદિશામાં મળીને સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ મળીને આઠ પદ તથા કેન્દ્રમાં અરિહંત સાથે કુલ નવપદની સ્થાપના થઈ. આ નવપદના મુખ્ય ત્રણ વિભાગ દેવ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુ અને ધર્મ, જૈન ધર્મના તારક તત્ત્વો છે. અરિહંત અને સિદ્ધ દેવ તત્ત્વ છે. અરિહંત પરમાત્મા ધર્મની સ્થાપના કરે છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ગુરુતત્ત્વ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ ધર્મતત્ત્વ છે. નવપદના દરેક પદનું રટણ અને અર્થચિંતન કરતાં તેમજ ધ્યાન કરતા અપૂર્વ શક્તિનો વિસ્ફોટ થાય છે. આમ દરેક પદ મંત્રરૂપ છે. સિદ્ધ પદથી આ વલયની આદિ થાય છે અને તપ પદ આવે ત્યારે અંત થાય છે. તેથી આ આઠ પદો આદિ-અંતવાળા બીજ પદો છે.

## વલય-૨ - વર્ણમાતૃકાઓ

**સાનાહતં યત્ર દલેષુ વર્ગા, ષ્ટકં નિવિષ્ટં ચ તદન્તરેષુ ।**
**સપ્તાક્ષરો રાજતિ મંત્રરાજ, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૩॥**

**શબ્દાર્થ :** સાનાહતં=સ+અનાહતં=વળી જ્યાં અનાહત છે.
યત્ર દલેષુ=જે આઠ પાંખડીમાં
વર્ગાષ્ટકં=વર્ગવાળા અક્ષરોનું અષ્ટક છે.
નિવિષ્ટં=રહેલા છે
તદન્તરેષુ=આંતરામાં
સપ્તાક્ષરો=સાત અક્ષરોનો બનેલો

**ગાથાર્થ :** તે અનાહત મંત્ર છે કે જ્યાં આઠ પાંખડીમાં વર્ગવાળા અક્ષરો છે અને તેના આઠ આંતરામાં **"નમો અરિહંતાણં"** એવા સાત અક્ષરોનો બનેલો મંત્રરાજ શોભે છે. તે શ્રી સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

**ભાવાર્થ :** પ્રથમ વલયમાં આઠ કમલદલ હતા. અહીં બીજા વલયમાં સોળ કમલદલ છે. વર્ણમાતૃકાઓની વચ્ચે સપ્તાક્ષરી મંત્ર છે. આ અક્ષરોથી ભાષાની/શાસ્ત્રોની રચના થઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંસ્કૃત ભાષામાં ૧૬ સ્વર અને ૩૩ વ્યંજન છે. કુલ-૪૯ વર્ણો છે. જે સ્વતંત્ર રીતે બોલી શકાય તે સ્વર કહેવાય. જેને બોલતા સ્વરની સહાય લેવી પડે તે વ્યંજન કહેવાય.

સ્વર અને વ્યંજન સમૂહના આઠ વર્ગ પાડવામાં આવ્યા છે, તેને અષ્ટવર્ગ કહેવાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | પહેલો | **અ-વર્ગ** | અ, આ, ઇ, ઈ... |
| ૨ | બીજો | **ક-વર્ગ** | ક, ખ, ગ, ઘ, ઙ |
| ૩ | ત્રીજો | **ચ-વર્ગ** | ચ, છ, જ, ઝ, ञ् |
| ૪ | ચોથો | **ટ-વર્ગ** | ટ, ઠ, ડ, ઢ, ણ |
| ૫ | પાંચમો | **ત-વર્ગ** | ત, થ, દ, ધ, ન |
| ૬ | છઠ્ઠો | **પ-વર્ગ** | પ, ફ, બ, ભ, મ |
| ૭ | સાતમો | **ય-વર્ગ** | ય, ર, લ, વ |
| ૮ | આઠમો | **શ-વર્ગ** | શ, ષ, સ, હ |

આઠ પાંખડીમાં સ્વરો અને વ્યંજનોની સ્થાપના છે અને આંતરામાં "નમો અરિહંતાણં" એમ સપ્તાક્ષરી મંત્રની સ્થાપના છે, તેનો ભાવાર્થ એમ સમજાય છે કે ઉપરોક્ત **૧૬** સ્વરો અને ૩૩ વ્યંજનો મળીને ૪૯ અક્ષરો દ્વારા શ્રી અરિહંત પરમાત્માએ જગતના જીવોને ધર્મદેશના આપીને કલ્યાણ કર્યું છે તે ૪૯ શ્રુતાક્ષરોને અને ઉપદેશ આપનારા શ્રી અરિહંત પરમાત્માને હું નમસ્કાર કરું છું.

## વલય-૩ - ૪૮ લબ્ધિઓ

**અનાહત વ્યાપ્ત દિગષ્ટકે યત્, સલ્લબ્ધિ સિદ્ધર્ષિ પદાવલીનામ્ ।**
**ત્રિપંક્તિભિઃ સૃષ્ટિ તયા પરિતં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૪॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :** દિગષ્ટકે=દિગ્+અષ્ટકે=આઠે દિશામાં
સલ્લબ્ધિ=સત્+લબ્ધિ=પ્રગટ થઈ છે લબ્ધિઓ જેને
પદાવલીનામ=પદોની લાઈનવાળી (૪૮ લબ્ધિઓ)
ત્રિપંક્તિભિઃ=ત્રણ પંક્તિ વડે, સૃષ્ટિઃ=રચના થયેલી છે
તયા=તે રચનાથી યુક્ત એવા
પરિતં=ચારે બાજુથી (શોભતા એવા સિદ્ધચક્રને હું નમસ્કાર કરૂં છું.)

**ગાથાર્થ :** અનાહતથી વ્યાપ્ત એવી આઠે દિશામાં ભિન્ન ભિન્ન લબ્ધિઓવાળા મહર્ષિ પુરુષોના પદોની ત્રણ પંક્તિ (૧૬-૧૬ લબ્ધિઓની ત્રણ વર્તુળાકાર લાઈન) વડે ચારે બાજુથી જેની રચના થઈ છે, તેવા સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

**ભાવાર્થ :** આ યંત્રની આઠ દિશામાં આઠ અનાહતોની સ્થાપના કરવામાં આવી છે. તે આઠ અનાહતના આંતરામાં ૪૮ લબ્ધિપદો છે. આ લબ્ધિપદોની સ્થાપના બે અનાહત વચ્ચેની અંતરાલ જગ્યામાં થયેલી છે. આઠ લબ્ધિઓની એક પંક્તિ કરવારૂપે એક વર્તુળાકારે બે બે પંક્તિઓનો એક આવર્ત ગણીને કુલ ત્રણ આવર્તમાં છ પંક્તિઓ દ્વારા આઠ આઠ લબ્ધિઓની રચના કરવા રૂપે ૪૮ લબ્ધિધારી મહર્ષિઓને જે યંત્રમાં નમસ્કાર કરવામાં આવ્યો છે, તે સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

પહેલા આવર્તના ૧ થી ૧૬ લબ્ધિપદોનો સંક્ષેપમાં અર્થ નીચે પ્રમાણે છે.

**(૧) ૐ હ્રીઁ અર્હં નમો જિણાણં**

રાગ-દ્વેષ જીતીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ જેઓએ કરી છે તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમને ચોત્રીશ અતિશયો છે, એ અરિહંતપણા (અર્હં)ની વિશિષ્ટ લબ્ધિ છે. બધા લબ્ધિપદોમાં તેમનું સ્થાન વિશેષ હોવાથી પ્રથમ તેમને વંદના કરેલી છે.

**(૨) ૐ હ્રીઁ અર્હં નમો ઓહિજિણાણં**

ઓહિજિણ એટલે અવધિજિન અર્થાત્ અવધિજ્ઞાનની પ્રાપ્તિ કરનાર. પ્રાચીન જૈન સાહિત્યમાં કેવળી, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, જિનકલ્પી, ચૌદપૂર્વી તથા દશપૂર્વી માટે જિન શબ્દનો પ્રયોગ કરેલો છે. કેવલી પરમાત્માએ સર્વથા અને શેષ જ્ઞાની આત્માઓએ મોટા ભાગના મોહનો ક્ષય કરેલો છે, માટે ઉપરોક્ત મહાત્માઓને જિન કહ્યા છે.

**(૩) ૐ હ્રીઁ અર્હં નમો પરમોહિજિણાણં**

પરમાવધિ જિન એટલે પરમાવધિ જ્ઞાનને પ્રાપ્ત કરનાર. પરમાવધિ જ્ઞાન એ અવધિજ્ઞાનનો એક વિશિષ્ટ પ્રકાર છે. પરમાવધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આ અપ્રતિપાતી ગુણ છે.

**(૪) ૐ હ્રીઁ અર્હં નમો સવ્વોહિજિણાણં**

સર્વાવધિ જિન એટલે સર્વાવધિ જ્ઞાન પ્રાપ્ત કરનાર. સર્વાવધિ જ્ઞાન પણ અવધિજ્ઞાનનો જ એક પ્રકાર છે.

**(૫) ૐ હ્રીઁ અર્હં નમો અણંતોહિજિણાણં**

અનંતાવધિ જિન એટલે અનંતાવધિ નામના જ્ઞાનને ધારણ કરનાર. અનંતાવધિ પણ અવધિજ્ઞાનનો જ એક પ્રકાર છે. જે અવધિજ્ઞાન દ્વારા અનંત રૂપી દ્રવ્યો અને અનંત પર્યાયો જણાય છે, તે અનંતાવધિ કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૬) ૐ હ્રીઁ અર્હં નમો કુટ્ઠબુદ્ધિણં

કોષ્ઠબુદ્ધિ લબ્ધિધરની શક્તિ એવી અસાધારણ હોય છે કે તે એકવાર કોઈ શબ્દો સાંભળી લે, પછી તેને યાદ કરવાની જરૂર રહેતી નથી. કોઠીમાં રહેલા અનાજની જેમ અંતરમાં સંઘરાઈ રહે છે. આવી અસાધારણ શક્તિને કોષ્ઠબુદ્ધિ કહે છે. પૂજ્યશ્રી વજ્રસ્વામીએ બાળક અવસ્થામાં પારણામાં સૂતા સૂતા સાધ્વીઓના મુખેથી કહેવાયેલા અર્થો સાંભળી સર્વ અર્થો યાદ રાખ્યા હતા.

## (૭) ૐ હ્રીઁ અર્હં નમો બીયબુદ્ધિણં

બીજબુદ્ધિ એટલે એવી બુદ્ધિ કે એક શબ્દના અનેક અર્થ જાણી શકે. આ લબ્ધિ વડે ચિંતન માત્રથી એક શબ્દના અનેક અર્થો પ્રાપ્ત થાય છે. જેમ એક બીજકણમાંથી અનેક કણ ઉત્પન્ન થાય તેમ.

## (૮) ૐ હ્રીઁ અર્હં નમો પયાણુસારીણં

આદિ, મધ્ય કે અંતનું કોઈ પણ એક પદ સાંભળવાથી જેને આખા ગ્રંથનો બોધ થાય તેને પદાનુસારી લબ્ધિ કહેવામાં આવે છે. તપ-જપ-ધ્યાનથી આવી અસાધારણ શક્તિ પ્રાપ્ત થયાના દાખલાઓ શાસ્ત્રમાં નોંધાયેલા છે. તેથી જ ૪૮ લબ્ધિઓમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## (૯) ૐ હ્રીઁ અર્હં નમો આસીવિસાણં

કોઈપણ પ્રાણીને શાપ આપતાં તેનું મૃત્યુ થાય, એવી શક્તિ ધારણ કરનારને આશીવિષ કહેવાય છે. દ્વૈપાયન ઋષિએ શાપ આપતાં સમસ્ત યાદવ કુળનો નાશ થયો હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૦) ૐ હ્રીઁ અર્હં નમો દિટ્ઠિવિસાણં

જે કોઈ દષ્ટિપ્રયોગથી બીજાનું મરણ નિપજાવી શકે તે દષ્ટિવિષ લબ્ધિ કહેવાય છે. ચંડકૌશિકની ભવ સ્વભાવે જ દષ્ટિ એવી હતી કે તે જેના ઉપર દષ્ટિ નાખે તેનું મૃત્યુ થતું તથા જંગલના વૃક્ષો પણ બળીને ખાખ થઈ જતા. આવી દષ્ટિ જે મહાત્માઓને તપ, જપ આદિના પ્રભાવે પ્રગટ થઈ છે, તે દષ્ટિવિષ લબ્ધિ કહેવાય છે. દષ્ટિવિષ લબ્ધિવાળા મહાપુરુષો અસાધારણ કારણ સિવાય આવી લબ્ધિનો ઉપયોગ કરતા નથી.

## (૧૧) ૐ હ્રીઁ અર્હં નમો સંભિન્નસોયાણં

સામાન્ય રીતે દરેક ઈન્દ્રિય પોતાના વિષયને જાણે છે. સ્પર્શેન્દ્રિય સ્પર્શને જાણે, ચક્ષુરિન્દ્રિય રૂપને જાણે, શ્રવણેન્દ્રિય શબ્દને જાણે, ઘ્રાણેન્દ્રિય ગંધને જાણે. તેમજ રસનેન્દ્રિય રસને જાણે. પરંતુ એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયના વિષયને જાણી શકાતો નથી. સંભિન્ન શ્રોત લબ્ધિથી એવી અસાધારણ શક્તિ પ્રાપ્ત થાય છે કે એક જ ઈન્દ્રિયથી બીજી કોઈપણ ઈન્દ્રિયના વિષયને આ જીવ પકડી શકે અર્થાત્ એક ઈન્દ્રિયથી પાંચે ઈન્દ્રિયના વિષયો જાણી શકાય તે સંભિન્નશ્રોત્રોપલબ્ધિ કહેવાય છે.

## (૧૨) ૐ હ્રીઁ અર્હં નમો સંયસંબુદ્ધાણં

સ્વયંસંબુદ્ધિ એટલે પોતાની મેળે બોધ પામીને આગળ વધવું. આવી અસાધારણ શક્તિને સ્વયંસંબુદ્ધ લબ્ધિ કહેવાય છે. દરેક તીર્થંકર પરમાત્મા સ્વયંસંબુદ્ધ હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## (૧૩) ૐ હ્રીઁ અર્હં નમો પત્તેયબુદ્ધાણં

અનેક નિમિત્તો મળવા છતાં આપણો આત્મા જાગતો નથી. પરંતુ જેની પાસે પ્રત્યેકબુદ્ધ લબ્ધિ હોય છે, તેનામાં એવી અસાધારણ શક્તિ પ્રગટ થાય છે કે જે એક જ નિમિત્ત પામી સંસારસાગર તરી જાય છે.

## (૧૪) ૐ હ્રીઁ અર્હં નમો બોહિબુદ્ધાણં

આ લબ્ધિથી ગુરુના નિમિત્તથી બોધિ એટલે સમ્યગ્દર્શન પામીને કેવળજ્ઞાન સુધી પહોંચી શકે છે. આવી અસાધારણ શક્તિ બોધિબુદ્ધ લબ્ધિધરમાં હોય છે.

## (૧૫) ૐ હ્રીઁ અર્હં નમો ઉજ્જુમઈણં

ઉજ્જુમઈ એટલે ઋજુમતિ. પાંચ જ્ઞાનમાં મનઃપર્યવજ્ઞાન ચોથું ગણાય છે. આ જ્ઞાન વડે વ્યક્તિના મનના ભાવો જાણી શકાય છે. આ મનઃપર્યવજ્ઞાનના બે પ્રકાર છે, (૧) ઋજુમતિ અને (૨) વિપુલમતિ. જેનાથી મનના ભાવોના અલ્પ વિશેષ ધર્મો જણાય તે ઋજુમતિ અને બહુ વિશેષ ધર્મો જણાય તે વિપુલમતિ. આ બંને પ્રકારના જ્ઞાનવાળાને લબ્ધિધર કહેવાય છે.

## (૧૬) ૐ હ્રીઁ અર્હં નમો વિઉલમઈણં

વિઉલમઈ એટલે વિપુલમતિ. દીક્ષા લીધા પછી જ આવી ઉત્તમ લબ્ધિ ઉત્પન્ન થઈ શકે છે. ઉપર જણાવ્યું તેમ વિપુલ મતિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનનો એક પ્રકાર છે.

અહીં ૧ થી ૧૬ લબ્ધિઓનું બે પંક્તિ દ્વારા પ્રથમ આવર્ત પૂર્ણ થયું. હવે બીજા આવર્તના ૧૭ થી ૩૨ એમ ૧૬ લબ્ધિ પદોનો પરિચય કરીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આવર્ત-૨

### (૧૭) ૐ હ્રીઁ અર્હં નમો દસપુવ્વીણં

ચૌદ પૂર્વોમાંના દસ પૂર્વોનું જ્ઞાન ધરાવનાર લબ્ધિધર કહેવાય છે. પૂ. શ્રી સ્થૂલભદ્રજી છેલ્લા દસ પૂર્વધર હતા. તે દશપૂર્વધર પુરુષોને મારા નમસ્કાર હો.

### (૧૮) ૐ હ્રીઁ અર્હં નમો ચઉદસપુવ્વીણં

દ્વાદશાંગીની રચના ગણધરોએ કરી છે. જેમાં બારમા દૃષ્ટિવાદ અંગના પાંચ ભેદ છે. આ પાંચ ભેદ પૈકી ચોથા ભેદમાં ૧૪ પૂર્વો આવેલા છે. શ્રી ભદ્રબાહુસ્વામી છેલ્લા ૧૪ પૂર્વધર થયા. તેવા ચૌદ પૂર્વધરોને મારા નમસ્કાર થાઓ.

### (૧૯) ૐ હ્રીઁ અર્હં નમો અટ્ઠંગનિમિત્તકુસલાણં

અષ્ટાંગનિમિત્તકુશલ એક પ્રકારની લબ્ધિ છે. જેના વડે જ્યોતિષની જેમ સ્વપ્ન, શુકન તથા કુદરતી ઘટનાઓ પરથી ભવિષ્ય કહેવાય છે. શ્રી ભદ્રબાહુસ્વામી અષ્ટાંગનિમિત્તમાં કુશલ હતા. અષ્ટાંગનિમિત્તના જાણકારને મારા નમસ્કાર થાઓ.

### (૨૦) ૐ હ્રીઁ અર્હં નમો વિઉવ્વણઇડ્ઢિપત્તાણં

વિઉવ્વણઇડ્ઢિપત્ત એટલે વિકુવર્ણ ઋદ્ધિ પ્રાપ્તિ. વિકુવર્ણ ઋદ્ધિ એટલે શરીરને ગમે તેટલું મોટું બનાવવાની શક્તિ. મહામુનિ શ્રી વિષ્ણુકુમારે એક પ્રસંગે પોતાના શરીરને આ લબ્ધિનો ઉપયોગ કરી મેરૂપર્વત જેટલું ઊંચુ બનાવ્યું હતું.

### (૨૧) ૐ હ્રીઁ અર્હં નમો વિજ્જાહરાણં

વિજ્જાહર એટલે વિદ્યાધર. આ લબ્ધિથી અનેક પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૨) ૐ હ્રીઁ અર્હં નમો ચારણલબ્ધીણં

આકાશમાં અત્યંત ઝડપથી જવાની શક્તિને ચારણ લબ્ધિ કહેવાય છે. તેના બે પ્રકારો છે. એક વિદ્યાચરણ લબ્ધિ અને બીજી જંઘાચરણ લબ્ધિ. વિદ્યાચરણ લબ્ધિવાળા એક પગલે માનુષોત્તર પર્વત પર જઈ બીજા પગલે નંદીશ્વર દ્વીપ પર આવી શકે છે. પાછા વળતા એક જ પગલે સ્વસ્થાનમાં આવે છે. આ તિર્ચ્છી ગતિ જાણવી. એવી જ ઉર્ધ્વગતિની પણ અમાપ શક્તિ હોય છે.

(૨૩) ૐ હ્રીઁ અર્હં નમો પણ્હસમણાણં

પણ્હસમણ એટલે પ્રજ્ઞાશ્રમણ. મતિજ્ઞાનના ઉત્કૃષ્ટ ક્ષયોપશમથી શ્રમણોમાં પ્રજ્ઞાસમણ લબ્ધિ દ્વારા અસાધારણ શક્તિ ઉત્પન્ન થાય છે. આવી લબ્ધિવાળા મુનિ કોઈપણ પ્રકારના પ્રશ્નોના ઉત્તર સહેલાઈથી આપી શકે છે.

(૨૪) ૐ હ્રીઁ અર્હં નમો આગાસગામિણં

આગાસગામિણ એટલે આકાશગામી લબ્ધિ. આ લબ્ધિના પ્રભાવથી આકાશમાર્ગે ગમન કરી શકાય છે.

(૨૫) ૐ હ્રીઁ અર્હં નમો ખીરાસવીણં

આ લબ્ધિના પ્રભાવથી વાણીમાં ખીર જેવી મીઠાશ ઝરતી હોય છે.

(૨૬) ૐ હ્રીઁ અર્હં નમો સપ્પિયાસવીણં

સર્પિસ એટલે ઘી. જેમાં ઘી જેવી મીઠાશ વાણીમાંથી ઝરતી હોય તે સર્પિરાશ્રવી લબ્ધિ કહેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(૨૭) ૐ હ્રીँ અર્હં નમો મહુઆસવીણં**

જેમની વાણીમાં મધુ એટલે મધ જેવી મીઠાશ હોય તે મધ્વાશ્રવી લબ્ધિ કહેવાય છે.

**(૨૯) ૐ હ્રીँ અર્હં નમો સિદ્ધાયપણાણં**

સિદ્ધાયતન શબ્દ લબ્ધિનો સૂચક છે. જે આત્માઓ સિદ્ધોના સ્થાનમાં જઈને વસે છે, તે સિદ્ધાયતન લબ્ધિવાળા કહેવાય છે.

**(૩૦) ૐ હ્રીँ અર્હં નમો મહઈ-મહાવીર-બુદ્ધમાણ-બુદ્ધિરિસીણં**

બુદ્ધર્ષિ એટલે બુદ્ધ જેવા ઋષિ. ભગવાન મહાવીરનું મૂળ નામ વર્ધમાન હતું. તેઓ મહાન ગુણવાન હતા. તેઓ બુદ્ધર્ષિ હતા.

**(૩૧) ૐ હ્રીँ અર્હં નમો ઉગ્ગતવાણં**

જે ઉગ્ર તપ કરે તે ઉગ્ર તપસ્વી કહેવાય છે. આવા લબ્ધિધારી ઉગ્ર તપ કરવાની અસાધારણ શક્તિવાળા હોય છે.

**(૩૨) ૐ હ્રીँ અર્હં નમો અક્ખીણમહાણસિયાણં**

પાત્રમાં રહેલા થોડા અન્નનું ગમે તેટલું દાન કરે તો પણ તે ક્ષય પામે નહિ. આવી લબ્ધિને અક્ષીણમહાનસી લબ્ધિ કહેવામાં આવે છે. શ્રી ગૌતમસ્વામીને આ લબ્ધિ હતી. તેના પ્રભાવથી એક પાત્રમાં રહેલી ખીરથી ૧૫૦૦ તાપસોને પારણું કરાવ્યું હતું.

અહીં ૧૭ થી ૩૨ લબ્ધિઓનું બે પંક્તિઓ દ્વારા બીજું આવર્ત પૂર્ણ થયું. હવે ત્રીજા આવર્તમાં ૩૩ થી ૪૮ એમ ૧૬ લબ્ધિપદોનો પરિચય કરીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આવર્ત-૩

### (૩૩) ૐ હ્રીઁ અર્હં નમો વઢ્ઢમાણાણં

વઢ્ઢમાણ એટલે વર્ધમાન. આ લબ્ધિના પ્રભાવથી ધન, ધાન્ય આદિ કોઈપણ ઈષ્ટ વસ્તુની વૃદ્ધિ કરી શકાય છે.

### (૩૪) ૐ હ્રીઁ અર્હં નમો દિત્તતવાણં

દીપ્ત એટલે તેજસ્વી. જે તપ કરતા પોતાની કાયા અત્યંત તેજસ્વી બને અથવા તેમાંથી પ્રકાશ ફેલાય તે દીપ્તતપ કહેવાય છે. તપગુણના પ્રતાપે તપસ્વી દીપ્તિમાન બને છે.

### (૩૫) ૐ હ્રીઁ અર્હં નમો તત્તતવાણં

જે તપ કરવાથી અગ્નિ પ્રગટાવી શકાય, તેજોલેશ્યાની પ્રાપ્તિ થાય, તેને તપ્તતપ કહેવાય છે. સાધનાકાળમાં ભગવાન મહાવીરે ગોશાલકને તેજોલેશ્યા પ્રગટે તેવું તપ બતાવ્યું હતું. કાલાંતરે ગોશાલકે સિદ્ધ કરેલી તેજોલેશ્યાનો ઉપયોગ ભગવાન મહાવીર પ્રભુની સામે જ કરેલો.

### (૩૬) ૐ હ્રીઁ અર્હં નમો મહાતવાણં

અકબર બાદશાહના સમયમાં ચંપા શ્રાવિકાએ જેમ છ મહિનાના ઉપવાસ કર્યા હતા, તેની જેમ મહાત્મા પુરુષમાં તપ કરવાની એવી લબ્ધિ પ્રાપ્ત થાય કે જે લબ્ધિથી મહિના, ચાર મહિના કે છ મહિનાના ઉપવાસ થઈ શકે. તે લબ્ધિને મહાતપલબ્ધિ કહેવાય છે.

### (૩૭) ૐ હ્રીઁ અર્હં નમો ઘોરતવાણં

જે મહાત્મા મનમાં અમુક અભિગ્રહ લે અને જ્યાં સુધી તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભિગ્રહ પ્રમાણે ઘટના ના બને ત્યાં સુધી ભોજન ન લે, આ ઘોર તપ કહેવાય છે. એક મહાત્માએ એવો અભિગ્રહ કર્યો હતો કે કોઈ પ્રથમ સેવ વહોરાવે તો જ ભિક્ષા લેવી નહિ તો તે દિવસે ઉપવાસ કરવો. પિસ્તાલીસમા દિવસે તેમનું પારણુ થયું. ભગવાન મહાવીરસ્વામીએ કરેલા ઘોર તપનું પારણું ચંદનબાળાના હાથે થયેલું.

(૩૮) ૐ હ્રીઁ અર્હં **નમો ઘોરગુણાણં**

જેઓ ઘોર એટલે અતિ કઠિન અને ગુણ એટલે ચારિત્રનો ગુણ કેળવે અર્થાત્ નિરતિચાર ચારિત્રનું પાલન કરે તે ઘોરગુણવાળા મહાત્મા કહેવાય છે.

(૩૯) ૐ હ્રીઁ અર્હં **નમો ઘોરપરક્કમાણં**

આ લબ્ધિથી ઘોર પરાક્રમ કરી જલ્દીથી મોક્ષ મેળવી શકાય છે. શ્રીકૃષ્ણના લઘુબંધુ ગજસુકુમાલે નાની ઉંમરમાં શ્રી નેમિનાથ ભગવાન પાસે દીક્ષા લીધી. તરત જ સ્મશાન ભૂમિમાં જઈ કાયોત્સર્ગમાં ઉભા રહ્યા. તેમના સસરા સોમિલ બ્રાહ્મણે આવેશમાં આવી ગુસ્સે થયા અને ધગધગતા અંગારા માથા ઉપર મૂક્યા. તે પડી ન જાય એટલે મસ્તક ઉપર ભીની માટીની પાળ બાંધી, પરંતુ ગજસુકુમાલ ચલિત થયા નહિ. ધ્યાન અવસ્થામાં જ સર્વ કર્મ ખપાવીને મોક્ષે ગયા. આવી મહાન પરાક્રમ કરવાની એક વિશિષ્ટ લબ્ધિ તે ઘોર પરાક્રમ લબ્ધિ કહેવાય છે.

(૪૦) ૐ હ્રીઁ અર્હં **નમો ઘોરગુણબંભયારીણં**

જે મન, વચન, કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘોરગુણબ્રહ્મચારી કહેવાય છે. જેઓ બ્રહ્મચર્યનું ત્રિવિધે ત્રિવિધે પાલન કરે છે, તેમનો કોઈ મનોરથ ખાલી જતો નથી.

**(૪૧) ૐ હ્રીઁ અર્હં નમો આમોસહિપત્તાણં**

આમર્શ ઔષધિની પ્રાપ્તિથી એવી લબ્ધિ પ્રગટ થાય છે કે વ્યક્તિના સ્પર્શ માત્રથી રોગ મટી જાય. એક મહાત્માને આજીવન રોગીઓની સેવા કરતા એવી શક્તિ પ્રાપ્ત થઈ કે કોઈપણ રોગીના માથે હાથ ફેરવે અને તે નિરોગી થઈ જાય.

**(૪૨) ૐ હ્રીઁ અર્હં નમો ખેલોસહિપત્તાણં**

આ લબ્ધિથી શ્લેષ્મ એટલે કફનો બળખો ઔષધિ બની જાય. બળખાના કોઈપણ બિંદુઓનો સ્પર્શ જો રોગીને થાય તો રોગીના રોગ દૂર થઈ જાય.

**(૪૩) ૐ હ્રીઁ અર્હં નમો જલોસહિપત્તાણં**

જલ્લ એટલે શરીરનો મેલ. આ લબ્ધિથી શરીરના મેલમાં કસ્તુરી જેવી સુગંધ હોય છે, જેનો ઉપયોગ કરતાં અનેક પ્રકારના રોગ મટી જાય છે.

**(૪૪) ૐ હ્રીઁ અર્હં નમો વિપ્પોસહિપત્તાણં**

વિપ્રુટ એટલે ઝાડો-પેશાબ, દુર્ગંધ વગરનો હોય અને તેના કોઈપણ બિંદુઓના સ્પર્શ માત્રથી રોગીના રોગ મટી જાય.

**(૪૫) ૐ હ્રીઁ અર્હં નમો સવ્વોસહિપત્તાણં**

જેના નખ, કેશ, દાંત વગેરેમાં ઔષધિ ગુણ પ્રાપ્ત થાય, જેનો ઉપયોગ કરતા અનેક રોગ મટી જાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(૪૬) ૐ હ્રીઁ અર્હં નમો મલબલીણં**

આ અસાધારણ લબ્ધિ છે. આ લબ્ધિધર માત્ર અંતર્મુહૂર્તમાં સમસ્ત શ્રુતસમુદ્રનું અવગાહન કરી શકે છે. એટલે કે અંતર્મુહૂર્તકાળમાં સમસ્ત શ્રુતનું પુનરાવર્તન કરી શકે છે.

**(૪૭) ૐ હ્રીઁ અર્હં નમો વયણબલીણં**

આ વચનબલી લબ્ધિથી અંતર્મુહૂર્તમાં શાસ્ત્ર કંઠસ્થ કરી શકે.

**(૪૮) ૐ હ્રીઁ અર્હં નમો કાયબલીણં**

આ લબ્ધિથી શરીરમાં અપૂર્વ શક્તિ પ્રાપ્ત થાય છે. આ શક્તિથી પર્વત પણ ડોલાવી શકાય છે.

**વલય-૪-૫-૬**

**ત્રિરેખમાયા પરિવેષ્ટિતં યજ્, જયાદ્યધિષ્ઠાયક સેવ્યમાનમ્ ।**
**વિરાજતે સદ્‌ગુરૂ પાદુકાકં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૫॥**

**શબ્દાર્થ :** ત્રિરેખ=ત્રણ રેખા વડે
પરિવેષ્ટિતં=ચારે બાજુથી વીંટળાયેલું
જયાદ્યધિષ્ઠાયક=જયા+આદિ+અધિષ્ઠાયક=જયા આદિ અધિષ્ઠાયક દેવીઓ વડે
વિરાજતે=શોભે છે.

**ગાથાર્થ :** ત્રણ રેખા વડે ચારેય બાજુથી વીંટળાયેલું. જયા આદિ અધિષ્ઠાયક દેવીઓ વડે સેવાતુ અને જે યંત્રમાં સદ્‌ગુરૂની પાદુકા શોભે છે, તે સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરૂં છું.

**ભાવાર્થ :** શ્રી સિદ્ધચક્રનું પ્રથમ વલય નવપદથી અલંકૃત છે. બીજું વલય અષ્ટવર્ગ તથા સપ્તાક્ષરી મંત્રોથી બન્યું છે. ત્રીજું વલય આઠ અનાહતો અને ૪૮ લબ્ધિપદોથી શોભે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રીજા વલયના ઉપર બરાબર મધ્યમાં હ્રીઁકારની સ્થાપના થયેલી છે. તેમાં **ઈ-કારની** રેખાને લંબાવી ત્રણવાર વેષ્ટન કરવામાં આવ્યું છે. આ રેખાનો છેડો ઉપર ન રાખતા **હ્રીઁ**કારની બરાબર સામેના ભાગમાં નીચે રાખવામાં આવ્યો છે અને ત્યાં **ક્રૌં** બીજની સ્થાપના કરવામાં આવી છે, જેને મંત્ર વિશારદો અંકુશબીજ કહે છે. આ રીતે અહીં સાડા ત્રણ રેખા થાય છે. પરંતુ તેને ત્રિરેખા તરીકે ઓળખવાનો વ્યવહાર છે. **હ્રીઁ**કાર મહાશક્તિશાળી મંત્રબીજ છે. તે આલોક અને પરલોકના ભયો દૂર કરે છે. શક્તિ અને શાંતિ આપે છે. **હ્રીઁ** મંત્રબીજમાં આવેલો "હ" તે પાર્શ્વનાથ ભગવાનની સંજ્ઞા છે. તેની નીચે જે રેફ આવેલો છે, તે ધરણેન્દ્રનો સૂચક છે અને તેમાં બિંદુવાળો ચોથો સ્વર એટલે **ઈઁ** શ્રી પદ્માવતી દેવીની સંજ્ઞા છે.

ટૂંકમાં **હ્રીઁ**કાર એ ભગવાન પાર્શ્વનાથ અને તેમના શાસન સેવક અને સેવિકા ધરણેન્દ્ર તથા પદ્માવતીની શક્તિથી યુક્ત અપૂર્વ મંત્રબીજ છે. આ ત્રણ શક્તિઓનું સૂચન ત્રણ રેખા વડે થયેલું છે.

**હ્રીઁ**કારની ત્રણ રેખા દ્વારા વેષ્ટનથી એક પ્રકારનો શક્તિવ્યૂહ રચાય છે. જે અન્ય મંત્ર, અન્ય વિદ્યા તેમજ અન્ય આક્રમણોની દુષ્ટ અસર આ યંત્ર ઉપર થવા દેતો નથી.

## વલય-૪ : સદ્‌ગુરુ પાદુકા

ગુરૂની શક્તિનો કેટલોક અંશ તેમની પાદુકામાં એટલે ચાખડીમાં રહે છે. જ્યાં સુધી ગુરૂ પાદુકાનું વિધિસર પૂજન કરવામાં ન આવે ત્યાં સુધી મંત્રસિદ્ધિ સમીપ આવતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અષ્ટગુરૂ એટલે આઠ પ્રકારના ગુરૂ. તેમની પાદુકા એટલે તેમના ચરણકમલ. આ અષ્ટગુરૂ પાદુકાની સ્થાપના વર્તુળાકારે થાય છે. એટલે તે ચોથા વલયનો એક ભાગ બને છે. તેનો પ્રારંભ આપણી જમણી બાજુથી શરૂ થાય છે. અષ્ટગુરૂ પાદુકાની સ્થાપના આઠ પ્રકારના મંત્રો વડે થયેલી છે. દરેક મંત્ર અને તેનો સંક્ષેપમાં ભાવાર્થ નીચે પ્રમાણે છે.

**(૧) ૐ હ્રીઁ અર્હત્પાદુકાભ્યો નમઃ**

અરિહંત ભગવંતને પ્રથમ ગુરૂ માની તેમના ચરણકમલને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(૨) ૐ હ્રીઁ સિદ્ધપાદુકાભ્યો નમઃ**

સિદ્ધ ભગવંત નિરંજન નિરાકાર હોવા છતાં આપણને આત્માની અમરતાનું અને ચિદાનંદ અવસ્થાનું ભાન કરાવે છે એટલે આપણા ગુરૂ છે. સિદ્ધ ભગવંત ભલે અશરીરી હોય પણ તેમની મૂર્તિ મનમાં કલ્પી તેમના ચરણકમલની સેવા કરી શકાય છે.

**(૩) ૐ હ્રીઁ ગણધરપાદુકાભ્યો નમઃ**

ભગવાનના મુખેથી નીકળતી વાણીને ઝીલી તેને ગણધર ભગવંતો અક્ષરદેહ આપે છે, તે આપણા ઉપર મહાન ઉપકાર કરે છે. તેવા ગણધર ભગવંતોની પાદુકાને મારા નમસ્કાર થાઓ.

**(૪) ૐ હ્રીઁ ગુરૂપાદુકાભ્યો નમઃ**

અરિહંત, સિદ્ધ અને ગણધર ભગવંત પછી સામાન્ય ગુરૂનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્થાન આવે છે. તેમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ થાય છે. તેઓ પણ આપણા સુધી ભગવાનની વાણી લાવવારૂપ ઉપકાર કરે છે, તેથી તેમની પાદુકાને પણ મારા નમસ્કાર હોજો.

**(૫) ૐ હ્રીँ પરમગુરૂપાદુકાભ્યો નમઃ**

જેઓ ગુરુના પણ ગુરુ છે, તે પરમગુરુ કહેવાય છે. તેમના ચરણકમલને કરેલો નમસ્કાર પાપને દૂર કરવામાં અને સિદ્ધિની પ્રાપ્તિમાં વધારે ઉપયોગી છે. તે પરમગુરુની પાદુકાને પણ મારા નમસ્કાર હોજો.

**(૬) ૐ હ્રીँ અદષ્ટગુરુપાદુકાભ્યો નમઃ**

જેઓ અદષ્ટપણે ગુરુનું કામ કરી રહ્યા છે, તેમના ચરણકમલ વંદનીય છે. આપણાથી ત્રણેય કાળમાં ન જોવાયેલા ગુરુ પણ અદષ્ટ ગુરુ છે. કેટલાક મહાત્માઓ જનસંસર્ગથી દૂર રહી એકાંતમાં વસે છે અને ત્યાં ધ્યાનાદિ ક્રિયાઓમાં મસ્ત રહે છે. તેમના પ્રત્યે કૃતજ્ઞતા બતાવવી, તે આપણું કર્તવ્ય છે. તેમની પાદુકાને મારા નમસ્કાર હો.

**(૭) ૐ હ્રીँ અનન્ત ગુરુપાદુકાભ્યો નમઃ**

ભૂતકાળમાં અનંત ગુરુઓ થઈ ગયા. તેમને યાદ કરીને તેમના ચરણકમલને નમસ્કાર કરવામાં આવે છે.

**(૮) ૐ હ્રીँ અનન્તાનન્ત ગુરુપાદુકાભ્યો નમઃ**

ભૂતકાળ કરતા ભવિષ્યકાળ મોટો છે. તેમાં અનંતાનંત ગુરુઓ થવાના છે. ટૂંકમાં વર્તમાન, ભૂત અને ભવિષ્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ ત્રણેય કાળના ધર્મગુરુઓને પૂજ્ય માની તેમની શક્તિનું અહીં સ્થાપન કરવામાં આવ્યું છે. એવા શ્રી અનંતાનંત ગુરુજીની પાદુકાને મારા નમસ્કાર હો.

## વલય-૫ જયાદિ આઠ દેવીઓ

જયાદિ આઠ (જયા, વિજયા, જયંતી, અપરાજિતા, જંભા, થંભા, મોહા-અને ગંધા) દેવીઓની સ્થાપના અષ્ટગુરુપાદુકા પછી થયેલી છે. આ દેવીઓને સામાન્ય રીતે પ્રતિહારી દેવીઓ કહેવામાં આવે છે, કારણ કે તે દેવીઓ દ્વારે ઉભેલા પ્રતિહારીની જેમ રક્ષા કરે છે. આ આઠ દેવીઓમાં પ્રથમની બે દેવીઓ વિશેષ પ્રસિદ્ધ છે.

શ્રી માનદેવસૂરિજી મહારાજ સાહેબ વિક્રમની સાતમી સદીના અંતે થયા. તેઓએ શાકંભરી નગરીમાં ફાટી નીકળેલા મહામારીના રોગને શમાવવા જયા, વિજયા, અજિતા (બીજું નામ જયંતિ) અને અપરાજિતાની સહાય લીધેલી. કોઈ કારણસર ક્રોધે ભરાયેલી શાકિની દેવીએ શાકંભરી નગરીમાં મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો હતો. માખીની જેમ માણસો મરતા હતા. સુરક્ષિત શ્રાવકોની સભા મળી ત્યારે અંતરિક્ષમાંથી અવાજ આવ્યો કે નાડોલ નગરીમાં શ્રી માનદેવસૂરિજી બિરાજમાન છે. તેમના ચરણોના પ્રક્ષાલનનો તમારા મકાનોમાં છંટકાવ કરો, એટલે ઉપદ્રવ શાંત થશે. માનદેવસૂરિજીએ લઘુશાંતિ સ્તોત્રની રચના કરી અને પગધોવણના પાણીથી ઉપદ્રવ શાંત થયો.

## વલય-૬ યંત્રના અધિષ્ઠાયકો

શ્રી સિદ્ધચક્રના અધિષ્ઠાયક મુખ્ય દેવ શ્રી વિમલેશ્વર યક્ષ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને મુખ્ય દેવી શ્રી ચક્રેશ્વરી છે. બાકીના અધિષ્ઠાયકોનાં નામ હાલ અપ્રસિદ્ધ છે. એટલે અપ્રસિદ્ધ સિદ્ધચક્રાધિષ્ઠાયકનો નિર્દેશ કર્યો છે. ક્ષેત્રપાલને પણ અધિષ્ઠાયક દેવોમાં ગણ્યા છે. અન્ય સોળ દેવ-દેવીઓના નામ છઠ્ઠા વલયમાં બતાવ્યા છે. કુલ વીસ (૨૦) દેવ-દેવીઓ થાય છે.

## વલય-૭-૮-૧૧-૧૨

**મૂલગ્રહં કંઠનિધિં ચ પાર્શ્વ, દ્વયસ્થ યક્ષાદિગણં ગુણજ્ઞૈઃ ।**
**યદ્ ધ્યાયતે શ્રી કલશૈકરૂપં, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૬॥**

**શબ્દાર્થ :** મૂલગ્રહં=મૂળ ભાગમાં નવ ગ્રહ
કંઠનિધિં=કંઠના ભાગમાં નવનિધિ
પાર્શ્વ=પડખે
દ્વયસ્થ=બંને (પડખે) રહેલા છે
યક્ષાદિ=યક્ષ-યક્ષિણી તથા ૧૬ વિદ્યાદેવીઓનો સમૂહ
ગુણજ્ઞૈઃ=ગુણજ્ઞ પુરુષો વડે ચિંતન કરાય છે.
કલશૈકરૂપં=કળશના એક આકારવાળુ

**ગાથાર્થ :** જેના મૂળ ભાગમાં નવ ગ્રહો છે અને કંઠના ભાગમાં નવનિધિ રહેલા છે તથા બંને પડખે યક્ષાદિ દેવો તથા સોળ વિદ્યાદેવીઓનો સમૂહ છે, તેવા કળશના આકારવાળા સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

## વલય-૮ યક્ષ-યક્ષિણી

**ભાવાર્થ :** શ્રી સિદ્ધચક્ર યંત્રના આઠમા વલયમાં ડાબી બાજુ ચોવીસ તીર્થંકરોના શાસનદેવો એટલે યક્ષો અને જમણી બાજુ શાસનદેવીઓ એટલે યક્ષિણીઓના નામ છે. નવસ્મરણમાં ત્રીજા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંતિકરંમાં ચોવીસ યક્ષ અને ચોવીસ યક્ષિણીઓના નામ આવે છે. આ ચોવીસ યક્ષિણીઓમાંથી શ્રી ચક્રેશ્વરી, શ્રી અંબિકા તથા શ્રી પદ્માવતી દેવીની ખાસ આરાધના થાય છે.

## વલય-૭ વિદ્યાદેવી

સાતમા વલયમાં સોળ વિદ્યાદેવીના નામ છે. આ વિદ્યાદેવીઓની સ્થાપના તેમના બીજ મંત્રરૂપ સોળ સ્વરો વડે પ્રથમ વલયમાં કરાયેલી છે.

## વલય-૧૨ નવ ગ્રહો

બારમા વલયમાં નવ ગ્રહો આવે છે. કળશના મૂળમાં નવ દેરીઓ બતાવી છે. આ દેરીઓમાં નવ ગ્રહોની સ્થાપના કરવામાં આવી છે. નવ ગ્રહના પૂજનથી શાંતિ મળે છે અને તેમની દુષ્ટ અસરમાંથી મુક્ત થવાય છે. આ નવ ગ્રહો અનુક્રમે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ છે. જુદા જુદા ગ્રહોની શાંતિ માટે જૈન ધર્મમાં જુદા જુદા તીર્થંકર ભગવંતોનું પૂજન અને તેમના મંત્રનો જાપ કરવાનું સૂચન કર્યું છે.

## વલય-૧૧ નવ નિધિ

અગિયારમા વલયમાં કલશના કંઠ ભાગમાં નાના નાના નવ કલશોની લાઈન દેખાય છે. દરેક કલશમાં એક એક નિધિની સ્થાપના કરવામાં આવી છે. આ નવ નિધિમાં અઢળક સંપત્તિ ઉપરાંત અનેક જાતની વિદ્યાઓ અને કલાઓ વિષે પ્રમાણભૂત માહિતી હોય છે. શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પૂજન કરવાથી શક્તિ પ્રગટે છે. જે શક્તિ શ્રી ને તથા સિદ્ધિને ખેંચી લાવે છે. નવ નિધિના નામ નીચે પ્રમાણે છે. (૧) નૈસર્પ (૨) પાંડુક (૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પિંગલક (૪) સર્વરત્ન (૫) મહાપદ્મ (૬) કાલ (૭) મહાકાલ (૮) માણવક અને (૯) શંખ.

### વલય ૯-૧૦-૧૩ (વીર અને દિક્પાળદેવો)

**સદ્વાઃ સ્થ બીજં સ્ફૂટબીજ વીરં, સ બીજ દિક્પાલ મલં નૃણાંયત્ ।**
**ભૂમંડલે ધ્યાતમભિષ્ટદાયિ, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૭॥**

**શબ્દાર્થ :** સદ્વાઃ સ્થ=સ+દ્વાર+સ્થ (તે (મંત્રના) દ્વારમાં રહેલું)
સ્ફૂટબીજ=સ્પષ્ટ બીજ રૂપે
વીરં=(ચાર) વીર
દિક્પાલ=(દશ) દિક્પાળ દેવો
નૃણાયત=નૃણામ+યત્=મનુષ્યોને જે
ભૂમંડલ=પૃથ્વી મંડળ ઉપર
ધ્યાતમ્=ધ્યાન કરાયે છતે
અભિષ્ઠદાયિ=મન વાંછિત ફળ આપવામાં સમર્થ

**ગાથાર્થ :** જે મંત્રના (યંત્રના) દ્વારમાં (ચાર) વીર અને (દશ) દિક્પાળ દેવો સ્પષ્ટ બીજરૂપે રહેલા છે તથા પૃથ્વીમંડળ ઉપર ધ્યાન કરતા મનુષ્યોને મનવાંછિત ફળ આપવામાં સમર્થ છે, તેવા સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

### વલય-૯ દ્વારપાળ

**ભાવાર્થ :** નવમા વલયમાં ચાર દ્વારપાલ દેવો આવે છે. દ્વારપાલ દેવો એટલે દ્વારનું રક્ષણ કરનારા દેવો. અહીં દિશાને જ દ્વાર સમજવાનું છે. પૂર્વદિશામાં નવનિધિની ઉપર કુમુદની ૐ **કુમુદાય નમઃ** મંત્ર વડે સ્થાપના કરી છે, બાકીની ત્રણ દિશાઓમાં અંજન, વામન અને પુષ્પદંતની અનુક્રમે ૐ **અંજનાય નમઃ**,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ૐ **વામ્નાય નમઃ** તથા ૐ **પુષ્પદંતાય નમઃ** મંત્ર વડે સ્થાપના કરવામાં આવી છે.

## વલય-૧૦ વીર દેવો

દસમા વલયમાં ચાર વીર દેવો આવે છે. જેમના નામ છે માણિભદ્ર, પૂર્ણભદ્ર, કપિલ અને પિંગલ. પૂર્વદિશામાં કુમુદની ઉપર ૐ **માણિભદ્રાય નમઃ** તથા દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં અનુક્રમે ૐ **પૂર્ણભદ્રાય નમઃ**, ૐ **કપિલાય નમઃ** તથા ૐ **પિંગલાય નમઃ** આવા મંત્રો વડે ચાર વીર દેવોની સ્થાપના કરવામાં આવી છે.

આપણા કેટલાક અનુષ્ઠાનોમાં નવ ગ્રહો તથા દસ દિક્પાલનું પૂજન આવે છે. તેનો મુખ્ય હેતુ જુદી જુદી દિશાઓમાંથી આવતા ભયોને તથા ગ્રહોની ખરાબ અસરને રોકવાનો છે.

## વલય-૧૩ દિક્પાલ દેવો

તેરમા વલયમાં આવતા દશ દિક્પાલ દેવોના નામ નીચે પ્રમાણે છે :

(૧) ઇંદ્ર (૨) અગ્નિ (૩) યમ (૪) નૈઋતિ (૫) વરૂણ (૬) વાયવ (૭) કુબેર (૮) ઈશાન (૯) બ્રહ્મ અને (૧૦) નાગ.

ચાર દિશા, ચાર વિદિશા તથા ઉર્ધ્વદિશા અને અધોદિશા મળીને કુલ દશ દિશા ગણાય છે. પૂર્વદિશામાં માણિભદ્રની ઉપર ઇંદ્રની સ્થાપના ૐ **ઈન્દ્રાય નમઃ** મંત્ર વડે કરાઈ છે. તે રીતે ઘડિયાળના કાંટાની દિશામાં (cloclwise) ૐ **અગ્નેય નમઃ**, ૐ **યમાય નમઃ**, ૐ **નૈરૂતાય નમઃ**, ૐ **વરૂણાય નમઃ**, ૐ **વાયવે નમઃ**, ૐ **કુબેરાય નમઃ**, ૐ **ઈશાનાય નમઃ**, મંત્ર વડે ચાર દિશા અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર વિદિશામાં આઠ દિક્પાલ દેવોની સ્થાપના કરવામાં આવી છે. હવે ઉર્ધ્વદિશામાં રહેલા બ્રહ્મની કલશના ઢાંકણના મધ્યભાગમાં **ૐ બ્રહ્મણે નમઃ** મંત્ર વડે સ્થાપના કરવામાં આવે છે અને અધોદિશામાં રહેલા કલશની નીચેની કિનારી ઉપર મધ્યમાં ૐ **નાગાય નમઃ** મંત્ર વડે નાગદેવની સ્થાપના કરવામાં આવે છે.

આ યંત્રની ધરણીમંડલમાં એટલે કે પૃથ્વીમંડલમાં સ્થાપના કરવી જોઈએ, એવું વિધાન **સિરિસિરિવાલકહા** નામના ગ્રંથમાં થયેલું છે. આ પૃથ્વીમંડલનો આકાર ચોરસ મનાયો છે. તેમાં **"લં"** તથા **"ક્ષિ"** આ બે પૃથ્વીબીજોની સ્થાપના કરવાની હોય છે. એટલે આ યંત્રની ચારે બાજુ સીધી લીટીઓ દોરવામાં આવે છે અને તેના બંને છેડે ત્રિશુળ મૂકવામાં આવે છે. પછી એ ત્રિશુળવાળા છેડાનું એકના ઉપર બીજી લીટી ચઢાવી મિલન કરવામાં આવે છે. આ રીતે લગભગ ચોરસ જેવી આકૃતિ થાય છે. તેને આપણે પૃથ્વીમંડલ સમજવાનું છે. તેની અંદરના ચારે ખૂણામાં **"લં"** (લ) બીજ અને ચારે લીટીઓના મધ્યભાગે **"ક્ષિ"** બીજ મૂકાય છે.

કલશના કંઠની બંને બાજુ એક એક ચક્ષુ છે. ખુલ્લી આંખો એ જાગતા રહેવાનો સંકેત છે. આપણે પ્રમાદવશ છીએ, એટલે એક પ્રકારની બેહોશીમાં છીએ. ખુલ્લી આંખો સૂચન કરે છે કે તમે ઉપયોગ રાખી સિદ્ધચક્ર યંત્રનું પૂજન કરો. સિદ્ધચક્ર યંત્રની દરેક આકૃતિમાં છૂપો સંકેત રહેલો છે. યંત્રની બંને બાજુ બાંધેલા ખેસ છે અને વચ્ચે ગાંઠ વાળેલી છે. આ ખેસ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. વચ્ચેની ગાંઠ એક સૂચન કરે છે કે આ યંત્રમાં ઘણા રહસ્યો છે. આ રહસ્ય જાણવા પ્રયત્ન કરો તો કલશમાં ભરેલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમૃતનો સાચો સ્વાદ આવશે. યંત્રના ઢાંકણ ઉપર પુષ્પ અને પત્રો મૂક્યા છે, જે તેની પવિત્રતાનું સૂચન કરે છે. પવિત્ર હૃદયથી અને શુદ્ધ ઉચ્ચારથી આહ્વાન આપતા, આકાશમાંથી દેવો પણ પુષ્પમાલા સાથે ઉતરી આવે છે, તે યંત્રમાં બતાવવામાં આવ્યું છે.

શ્રીપાળ અને મયણા શ્રી સિદ્ધચક્રના પરમ આરાધક હતા. તેમણે ભાવપૂર્વક શ્રી સિદ્ધચક્રજીની ભક્તિ અને આરાધના કરી. દિવ્ય તત્ત્વોના પ્રભાવથી તેમનો કોઢ દૂર થયો અને અસલી સ્વરૂપ પ્રગટ થયું. શ્રી સિદ્ધચક્રજીની દિવ્ય શક્તિનો તેમને અનુભવ થયો હોવાથી આ યંત્રમાં શ્રીપાળ અને મયણાનું ચિત્ર બતાવવામાં આવ્યું છે.

## પૂજનનો પ્રભાવ

**યત્રાર્ચિતે યત્ર નમસ્કૃતે ચ, યત્રસ્તુતે યત્ર નમસ્કૃતે ચ ।**
**જના મનોવાંછિતમાપ્નુવન્તિ, શ્રી સિદ્ધચક્રં તદહં નમામિ ॥૮॥**

**શબ્દાર્થ :** યત્રાર્ચિતે=યત્ર+અર્ચિતે=જે (સિદ્ધચક્ર) પૂજાયે છતે
નમસ્કૃતે=(વારંવાર જે સિદ્ધચક્ર) નમસ્કાર કરાયે છતે
સ્તુતે=સ્તુતિ કરાયે છતે
મનોવાંછિતમાપ્નુવંતિ=મનોવાંછિત (ફળ) પ્રાપ્ત કરે છે.
(તે સિદ્ધચક્રને હું નમસ્કાર કરૂં છું.)

**ગાથાર્થ :** જે સિદ્ધચક્ર યંત્રનું (નિયમિત) પૂજન કરતા હોય, સ્તુતિ કરતા હોય અને વારંવાર નમસ્કાર કરતા હોય એવા મનુષ્યો મનવાંછિત (ફળ) પ્રાપ્ત કરે છે, તે સિદ્ધચક્રજીને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** શ્રીપાળ અને મયણાના જીવનમાં સિદ્ધચક્ર પૂજનના પ્રભાવથી બનેલી સત્ય ઘટના દર્શાવે છે કે શ્રી સિદ્ધચક્ર યંત્રનું શુદ્ધિપૂર્વક ઉપયોગ રાખી પૂજન કરવામાં આવે તો મનવાંછિત ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. ફળની ઇચ્છાથી પૂજન કરવાનું નથી, પરંતુ વિધિપૂર્વક કરાયેલા પૂજનનો પ્રભાવ એવો હોય છે કે ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. યંત્રોમાં શ્રેષ્ઠ એવા સિદ્ધચક્રજીનું જો નિયમિત રીતે અને સમજણપૂર્વક પૂજન કરવામાં આવે તો શું ન બને ? આ પ્રભાવશાળી યંત્રનું પૂજન આપણા જીવનની દિશા બદલી નાંખવા માટે અને મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરાવવા માટે પર્યાપ્ત છે.

## ૧૩ વલયો

**ઇત્યતિ ત્રિદશ મણિદ્રુમો, દ્યત પ્રભાવ પટલં શિવપ્રદમ્ ।**
**અર્હદાદિ સમલંકૃતં પદૈઃ, સિદ્ધચક્રમિદમસ્તુનઃ શ્રિયે ॥૯॥**

**શબ્દાર્થ :** ઇત્યતિ=આ પ્રમાણે, ત્રિદશ=તેર વલયો વડે શોભતું,
મણિ=રત્નો, દ્રુમ=કલ્પવૃક્ષ, ઉદ્યત=વધારે
પ્રભાવ પટલં=પ્રભાવના સમૂહવાળું
શિવપ્રદમ્=મોક્ષ (ફળ)ને આપનારું
અર્હદાદિ=અરિહંત આદિ પદો વડે
સમલંકૃત=શોભાયમાન
સિદ્ધચક્રમિદમ્=સિદ્ધચક્ર+ઇદમ્=આ સિદ્ધચક્ર યંત્ર
અસ્તુ નઃ શ્રિયે=આપણા કલ્યાણ માટે થાઓ.

**ગાથાર્થ :** આ પ્રમાણે તેર વલયો વડે શોભતું, કલ્પવૃક્ષની જેમ મોક્ષપદ પામનારું અને અરિહંતાદિ પદો વડે શોભાયમાન એવું આ સિદ્ધચક્ર યંત્ર આપણા કલ્યાણ માટે થાઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :** આ યંત્રમાં તેર વલયો છે. યંત્રની ઉપર ડાબી બાજુ પાંચ અને જમણી બાજુ આઠ વલયો અંકિત કરેલા છે. આઠ શ્લોક દ્વારા દરેક વલયમાં શું છે તેની વિગત આપણે વિસ્તારથી જાણી.

## શ્રી સિદ્ધચક્રના વલયોની સમજણ

### વલય-૧

કેન્દ્રમાં અરિહંત (અર્હં), પ્રથમ વર્તુળમાં ૧૬ સ્વરો (**અ, આ, ઈ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, લૃ, લૄ એ, ઐ, ઓ, ઔ, અં, અઃ**) બીજા વર્તુળમાં અરિહંત સિવાયના આઠ પદો (ચાર દિશામાં : સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને ચાર વિદિશામાં : દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ) રહેલા છે. બીજા વર્તુળને અષ્ટકમલદલ (આઠ પાંખડીવાળું કમળ) કહેવાય છે. ૧૬ સ્વરો એ ૧૬ વિદ્યાદેવીના બીજમંત્ર છે.

### વલય-૨

આ વલયને ષોડશ કમલ (૧૬ પાંખડીવાળુ કમળ) કહેવાય છે. પૂર્વદિશામાં પ્રથમ પાંખડીમાં ૧૬ સ્વરો છે. જેને "અ" વર્ગના વર્ણાક્ષરો કહેવાય છે. ત્યારપછી ત્રીજા, પાંચમા, સાતમા એમ એકી નંબરના કમલદલમાં અનુક્રમે **ક**-વર્ગ, **ચ**-વર્ગ, **ટ**-વર્ગ, **ત**-વર્ગ, **પ**-વર્ગ, **ય**-વર્ગ, **શ**-વર્ગ મળીને કુલ-૪૯ વર્ણાક્ષરો છે. આને વર્ણમાતૃકા કહેવાય છે. જેના દરેક અક્ષરમાં મંત્રશક્તિ સમાયેલી છે.

બીજા, ચોથા, છઠ્ઠા એમ બેકી નંબરના કમલદલમાં સપ્તાક્ષરી મંત્ર "**નમો અરિહંતાણં**" છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વલય-૩

આ વલયમાં અડતાલીશ લબ્ધિપદો અને આઠ અનાહત છે. આ લબ્ધિપદોની સ્થાપના બે અનાહત વચ્ચેની જગ્યામાં (અંતરાલમાં) થયેલી છે. આ લબ્ધિપદો બબ્બેના જોડકામાં લખેલા છે, એટલે તેના એક આવર્તમાં સોળ લબ્ધિપદો આવે છે. આ રીતે કુલ ત્રણ આવર્તોમાં ૪૮ લબ્ધિપદો ગોઠવાયેલા છે. પૂર્વદિશા અને અગ્નિદિશા વચ્ચેના અંતરાલને પ્રથમ અંતરાલ સમજવો. આ અંતરાલમાં બબ્બેના જોડકામાં લબ્ધિપદો છે. પહેલા જોડકામાં લબ્ધિપદ ૧,૨ બીજા જોડકામાં ૧૭,૧૮ અને ત્રીજા જોડકામાં ૩૩,૩૪ આ રીતે એક અંતરાલમાં કુલ છ લબ્ધિપદો ગણતા, આઠ અંતરાલમાં ૪૮ લબ્ધિપદો થાય છે. દરેક લબ્ધિપદ અને તેનો અર્થ આગળ સમજાવ્યો છે.

## વલય-૪

આ વલયમાં આઠ પ્રકારના ગુરુના ચરણકમલ (પગલા)ની સ્થાપના છે. બે ચરણકમલની વચ્ચે મંત્ર લખેલો છે. યંત્રને આપણી સન્મુખ રાખીએ તો જમણી બાજુથી તેની શરૂઆત થાય છે. દરેક મંત્ર અને તેનો અર્થ આગળ આપણે વિચાર્યો છે.

## વલય-૫

જયાદિ આઠ દેવીઓની સ્થાપના તેમના નામવાળા મંત્ર વડે આ વલયમાં નીચે પ્રમાણે છે -

પૂર્વદિશામાં - **ૐ હ્રીઁ જયાયૈ નમઃ**
દક્ષિણ દિશામાં - **ૐ હ્રીઁ વિજયાયૈ નમઃ**
પશ્ચિમ દિશામાં - **ૐ હ્રીઁ જયન્ત્યૈ નમઃ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર દિશામાં - **ૐ હ્રીઁ અપરાજિતાયૈ નમઃ**
અગ્નિ દિશામાં - **ૐ હ્રીઁ જમ્ભાયૈ નમઃ**
નૈઋત્ય દિશામાં - **ૐ હ્રીઁ સ્તમ્ભાયૈ નમઃ**
વાયવ્ય દિશામાં - **ૐ હ્રીઁ મોહાયૈ નમઃ**
ઈશાન દિશામાં - **ૐ હ્રીઁ બન્ધાયૈ નમઃ**

### વલય-૬

યંત્રની બંને બાજુ ઉપર નીચે મળીને કુલ ચાર દેરીઓ છે. ઉપરની ડાબી બાજુની દેરીમાં સિદ્ધચક્ર યંત્રના અધિષ્ઠાયક દેવ શ્રી વિમલવાહન છે. તેમનો મંત્ર છે ૐ **શ્રી વિમલેશ્વરાય નમઃ**, ઉપરની જમણી બાજુની દેરીમાં યંત્રના બીજા અધિષ્ઠાયક શ્રી ચક્રેશ્વરી દેવી છે. તેમનો મંત્ર છે ૐ **શ્રી ચક્રેશ્વર્યૈ નમઃ**

યંત્રની જમણી બાજુ નીચેની દેરીમાં શ્રી અપ્રસિદ્ધ સિદ્ધચક્રાધિષ્ઠાયકાયનું નામ છે (ચોક્કસ નામ ન મળતા અપ્રસિદ્ધ તરીકેનું નામ આપ્યું છે). તેમનો મંત્ર છે -

**ૐ શ્રી અપ્રસિદ્ધાધિષ્ઠાયકાય નમઃ**

યંત્રની ડાબી બાજુ નીચેની દેરીમાં ક્ષેત્રપાલ દેવ છે. તેમનો મંત્ર છે - **ૐ શ્રી ક્ષેત્રપાલાય નમઃ**

આ વલયમાં યંત્રની ડાબી બાજુ ગોળ ફરતે ૧થી૧૦ અને જમણી બાજુ ૧૧થી૨૦ દેવ-દેવીના નામ છે, જેમાં ચાર અધિષ્ઠાયકો અને સોળ અન્ય દેવદેવીઓના નામ આવે છે.

### વલય-૭

આ વલયમાં ૧૬ વિદ્યાદેવીઓ આવે છે. યંત્રની જમણી બાજુ ૧થી૮ વિદ્યાદેવીના મંત્ર છે તથા યંત્રની ડાબી બાજુ નીચેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શરૂ કરતા ૯થી૧૬ વિદ્યાદેવીના મંત્ર છે. દાખલા તરીકે પ્રથમ વિદ્યાદેવીનું નામ છે રોહિણી. જેનો મંત્ર છે-ૐ **હ્રીઁ રોહિણ્યૈ નમઃ** - આ રીતે દરેક વિદ્યાદેવી માટે સમજવું.

સોળ વિદ્યાદેવીના નામ આ પ્રમાણે છે -

(૧) રોહિણી (૨) પ્રજ્ઞપ્તિ (૩) વજ્રશંખલા (૪) વજ્રાંકુશી (૫) અપ્રતિચક્રા (૬) પુરુષદત્તા (૭) કાલી (૮) મહાકાલી (૯) ગૌરી (૧૦) ગાન્ધારી (૧૧) સર્વાસ્ત્રમહાજ્વાલા (૧૨) માનવી (૧૩) વૈરોટ્યા (૧૪) અચ્છુપ્તા (૧૫) માનસી અને (૧૬) મહામાનસી

## વલય-૮

આ વલયમાં ૨૪ યક્ષ અને ૨૪ યક્ષિણીના નામ આવે છે. દરેક તીર્થંકરના અધિષ્ઠાયક દેવ યક્ષ કહેવાય છે અને અધિષ્ઠાયિકા દેવી યક્ષિણી કહેવાય છે. સિદ્ધચક્ર યંત્રની અંદર યંત્રની અપેક્ષાએ જમણી બાજુ યક્ષદેવો અને ડાબી બાજુ યક્ષિણી દેવીઓના મંત્રો છે. આપણે પૂજન કરતી વખતે સામે બેઠા હોઈએ એટલે આપણી અપેક્ષાએ ડાબી બાજુના વલયમાં ૧ થી ૨૪ યક્ષના મંત્રો છે અને જમણી બાજુ ૧ થી ૨૪ યક્ષિણીના મંત્રો છે. દાખલા તરીકે પહેલો યક્ષ છે ગોમુખ અને તેનો મંત્ર છે - ૐ ગોમુખાય નમઃ - તે પ્રમાણે દરેકમાં સમજવું. ૨૪ યક્ષ અને ૨૪ યક્ષિણીના નામ નીચે આપેલા છે.

## ૨૪ યક્ષ દેવો

(૧) ગોમુખ (૨) મહાયક્ષ (૩) ત્રિમુખ (૪) યક્ષેસ (૫) તુમ્બરુ (૬) કુસુમ (૭) માતંગ (૮) વિજય (૯) અજિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦) બ્રહ્મ (૧૧) મનુજ (૧૨) સુરકુમાર (૧૩) ષણ્મુખ (૧૪) પાતાલ (૧૫) કિન્નર (૧૬) ગરુડ (૧૭) ગન્ધર્વ (૧૮) યક્ષેન્દ્ર (૧૯) કુબેર (૨૦) વરુણ (૨૧) ભૃકુટિ (૨૨) ગોમેધ (૨૩) પાર્શ્વ અને (૨૪) માતંગ

## ૨૪ યક્ષિણી દેવીઓ

(૧) ચક્રેશ્વરી (૨) અજિતા (૩) દુરિતારિ (૪) કાલી (૫) મહાકાલી (૬) અચ્યુતા (૭) શાન્તા (૮) જ્વાલા (૯) સુતારકા (૧૦) અશોકા (૧૧) શ્રીવત્સા (૧૨) ચંડા (૧૩) વિજયા (૧૪) અંકુશા (૧૫) પ્રજ્ઞપ્તિ (૧૬) નિર્વાણી (૧૭) અચ્યુતા (૧૮) ધારિણી (૧૯) વૈરોટ્યા (૨૦) અચ્છુપ્તા (૨૧) ગાન્ધારી (૨૨) અંબા (૨૩) પદ્માવતી (૨૪) સિદ્ધાયિકા

## વલય-૯ દિશાવર્તી દ્વારપાળો

ચાર દ્વારપાળના નામ અને તેના મંત્ર તથા તેનું યંત્રમાં સ્થાન આગળ જણાવેલું છે.

## વલય-૧૦ દિશાવર્તી ચાર વીરો

ચાર વીરોનું સ્થાન અને દરેકના મંત્ર આગળ જણાવ્યા છે.

## વલય-૧૧ : કંઠસ્થાને નવનિધિઓ

કલશના કંઠભાગમાં નાના નાના કલશોની હારમાળા દેખાય છે. દરેક કલશમાં એક એક નિધિની સ્થાપના કરવામાં આવી છે. ચક્રવર્તી જ્યારે છ ખંડ જીતીને પોતાના નગરમાં પ્રવેશ કરે ત્યારે ગંગા નદીના પશ્ચિમ તટે આ નવનિધિ પ્રગટ થાય છે. સંક્ષેપમાં તેનો પરિચય નીચે પ્રમાણે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(૧) નૈસર્પ : ૐ નૈસર્પાય નમઃ**

આ નિધિમાં અઢળક સંપત્તિ ઉપરાંત કેટલાક કલ્પો હોય છે. નાના મોટા શહેરો કેવી રીતે વસાવવા તથા ઘરો કેવી રીતે નિર્માણ કરવા તેની રીતિઓ દર્શાવેલી છે.

**(૨) પાંડુક : ૐ પાંડુકાય નમઃ**

આ નિધિમાં ગણિત, ચોવીશ પ્રકારના ધાન્યના બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકારો વર્ણવેલા છે.

**(૩) પિંગલક : ૐ પિંગલાય નમઃ**

આ નિધિમાં સ્ત્રી, પુરુષ, હાથી, ઘોડા વગેરેના આભરણો બનાવવાનો વિધિ દર્શાવ્યો છે.

**(૪) સર્વરત્ન : ૐ સર્વરત્નાય નમઃ**

આ નિધિમાં ચક્રવર્તીના ચૌદ રત્નોનું સ્વરૂપ દર્શાવ્યું છે. આ ચૌદ રત્નોનું સંક્ષેપમાં વર્ણન નીચે પ્રમાણે છે.

૧. **સેનાપતિ રત્ન :** સમસ્ત સેનાનો નાયક
૨. **ગૃહપતિ રત્ન :** ભોજનની તમામ સામગ્રી આપનાર
૩. **પુરોહિત રત્ન :** ધાર્મિક વિધિઓ કરાવનાર
૪. **અશ્વ રત્ન :** ઉત્તમ જાતિનો ઘોડો
૫. **ગજ રત્ન :** ઉત્તમ જાતિનો હાથી
૬. **વર્ધિક રત્ન :** સર્વશ્રેષ્ઠ બાંધકામ કરનાર (એન્જીનિયર)
૭. **સ્ત્રી રત્ન :** ચક્રવર્તીની પટરાણી થવાને યોગ્ય સ્ત્રી
૮. **ચક્ર રત્ન :** દુર્જેય શત્રુનો પરાજય કરાવતું શસ્ત્ર
૯. **છત્ર રત્ન :** મસ્તક ઉપર ધારણ કરવાનું મનોહર છત્ર
૧૦. ચર્મ રત્ન : નદી પાર કરવાનું વિશિષ્ટ સાધન-હોડી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૧. **મણિ રત્ન :** રોગ દૂર કરનાર અને પ્રકાશ કરનાર મણિ
૧૨. **કાકિણી રત્ન :** ખડકને પણ કોરી શકે તેવું સાધન
૧૩. **ખડ્ગ રત્ન :** મોટા ખડકને તોડી નાંખે તેવું ઉત્તમ સાધન
૧૪. **દંડ રત્ન :** ગમે તેવી જમીન ખોદી કાઢે તેવું ઉત્તમ હથિયાર

**(૫) મહાપદ્મ : ૐ મહાપદ્માય નમઃ**

આ નિધિમાં વસ્ત્ર તથા રંગની ઉત્પત્તિ, તેના પ્રકાર, તેને ધોવાની રીતો તથા સાત ધાતુઓનું વર્ણન હોય છે.

**(૬) કાલ : ૐ કાલાય નમઃ**

સમગ્ર કાલનું જ્ઞાન અર્થાત્ જ્યોતિષ. સો પ્રકારના શિલ્પોનું વર્ણન તથા તીર્થંકરાદિના વંશનું કથન હોય છે.

**(૭) મહાકાલ : ૐ મહાકાલાય નમઃ**

લોખંડ, સોનું, મણિ, સ્ફટિક, પરવાળા વગેરેના ભેદો તથા તેની ઉત્પત્તિનું વર્ણન હોય છે.

**(૮) માણવક : ૐ માણવકાય નમઃ**

આ નિધિમાં યોદ્ધાઓની ઉત્પત્તિ, શસ્ત્ર સામગ્રી, યુદ્ધનીતિ, દંડનીતિ વગેરેનું વર્ણન હોય છે.

**(૯) શંખ : ૐ શંખાય નમઃ**

આ નિધિમાં ગદ્ય, પદ્ય, નૃત્ય, નાટક વગેરેનું વર્ણન હોય છે.

ટૂંકમાં આ નવનિધિમાં પુષ્કળ સંપત્તિ ઉપરાંત અનેક જાતની વિદ્યાઓ અને કળાઓ વિશે પ્રમાણભૂત માહિતી હોય છે અને તે સંસ્કૃતિનો પ્રવાહ આગળ ભવિષ્યમાં ગતિમાન કરવામાં સહાયભૂત નીવડે છે. વર્ષો સુધી આ પ્રણાલિકા ચાલુ રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## વલય-૧૨ : કલશાન્તે નવગ્રહો

કળશના મૂળમાં, નીચેના ભાગમાં રહેલી નવ દેરીઓમાં નવ ગ્રહોની સ્થાપના કરવામાં આવી છે. નવસ્મરણમાં બોલાતી મોટી શાંતિ (બૃહદ્ શાંતિ) માં નવગ્રહના નામ નીચે પ્રમાણે આવે છે.

ૐ ગ્રહાશ્ચંદ્ર સૂર્યાંગારક બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ આ ગાથામાં નવ ગ્રહોનો ક્રમ છે. ચંદ્ર, સૂર્ય, મંગળ (અંગારક), બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ.

પ્રાચીન જૈન શાસ્ત્રોમાં ચંદ્ર કરતા સૂર્યનો ઉલ્લેખ પહેલો આવે છે. કારણ કે સમભૂતલા ભૂમિથી ૭૯૦ યોજને તારા, ૮૦૦ યોજને સૂર્ય, ૮૮૦ યોજને ચંદ્ર, ૮૮૪ યોજને નક્ષત્ર અને ૯૦૦ યોજને ગ્રહો હોય છે. અહીં ચંદ્રનો ઉલ્લેખ પ્રથમ કર્યો છે. હવે નવ ગ્રહો વિશે સંક્ષેપમાં વિચારીએ.

**(૧) સૂર્ય : ૐ સૂર્યાય નમઃ**

સૂર્યનો લાલ વર્ણ છે અને પૂર્વદિશાનો અધિપતિ છે. સૂર્યનો પ્રભાવ હૃદય ઉપર ઘણો છે.

**(૨) ચંદ્ર : ૐ સોમાય નમઃ**

વાયવ્ય દિશાનો અધિપતિ છે. શ્વેત વર્ણ છે. ચંદ્રનો વિશેષ પ્રભાવ મન ઉપર છે.

**(૩) મંગળ : ૐ ભોમાય નમઃ**

દક્ષિણ દિશાનો અધિપતિ છે. મંગળનો પ્રભાવ શરીર ઉપર છે.

**(૪) બુધ : ૐ બુધાય નમઃ**

ઉત્તર દિશાનો અધિપતિ છે. બુદ્ધિ ઉપર તેનો પ્રભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(૫) ગુરૂ : ॐ બૃહસ્પતયે નમઃ**

ઈશાન દિશાનો અધિપતિ છે. સર્વ ગ્રહો કરતાં વિશેષ બળવાન છે. ગુરુકૃપાની પ્રાપ્તિમાં ગુરૂનું બળ અસર કરે છે.

**(૬) શુક્ર : ॐ શુક્રાય નમઃ**

અગ્નિ દિશાનો અધિપતિ છે. તેનો પ્રભાવ શારીરિક શક્તિ અને વીર્ય પર છે.

**(૭) શનિ : ॐ શનૈશ્ચરાય નમઃ**

પશ્ચિમ દિશાનો અધિપતિ છે. શનિનો પ્રભાવ આત્મા પર છે.

**(૮) રાહુ : ॐ રાહવે નમઃ**

નૈઋત્ય દિશાનો અધિપતિ છે. અધ્યાત્મ શક્તિ ઉપર રાહુનો પ્રભાવ છે.

**(૯) કેતુ : ॐ કેતવે નમઃ**

રાહુના પડછાયા રૂપ છે. અધ્યાત્મના આનંદ ઉપર તેનો પ્રભાવ છે.

જુદા જુદા ગ્રહોની શાંતિ માટે તીર્થંકર પરમાત્માનું પૂજન અને મંત્ર જાપ નિયમિત કરવો જોઈએ. પેજ નં. ૮૨માં બતાવ્યા મુજબ કયા ગ્રહની શાંતિ માટે કયા તીર્થંકરનો પ્રભાવ છે તથા નવકાર મંત્રના કયા પદનો જાપ કરવો જોઈએ તે દર્શાવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ગ્રહ | તીર્થંકર | જાપ |
|---|---|---|
| સૂર્ય | પદ્મપ્રભસ્વામી | ૐ હ્રીઁ નમો સિદ્ધાણં |
| ચંદ્ર | ચંદ્રપ્રભસ્વામી | ૐ હ્રીઁ નમો આયરિયાણં |
| મંગળ | વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ અને ધર્મનાથ | ૐ હ્રીઁ નમો સિદ્ધાણં |
| બુધ | શાંતિનાથ, અરનાથ, કુંથુનાથ નમિનાથ અને મહાવીરસ્વામી | ૐ હ્રીઁ નમો આયરિયાણં |
| ગુરુ | આદિનાથ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, સુપાર્શ્વનાથ, શીતલનાથ અને શ્રેયાંસનાથ | ૐ હ્રીઁ નમો આયરિયાણં |
| શુક્ર | સુવિધિનાથ | ૐ હ્રીઁ નમો અરિહંતાણં |
| શનિ | મુનિસુવ્રતસ્વામી | ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં |
| રાહુ | નેમનાથ | ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં |
| કેતુ | મલ્લિનાથ, પાર્શ્વનાથ | ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહૂણં |

## વલય-૧૩ દશ દિશાગત્ દશ દિક્પાલો

ચાર દિશા, ચાર વિદિશા, ઉર્ધ્વ અને અધો મળીને દશ દિશાઓમાંથી આવતા ભયોને રોકવા સિદ્ધચક્ર યંત્રમાં દશ દિક્પાલની સ્થાપના કરવામાં આવી છે.

**(૧) ઈંદ્ર : ૐ ઈંદ્રાય નમઃ**

પૂર્વદિશામાં માણિભદ્રની ઉપર સ્થપાય છે. ઐરાવણ હાથી પર આરૂઢ થનાર છે અને હાથમાં વજ્રને ધારણ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) **અગ્નિ : ૐ અગ્નયે નમઃ**

અગ્નિકોણમાં તેની સ્થાપના થાય છે. તેનું વાહન મેઘ છે. હાથમાં શક્તિ નામનું શસ્ત્ર ધારણ કરે છે.

(૩) **યમ : ૐ યમાય નમઃ**

દક્ષિણ દિશામાં પૂર્ણભદ્રની બાજુમાં સ્થપાય છે. મહિષ ઉપર આરૂઢ થનારો છે અને હાથમાં દંડને ધારણ કરે છે.

(૪) **નિઋતિ : ૐ નિરૃત્તયે નમઃ**

નૈઋત્ય કોણમાં તેની સ્થાપના થાય છે. તેના હાથમાં તલવાર છે અને તેનું વાહન શબ છે.

(૫) **વરૂણ : ૐ વરૂણાય નમઃ**

પશ્ચિમ દિશામાં બરાબર કપિલની નીચે વરૂણ નામના પાંચમા દિક્પાલની સ્થાપના થાય છે. મકર પર આરૂઢ થનારો છે અને હાથમાં પાશને ધારણ કરે છે.

(૬) **વાયુ : ૐ વાયવે નમઃ**

વાયવ્ય કોણમાં સ્થપાયેલી ખાસ પીઠિકા પર વાયુ નામના દિક્પાલની સ્થાપના થાય છે. હરિણ પર આરૂઢ થનારો છે અને હાથમાં ધ્વજને ધારણ કરે છે.

(૭) **કુબેર : ૐ કુબેરાય નમઃ**

ઉત્તર દિશામાં સ્થપાય છે. નર પર આરૂઢ થાય છે અને હાથમાં રત્નની ગદા ધારણ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(૮) ઈશાન : ૐ ઈશાનાય નમઃ**

ઈશાન કોણમાં આઠમા દિક્પાલની સ્થાપના થાય છે. તેનું વાહન વૃષભ છે અને તાંડવ નૃત્ય કરનારો છે.

**(૯) બ્રહ્મ : ૐ બ્રહ્મણે નમઃ**


કલશના ઢાંકણની મધ્યમાં નવમા દિક્પાલની સ્થાપના કરવામાં આવે છે.

**(૧૦) નાગ : ૐ નાગાય નમઃ**

કલશની સૌથી નીચેની કિનારી પર મધ્યભાગમાં દશમા દિક્પાલની સ્થાપના કરવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અધિષ્ઠાયક દેવોને આહ્‌વાન



## મુદ્રા : આહ્‌વાન

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે હાથ સવળા રાખવા

રાગ : ભક્તામર...

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વે સમાવ-તરત દ્યુત મુત્સવેડત્ર ॥૧॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા
સિદ્ધપરમેષ્ઠિનઃ અત્ર અવતરત અવતરત સંવોષટ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥


**શબ્દાર્થ :** શ્રી અર્હદાદિ=શ્રી અર્હત+આદિ=અરિહંત આદિ પદો વડે સમલઙ્કૃત=સમ+અલંકૃત=સારી રીતે શોભાયમાન, દેવ્યશ્ચ= અને ચક્રેશ્વરી આદિ દેવી, નિર્મલ-દશો=નિર્મળ દૃષ્ટિવાળા, દિગિના=દિગ્પાળ દેવો, ગ્રહાશ્ચ=અને ગ્રહો, સમાવ-તરત=સમ+અવતરત=સારી રીતે પધારો, દ્યુત મુત્સવેડત્ર=દ્યુતમ્+ ઉત્સવે+અત્ર=અહીં અમારા ઉત્સવમાં જલ્દી જલ્દી.

**શ્લોકાર્થ :** અરિહંત આદિ (નવ) પદો વડે સારી રીતે શોભાયમાન નિર્મલ દૃષ્ટિવાળા વિમલવાહન વગેરે મુખ્ય દેવો તથા દેવીઓ, દિગ્પાળ દેવો અને ગ્રહો અહીં અમારા ઉત્સવમાં જલ્દી જલ્દી પધારો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## મુદ્રા : સ્થાપન

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે હાથ અવળા રાખવા.



**શ્રી અર્હદાદિ-સમલઙ્કૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય-દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વેડપિ તિષ્ઠત સુખેન નિજા-સનેષુ ॥૨॥**


**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્ર : અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ
અત્ર તિષ્ઠત તિષ્ઠત ઠઃ ઠઃ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

**શબ્દાર્થ :** સર્વેડપિ=સર્વે દેવો અને દેવીઓ
નિજાસનેષુ=નિજ+આસનેષુ=પોતપોતાના આસન ઉપર
સુખેન=સુખપૂર્વક
તિષ્ઠત=બિરાજમાન થાઓ.

પહેલા ત્રણ પદોનો અર્થ આગળ આપેલો છે.

**શ્લોકાર્થ :** અરિહંત આદિ (નવ) પદો વડે સારી રીતે શોભાયમાન નિર્મલ દૃષ્ટિવાળા વિમલવાહન વગેરે મુખ્ય દેવો તથા દેવીઓ, દિગ્‌પાળ દેવો અને ગ્રહો પોતપોતાના આસન ઉપર સુખેથી બિરાજમાન થાઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## મુદ્રા : સન્નિધાન

(બંને મુઠ્ઠીવાળી એકબીજાને સ્પર્શ કરી ઉપર અંગુઠા મુઠ્ઠી ઉપર સીધા રાખો.)

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય-દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વેડપિ મે ભવત સન્નિહિતાઃ પ્રમોદાત્ ॥૩॥**


**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ મમ સન્નિહિતા ભવત્ ભવત્ વષટ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

**શબ્દાર્થ :** સર્વેડપિ=સર્વે પણ દેવો
પ્રમોદાત્=હર્ષથી
સન્નિહિતા=મારી નજીક આવો.

**શ્લોકાર્થ :** અરિહંત આદિ (નવ) પદો વડે સારી રીતે શોભાયમાન નિર્મલ દૃષ્ટિવાળા વિમલવાહન વગેરે મુખ્ય દેવો તથા દેવીઓ, દિગ્પાળ દેવો અને ગ્રહો તેમજ બધા દેવો અને દેવીઓ હર્ષથી મારી નજીક આવો.

**ભાવાર્થ :** દેવ-દેવીઓને વિશેષ મહત્ત્વ આપીને સાધક કહે છે કે તમે બધા જ દેવ-દેવીઓ દૂર ન બેસો, પરંતુ મારી નજીક આવો. મંત્ર બોલતી વખતે બંને અંગુઠા છાતી તરફ લઈ જવા. સાધનામાં નિર્વિઘ્નતા માટે દેવ-દેવીઓની સહાય ઇચ્છવામાં આવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## મુદ્રા : સન્નિરોધ

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે અંગુઠા મુઠ્ઠીની અંદર રાખી બંને મુઠ્ઠીનો પરસ્પર સ્પર્શ કરવો.


**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સ્થાતવ્ય-મેવ યજના-વધિ-રત્ર સર્વૈઃ ॥૪॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ પૂજાં યાવદત્રૈવ સ્થાતવ્યમ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ।

**શબ્દાર્થ :** સ્થાતવ્ય-મેવ=સ્થાતવ્યમ્+એવ=આ ઉત્સવમાં રહેવાનું છે. યજના-વધિ=યજન+અવધિ=પૂજાવિધિ સમાપ્ત થાય ત્યાં સુધી.

**શ્લોકાર્થ :** અરિહંત આદિ (નવ) પદો વડે સારી રીતે શોભાયમાન નિર્મલ દષ્ટિવાળા વિમલવાહન વગેરે મુખ્ય દેવો તથા દેવીઓ, દિગ્પાળ દેવો અને ગ્રહો તેમજ સર્વે દેવ-દેવીઓને અમારી પૂજનવિધિ સમાપ્ત થાય ત્યાં સુધી આ ઉત્સવમાં રહેવા માટે વિનંતી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



## મુદ્રા : અવગુંઠન

(અંગુઠા મુઠ્ઠીની અંદર રાખી, પહેલી બે આંગળી સીધી રાખવી.)

**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**સર્વે ભવન્તુ પરદેહ-ભૃતામ-દશ્યાઃ ॥૫॥**


**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૈઁ હ્રઃ અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ
પરેષામદશ્યા ભવત ભવત ફટ્ ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

**શ્લોકાર્થ :** અરિહંત આદિ (નવ) પદો વડે સારી રીતે શોભાયમાન નિર્મલ દષ્ટિવાળા વિમલવાહન વગેરે મુખ્ય દેવો તથા દેવીઓ, દિગ્પાળ દેવો અને ગ્રહો, સર્વે દેવો તમારાથી ભિન્ન દેહને ધારણ કરનારાની (મનુષ્યોની) સામે અદશ્ય રહેજો.

**ભાવાર્થ :** અહીં દેવોને વિનંતી કરવામાં આવી છે કે આ ઉત્સવમાં તમે બીજા લોકોને ખબર ન પડે તેમ અદશ્ય રહેજો. તમારું રૂપ અને વૈભવ જોઈને લોકો તમારા મોહમાં પડી જાય અથવા બીજાને ઈર્ષા પણ આવે.

અહીં છૂપો સંકેત છે કે મહત્ત્વ સિદ્ધચક્ર પૂજનનું છે. જે હૃદયના ભાવથી અને ઉમળકાથી શરૂ કર્યું છે, તેટલા જ ભાવથી પૂર્ણ કરવું છે. દેવ-દેવીની હાજરી જણાય તો વિક્ષેપ થવાનો સંભવ રહે માટે રક્ષા પૂરતી જ દેવોને હાજર રહેવાની વિનંતી કરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



**મુદ્રા : અંજલિ**

(બે હાથનો ખોબો કરવો)


**શ્રી અર્હદાદિ-સમલંકૃત-સિદ્ધચક્રા**
**ધિષ્ઠાયકા વિમલ-વાહન-મુખ્ય દેવાઃ ।**
**દેવ્યશ્ચ નિર્મલ-દશો દિગિના ગ્રહાશ્ચ**
**પૂજાં પ્રતીચ્છત મયા વિહિતાં યથાવત્ ॥૬॥**

**મંત્ર :** ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ અસિઆઉસા સિદ્ધપરમેષ્ઠિનઃ
ઈમાં પૂજાં પ્રતીચ્છત પ્રતીચ્છત ॥
નમઃ સિદ્ધપરમેષ્ઠિભ્યઃ સ્વાહા ॥

**શબ્દાર્થ :** પ્રતીચ્છત=સ્વીકારો
મયા=મારા વડે
વિહિતાં=કરાયેલી
યથાવત્=યથાર્થ

**શ્લોકાર્થ :** અરિહંત આદિ (નવ) પદો વડે સારી રીતે શોભાયમાન નિર્મલ દષ્ટિવાળા વિમલવાહન વગેરે મુખ્ય દેવો મારા વડે વિધિપૂર્વક યથાર્થ કરાયેલી પૂજાને તમે સ્વીકારો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




### દુહો

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે
ભેદ છેદ કરી આત્મા, અરિહંત રૂપી થાય રે
વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે
આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે


**દુહાનો અર્થ :** દ્રવ્ય, ગુણ અને પર્યાય વડે અરિહંત પદનું ધ્યાન કરતો આત્મા "દેહ એ જ હું છું" આવી અજ્ઞાન માન્યતા રૂપ જે ભેદ છે, તેનો છેદ કરે છે અને અરિહંત રૂપી થાય છે. જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ સપ્રાતિ-હાર્યા-તિશય-શાલિભ્યઃ**
**શ્રી અર્હદ્ભ્યો નમઃ સ્વાહા**

**મંત્રનો શબ્દાર્થ :** સપ્રાતિ-હાર્યા-તિશય=સ+પ્રતિહાર્ય+ અતિશય, શાલિભ્યઃ=શોભતા

**મંત્રાર્થ :** (અષ્ટ) પ્રતિહાર્યોવાળા અતિશયથી શોભતા શ્રી અરિહંત પદને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**સિદ્ધ પદ**

દુહો

**રૂપાતીત સ્વભાવ જે, કેવલ-દંસણ-નાણી રે**
**તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**

**દુહાનો અર્થ :** કેવળ દર્શન અને કેવળજ્ઞાનવાળો આત્મા જે રૂપાતીત (અરૂપી) થઈ પોતાના સ્વભાવમાં રહે છે, તેનું (આત્માનું) ધ્યાન કરતા પોતાનો આત્મા સિદ્ધના ગુણોવાળો (ગુણોની ખાણવાળો) બને છે. જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ પ્રાપ્તા-નન્ત-ચતુષ્ટયેભ્યઃ**
**શ્રી સિદ્ધેભ્યો નમઃ સ્વાહા**

**મંત્રનો શબ્દાર્થ :** પ્રાપ્તા-નન્ત-ચતુષ્ટયેભ્યઃ=પ્રાપ્ત+અનંત+ચતુષ્ટયેભ્યઃ

**મંત્રાર્થ :** અનન્ત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય એમ ચાર અનંત ચતુષ્ટય જેમણે પ્રાપ્ત કર્યા છે, એવા સિદ્ધ પરમાત્માને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**આચાર્ય પદ**

## દુહો

**ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે**
**પંચ પ્રસ્થાને આતમા, આચાર જ હોય પ્રાણી રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**

**દુહાનો અર્થ :** મહામંત્ર (સૂરિમંત્ર)ના શુભ ધ્યાને રહેતા અને પાંચ પ્રસ્થાન (પાંચ પીઠ)નું ધ્યાન કરતા એવા મહાત્મા આચાર્ય કહેવાય છે. જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એકચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ પંચા-ચાર-પવિત્રેભ્યઃ**
**શ્રી સૂરિભ્યો નમઃ સ્વાહા**

**મંત્રાર્થ :** પવિત્ર પાંચ આચારો (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર)થી શોભતા શ્રી આચાર્યજીને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



**ઉપાધ્યાય પદ**

### દુહો


**તપ સજઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે**
**ઉપાધ્યાય ને આતમા, જગ-બંધવ જગ-ભ્રાતા રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**

**દુહાનો અર્થ :** જે દ્વાદશાંગીનું ધ્યાન કરે છે, તપ અને સ્વાધ્યાયમાં હંમેશા ડૂબેલા હોય છે, જગતના બંધુ અને જગતના ભાઈ છે તે આત્મા ઉપાધ્યાય કહેવાય છે. જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એકચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર :** ૐ હ્રીઁ શુદ્ધ-સિદ્ધાન્તા-ધ્યાપન-પ્રવણેભ્યઃ
શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ સ્વાહા

**મંત્રાર્થ :** શુદ્ધ એવા સિદ્ધાંતનું અધ્યાપન કરાવવામાં કુશળ એવા શ્રી ઉપાધ્યાય ભગવંતને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**સાધુ પદ**

## દુહો

**અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચે રે**
**સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ૠદ્ધિ મળે સવિ આઈ રે.**

**દુહાનો અર્થ :** જે હંમેશા અપ્રમત્ત રહે છે. જે હરખ કે શોક કરતા નથી, એવા શુદ્ધ આત્માને સાધુ કહેવાય છે. જો આવી સાધુતા ન હોય તો મુંડન કરો કે લોચ કરો તેનો શું અર્થ ?

જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ સિદ્ધિ-માર્ગ-સાધન-સાવધાનેભ્યઃ**
**શ્રી સર્વ-સાધુભ્યો નમઃ સ્વાહા**

**મંત્રાર્થ :** મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવામાં સાવધાન (અપ્રમાદી) એવા સર્વ સાધુઓને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**સમ્યગ્દર્શનપદ**

## દુહો

**શમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવે રે**
**દર્શન તેહિ જ આતમા, શું હોય નામ ધરાવે રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**


**દુહાનો અર્થ :** દર્શનમોહનીય કર્મના ક્ષયથી, ઉપશમથી કે ક્ષયોપશમથી જેનામાં શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય વગેરે ગુણો પ્રાપ્ત થાય છે, તે જ આત્મા સમ્યગ્દર્શન પામ્યો કહેવાય છે. જો સમ્યગ્દર્શન ન હોય તો પછી કોઈ નામ, પદવી મેળવીને શું ફાયદો ?

જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ તત્ત્વ-રુચિ-રૂપાય**
**શ્રી સમ્યગ્-દર્શનાય નમઃ સ્વાહા ॥**

**મંત્રાર્થ :** તત્ત્વની રૂચિ સ્વરૂપ શ્રી સમ્યગ્દર્શન (પદ)ને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




## દુહો

**જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે**
**તો હુએ એહિ જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**

**દુહાનો અર્થ :** જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી અને ક્ષયોપશમથી અજ્ઞાનતા (અબોધતા) જાય છે અને તે આત્મા સમ્યગ્જ્ઞાનવાળો બને છે.

જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ તત્ત્વાવબોધ-રૂપાય**
**શ્રી સમ્યગ્-જ્ઞાનાય નમઃ સ્વાહા ॥**

**મંત્રાર્થ :** તત્ત્વના બોધ સ્વરૂપ શ્રી સમ્યગ્જ્ઞાનપદને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**સમ્યગ્ચારિત્ર પદ**

## દુહો

**જાણ ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે**
**લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**


**દુહાનો અર્થ :** જે પોતાના સ્વભાવમાં રમતો હોય છે, જે શુદ્ધ લેશ્યાથી (નિર્મળ આત્મપરિણતિથી) શોભતો (અલંકર્યો) હોય છે અને મોહરૂપી વનમાં ભમતો નથી, તે આત્મા સમ્યગ્ચારિત્રવાળો જાણવો.

જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ તત્ત્વ-પરિણતિ-રૂપાય**
**શ્રી સમ્યગ્-ચારિત્રાય નમઃ સ્વાહા ॥**

**મંત્રાર્થ :** તત્ત્વની પરિણતિ (ફળ) સ્વરૂપ શ્રી સમ્યગ્ચારિત્ર-પદને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




**સમ્યગ્તપ પદ**

## દુહો

**ઈચ્છા-રોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે**
**તપ તે અહિ જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે**
**વીર જિનેસર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઈ રે**
**આતમ ધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઈ રે.**

**દુહાનો અર્થ :** જે (આત્મા) ઈચ્છાઓનો નિરોધ કરી સંવર કરે છે, જે સમતા ભાવમાં પરિણમે (રહે) છે, જે પોતાના આંતરિક ગુણો ભોગવે છે, તે આત્મા સમ્યગ્તપવાળો કહેવાય છે.

જિનેશ્વર ભગવંતનો ઉપદેશ એક ચિત્તે સાંભળે તો આત્માનું ધ્યાન કરતો આત્મા બધી રિદ્ધિ સિદ્ધિ પામે છે.

**મંત્ર : ૐ હ્રીઁ કેવલ નિર્જરા-રૂપાય**
**શ્રી સમ્યગ્-તપસે નમઃ સ્વાહા ॥**

**મંત્રાર્થ :** કેવળ નિર્જરા સ્વરૂપ શ્રી સમ્યગ્તપપદને હું નમસ્કાર કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## શ્રી સિદ્ધચક્રના ૨ થી ૯ વલયોનું પૂજન

હવે મુખકોશ બાંધીને, નીચેના મંત્રપદો બોલતા જવું અને વાસક્ષેપ પૂજન કરતા જવું.

ૐ હ્રીઁ અષ્ટ-વર્ગાય[૧] સ્વાહા ।

ૐ હ્રીઁ અનાહત-દેવાય[૨] સ્વાહા ।

ૐ હ્રીઁ સર્વ-લબ્ધિ-પદેભ્યો[૨] નમઃ સ્વાહા ।

અનંતલબ્ધિ-નિધાનાય શ્રી ગૌતમસ્વામીને[૩] નમઃ સ્વાહા ।

ગણસંપત્-સમૃદ્ધાય શ્રી સુધર્માસ્વામીને[૪] નમઃ સ્વાહા ।

ૐ હ્રીઁ અનન્તાનન્ત-ગુરૂપાદુકાભ્યઃ[૫] સ્વાહા ।

ૐ હ્રીઁ અર્હં શ્રી સિદ્ધચક્રા-ધિષ્ઠા-યકાય શ્રી વિમલવાહનાય[૬] સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી ચક્રેશ્વર્યૈ[૭] સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી અપ્રસિદ્ધ-સિદ્ધચક્રા[૮]-ધિષ્ઠા-યકાય સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી અર્હં જિનપ્રવચના-ધિષ્ઠા-યકાય શ્રી ગણિપિટક-યક્ષ-રાજ[૯] આધિ અધિષ્ઠાયકેભ્યઃ સ્વાહા ।

ૐ હ્રીઁ શ્રી જયાદિ-દેવીભ્યઃ[૧૦] સ્વાહા ।

---

૧. બીજા વલય ઉપર વાસક્ષેપથી પૂજન કરવું. ૨. ત્રીજા વલય ઉપર પૂજન કરવું. ૩. ત્રીજા વલય પછી જ્યાં ત્રણ રેખાઓ દ્વારા સાડા ત્રણ આંટાનું વેષ્ટન કર્યું છે, ત્યાં પૂર્વદિશામાં "હ્રીઁ" મંત્રાક્ષર છે, તેના ઉપર શ્રી ગૌતમસ્વામી બિરાજમાન છે, તેમ સમજીને "હ્રીઁ" ઉપર પૂજન કરવું. ૪. ઉપર સમજાવ્યું તે પ્રમાણે, પશ્ચિમ દિશામાં "ક્રૌઁ" મંત્રાક્ષર ઉપર પૂજન કરવું. ૫. ચોથા વલય ઉપર જ્યાં ગુરૂના પગલા (પાદુકા) અને મંત્રો છે ત્યાં પૂજન કરવું. ૬. યંત્રની ડાબી બાજુએ ઉપર વિમલેશ્વર (અધિષ્ઠાયક દેવ)ની દેરી ઉપર પૂજન કરવું. ૭. યંત્રની જમણી બાજુએ ઉપર શ્રી ચક્રેશ્વરીની દેરી ઉપર પૂજન કરવું. ૮. યંત્રની નીચે જમણી બાજુએ પ્રસિદ્ધ ન થયેલા અધિષ્ઠાયક દેવની દેરી ઉપર પૂજન કરવું. ૯. છઠ્ઠા વલય ઉપર (જયાદિ દેવીઓ પછી) જ્યાં બંને બાજુ મળી (દસ-દસ) અધિષ્ઠાયક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ॐ હ્રીઁ ષોડશ-વિદ્યા-દેવીભ્યઃ[૧૧] સ્વાહા ।

ॐ હ્રીઁ ચતુર્વિંશતિ-યક્ષેભ્યઃ[૧૨] સ્વાહા ।

ॐ હ્રીઁ ચતુર્વિંશતિ-યક્ષિણીભ્યઃ[૧૩] સ્વાહા ।

ॐ હ્રીઁ ચતુર્દ્વારપાલાય[૧૪] સ્વાહા ।

ॐ હ્રીઁ ચતુર્વીરેભ્યઃ[૧૫] સ્વાહા ।

ॐ હ્રીઁ અઃ દશ-દિક્પાલેભ્યઃ[૧૬] સ્વાહા ।

ॐ હ્રીઁ હ્રઃ નવ-ગ્રહેભ્યઃ[૧૭] સ્વાહા ।

ॐ હ્રીઁ નવ-નિધિભ્યઃ[૧૮] સ્વાહા ।

**નોંધ :** સમયની અનુકૂળતા ન હોય તો પાના .... ઉપર લખેલા બધા જ મંત્રપદો વાંચી જવા ત્યારબાદ સમગ્ર યંત્ર ફરતી વાસક્ષેપ પૂજા કરવી.

---

દેવ-દેવીઓના મંત્ર છે ત્યાં પૂજન કરવું. **૧૦.** પાંચમા વલય ઉપર (જયાદિ આઠ દેવીઓ છે) પૂજન કરવું. **૧૧.** સાતમા વલય ઉપર સોળ વિદ્યાદેવી (રોહિણી, પ્રજ્ઞપ્તિ વગેરે) ના મંત્રો (બંને બાજુએ) ઉપર પૂજન કરવું. **૧૨.** આઠમા વલય ઉપર (ડાબી બાજુ ચોવીશ યક્ષના મંત્રો છે) પૂજન કરવું. **૧૩.** આઠમા વલય ઉપર (જમણી બાજુ ચોવીસ યક્ષિણીના મંત્રો છે) પૂજન કરવું. **૧૪.** નવમા વલય ઉપર (કુમુદાય વગેરે) ચાર દ્વારપાળના મંત્રો ઉપર પૂજન કરવું. **૧૫.** દસમા વલય ઉપર (માણિભદ્ર વગેરે) ચાર વીરપાળના મંત્રો ઉપર પૂજન કરવું. **૧૬.** તેરમા વલય ઉપર (માણિભદ્રની ઉપર ઇંદ્ર વગેરે) દશ દિગ્પાળ (આઠ દિશા અને ઉપર બ્રહ્મ અને નીચે નાગ) ઉપર પૂજન કરવું. **૧૭.** બારમા વલય ઉપર (નીચે નવ ગ્રહો છે) પૂજન કરવું. **૧૮.** તેરમા વલય ઉપર (નવ નિધિ છે) પૂજન કરવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ભૂતબલિ

**મંત્ર : ભૂતા ભૂમિચરા વ્યોમ-ચરાસ્તિર્યક્ચરા અપિ**
**બલિપૂજાં પ્રતીચ્છન્તુ, સન્તુ સંઘસ્ય શાન્તયે ॥**

**શબ્દાર્થ :** ભૂમિચરા=ભૂમિ ઉપર ચાલનારા, વ્યોમચરા = આકાશ માર્ગે ચાલનારા, તિર્યક્ચરા=તિર્છા ચાલનારા, અપિ=એવા પણ, પ્રતીચ્છન્તુ=સ્વીકારજો.

**મંત્રાર્થ :** ભૂમિ ઉપર, આકાશ માર્ગે અને તિર્ચ્છા ચાલનારા ભૂત દેવો (ભૂતો) મારી બલિ પૂજાનો સ્વીકાર કરજો અને સંઘની શાંતિ કરજો.

**ભાવાર્થ :** પૂજનની સમાપ્તિ કરતા કોઈ વિઘ્ન ન આવે તે માટે કેટલાક હલકા દેવોને વિનંતી કરવામાં આવે છે કે મારી પૂજાનો સ્વીકાર કરો અને સકળ સંઘમાં શાંતિ સ્થપાય તેવું કરજો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મંત્ર : શિવમસ્તુ સર્વ જગતઃ પરહિત-નિરતા ભવંતુ ભૂતગણાઃ**
**દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥૧॥**

**શબ્દાર્થ :** શિવં=કલ્યાણ, અસ્તુ=હો, પરહિતનિરતા=પરનું હિત કરવામાં તત્પર, ભૂતગણા=પ્રાણી સમુદાય, પ્રયાંતુ=વિશેષ પામો.

**મંત્રાર્થ :** સર્વ જગતનું કલ્યાણ થાઓ. પ્રાણી સમુદાય બીજાનું (પરનું) હિત કરવામાં તત્પર થાઓ. દોષો (વ્યાધિ, દુઃખ વગેરે) વિશેષ નાશ પામો અને સર્વ ઠેકાણે (સર્વ કાર્યમાં) લોકો સુખી થાઓ.

**ભાવાર્થ :** જગતના સર્વ જીવોમાં પરસ્પર પ્રેમ વધે, કોઈ એકબીજાના દોષ ન જુએ, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય - સર્વ જીવોનું કલ્યાણ થાય અને વિશ્વના સર્વ જીવો સુખી રહે તેવી પ્રાર્થના કરવામાં આવી છે.

**મંત્ર : ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે**
**મિત્તી મે સવ્વ-ભૂએસુ, વેરં મજઝં ન કેણઈ ॥૨॥**

**શબ્દાર્થ :** ખામેમિ=હું ખમાવું છું, મિત્તી=મૈત્રી, મે=મને, ભૂએસુ=જીવો સાથે, મજઝ=મને, કેણઈ=કોઈની પ્રત્યે.

**મંત્રાર્થ :** હું સર્વ જીવોને ખમાવું છું (ક્ષમા આપુ છું), સર્વ જીવો મને ક્ષમા આપો. (વિશ્વના) સર્વ જીવો સાથે મને મૈત્રી હોજો, મને કોઈની પ્રત્યે વેર ન હોજો.

**ભાવાર્થ :** ક્ષમાપનાનો ઉત્કૃષ્ટ ભાવ અહીં રજૂ કર્યો છે. વિશ્વના સર્વ જીવોને પ્રથમ ક્ષમા આપવામાં આવે છે અને વિનંતી કરી ક્ષમા માંગવામાં આવે છે. પરંતુ ક્ષમા આપીને ન અટકતા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરેક જીવો પ્રત્યે મૈત્રીનો હાથ લંબાવ્યો છે, એટલું જ નહીં પણ કોઈની પ્રત્યે વેરનો ભાવ ન રહે તેવી માંગણી કરી છે. આ ભવમાં જ જો આવી ક્ષમા પરસ્પર આપવામાં આવે અને મૈત્રીભાવ રહે તો ભવપરંપરામાં જીવ શાંતિનો અનુભવ કરી શકે છે.

## ક્ષમાયાચના

**મંત્ર : ૐ આજ્ઞા-હીનં ક્રિયા-હીનં, મંત્ર-હીનં ચ યત્ કૃતમ**
**તત્ સર્વં કૃપયા દેવાઃ ક્ષમન્તુ પરમેશ્વરાઃ ॥૧॥**

**મંત્રાર્થ :-** આજ્ઞા વિરૂદ્ધ, ક્રિયાથી વિરૂદ્ધ કે મંત્ર વિરૂદ્ધ કંઈ પણ મારાથી જો ક્રિયા થઈ હોય તો હે પરમેશ્વર ભગવંતો ! અમારા ઉપર કૃપા કરો અને અમને ક્ષમા કરો.

**મંત્ર : આહ્વાનં નૈવ જાનામિ, ન જાનામિ વિસર્જનમ્ ।**
**પૂજા-વિધિં ન જાનામિ, પ્રસીદ પરમેશ્વર ॥૨॥**

**મંત્રાર્થ :-** હું પૂજા વિધિ જાણતો નથી કે આહવાન પણ જાણતો નથી. તેમજ વિસર્જન કેમ કરવું તે પણ જાણતો નથી, તેથી હે પરમેશ્વર પ્રભુ આપ પ્રસન્ન થાઓ.

**મંત્ર : ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ ।**
**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૩॥**

**શબ્દાર્થ :** ક્ષયં યાંતિ=ક્ષય પામે છે, છિદ્યંતે=છેદાય છે, વિઘ્નવલ્લયઃ=વિઘ્નની વેલડીઓ, પ્રસન્નતામ્=પ્રસન્નતાને, એતિ= પામે છે, પૂજ્યમાને=પૂજાયે છતે.

**મંત્રાર્થ :** શ્રી જિનેશ્વરની પૂજા કરે છતે ઉપસર્ગો ક્ષય પામે છે. વિઘ્નરૂપી વેલડીઓ છેદાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મંત્ર : સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ ।**
**પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનમ્ જયતિ શાસનમ્ ॥૪॥**

**શબ્દાર્થ :** પ્રધાનં=શ્રેષ્ઠ, ધર્માણાં=ધર્મોમાં, જૈનમ્=જિનેશ્વરનું પ્રવર્તાવેલું, જયતિ=જયવંતુ વર્તે છે, શાસનં=શાસન.

**મંત્રાર્થ :** સર્વ મંગલોમાં મંગલકારી, સર્વ કલ્યાણનું કારણ, સર્વ ધર્મોમાં મુખ્ય એવું શ્રી જૈન શાસન જય પામે છે.

## વિસર્જનમ્

**મંત્ર : શ્રી સિદ્ધચક્રા-ધિષ્ઠાયકા દેવા દેવ્યશ્ચ સ્વ-સ્થાનાય**
**ગચ્છન્તુ ગચ્છન્તુ પુનરા-ગમનાય પ્રસીદન્તુ પ્રસીદન્તુ સ્વાહા**

**શબ્દાર્થ :** અધિષ્ઠાયકા દેવા=અધિષ્ઠાયક દેવો, દેવ્યશ્ચ=અને દેવીઓ, સ્વ-સ્થાનાય=પોતપોતાના સ્થાને, ગચ્છન્તુ=જાઓ, પ્રસીદન્તુ=પ્રસન્ન રહેજો.

**મંત્રાર્થ :** શ્રી સિદ્ધચક્રજીના અધિષ્ઠાયક દેવ-દેવીઓ પોતપોતાના સ્થાને પધારો પધારો અને ફરીથી આવવા માટે ખુશ રહેજો-પ્રસન્ન રહેજો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અરિહંત વંદના

(રાગ : મંદિર છો મુક્તિ તણા)

**કરી અતુલ આતમ બળ વડે, આંતર રિપુ નિકંદના**
**દુષણ અઢાર દૂરે કર્યા, આતમ સ્વરૂપની નંદના**
**ગુણગણ અનંતા જેહના, કેમે કરીય ગણાય ના**
**અરિહંતના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૧॥**

**શબ્દાર્થ :** જેની કોઈ તુલના ન થઈ શકે (અતુલ) તેવા આત્માના બળ વડે આંતર શત્રુઓનો સંહાર કરી અઢાર પાપસ્થાનકો દૂર કર્યા છે અને આત્મસ્વરૂપના આનંદમાં (નંદના) રહે છે, જેમના ગણી ન શકાય તેવા અનંતા ગુણો છે એવા અરિહંતના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**કેવળ લહી દૃષ્ટા બને, સવિ દ્રવ્ય ક્ષેત્ર કાળના**
**જાણે બધા ભાવો છતાં, તન-મન થકી લેપાય ના,**
**વિહરે જે વાયુની પરે, વસુધાતલે પ્રતિબંધના**
**અરિહંતના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** જેઓ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જાણતા હોવા છતાં માત્ર દૃષ્ટા બને છે. શરીર અને મનથી જે લેપાતા નથી. પૃથ્વી ઉપર વાયુની જેમ અલિપ્ત થઈને જે વિહાર કરે છે અને કોઈનાથી આસક્ત (પ્રતિબંધના) થતા નથી, એવા અરિહંતના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જે દેવનિર્મિત સમવસરણે, બેસી દેતા દેશના**
**વાણી અમીય સમાણી સુણતા, તૃપ્તિ કદીએ થાય ના**
**ચોત્રીશ અતિશય શોભતા, પાંત્રીસ ગુણ વાણી તણા**
**અરિહંતના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** જેઓ દેવનિર્મિત સમવસરણમાં બેસીને દેશના આપે છે. જેઓ ચોત્રીશ અતિશયોથી શોભે છે અને તેમના પાંત્રીશ ગુણોવાળી અમૃત જેવી વાણી સાંભળતા કદી પણ તૃપ્તિ થતી નથી, એવા અરિહંતના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**માર્ગોપદેશક ગુણ ભલો, વ્યસની સદૈવ પરાર્થના**
**સુર અસુર કિન્નર ભક્તિભાવે, હર્ષથી કરે અર્ચના**
**જે નામનું સંસ્મરણ દુરિત, દૂર કરે ભવ ભવ તણા**
**અરિહંતના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** જેમનામાં મોક્ષમાર્ગના ઉપદેશક જેવા ગુણો છે અને જેઓ હંમેશા પરોપકારના (પરાર્થના) વ્યસની છે. દેવો, અસુરો અને કિન્નર દેવો જેમનું ભક્તિભાવથી પૂજન કરે છે, તેમજ જેમના નામ સ્મરણથી ભવોભવના પાપ દૂર થાય છે, તેવા અરિહંતના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

## સિદ્ધ વંદના

**લોકાગ્ર ભાગે સિદ્ધશિલા, ઉપરે જે બિરાજતા**
**નિજ પૂર્ણ કેવળજ્ઞાને, લોકાલોકને નિહાળતા**
**આનંદ વેદન સુખ અનુપમ, દુઃખ તો લવલેશ ના,**
**સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૧॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :** જેઓ લોકના અગ્રભાગે સિદ્ધશિલા ઉપર બિરાજે છે અને પોતાના પૂર્ણજ્ઞાન વડે લોક-અલોકને જુએ છે, જેમનામાં દુઃખનું નામનિશાન નથી તથા અનુપમ સુખ અને આનંદમાં વેદે છે (રહે છે), તેવા સર્વ સિદ્ધોના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**જે નિષ્કષાયી નાથ, નિર્મોહિ નિરાકારી સદા**
**અવિનાશી અકલ અરૂપવંતી, આત્મગુણની સંપદા**
**નિર્મુક્ત જે વળી નિત્ય, દેહાતીત નિજરૂપ રંજના**
**સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** જેમનામાં કષાય તથા મોહ નથી તેમજ નિરાકારી છે. જેમનામાં કલ્પના બહારની (અકલ) અરૂપી અને અવિનાશી એવા આત્મગુણોની સંપદા છે. જેઓ હંમેશા સર્વ કર્મથી મુક્ત (નિર્મુક્ત) દેહાતીત થઈ આત્મસ્વરૂપમાં ઓતપ્રોત (રંજના) રહે છે, એવા સર્વ સિદ્ધોના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**કદી જાય ના એવા સુખોના, સ્વામી સિદ્ધ જિનેશ્વરો**
**ક્ષય થાય ના એવો ખજાનો, ભોગવે પરમેશ્વરો**
**રિદ્ધિ અને સિદ્ધિ અનંતી, જેહની કરે સેવના**
**સવિ સિદ્ધના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** આ સિદ્ધ જિનેશ્વર ભગવંતો કદી ન જાય એવા સુખોના સ્વામી છે, કદી ક્ષય ના થાય તેવા ગુણોનો ખજાનો આ પરમેશ્વરો ભોગવે છે. રિદ્ધિ (અનંતા ગુણો) અને સિદ્ધિ (અઘાતી કર્મોના ક્ષયથી ઉત્પન્ન થતી) જેમની સેવા કરે છે, તેવા સર્વ સિદ્ધોના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું. (રિદ્ધિ અને સિદ્ધિ, બે સ્ત્રીઓની ઉપમા આપી છે.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઘાતી-અઘાતી કર્મ, જે સાથી અનાદિકાળના**
**તેને કરી ચકચૂર સ્વામી, જે થયા નિજ ભાવના**
**અક્ષય સ્થિતિ શાશ્વત સુખો, ભોક્તા મહા સામ્રાજ્યના**
**સવિ સિદ્ધના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** અનાદિકાળથી લાગેલા ઘાતી અને અઘાતી કર્મોનો ક્ષય કરી જે સ્વ સ્વરૂપના (નિજ ભાવના) સ્વામી થાય છે. જેઓ અક્ષય સ્થિતિ અને શાશ્વત સુખોનું મહાસામ્રાજ્ય ભોગવે છે, તેવા સર્વ સિદ્ધોના ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

## આચાર્ય વંદના

**પરમેષ્ઠિના ત્રીજા પદે, જે સ્થાન પાવન પામતા**
**છત્રીસ ગુણોને ધારતા, ષડ્ શત્રુગણ નિવારતા**
**વહેતા વ્રતોના ભારને, કરતા સ્વ-પરની સારણા**
**આચાર્યના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૧॥**

**શબ્દાર્થ :** છત્રીસ ગુણો ધરાવતા આચાર્યશ્રી પંચપરમેષ્ઠિના ત્રીજા પદમાં સ્થાન પ્રાપ્ત કરે છે. જેઓ ષડ્ શત્રુ (કામ, ક્રોધ, ભય, શોક, હાસ્ય અને દ્વેષ)ને તોડીને (નિવારતા) (પંચાચાર રૂપી) વ્રતો પાળી, સ્વ અને પરની સેવા (સારણા) કરે છે, તેવા આચાર્યોના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**ધૂરિ જે જિનશાસન તણા, દેતા મધુરી દેશના**
**પ્રતિબોધતા ભવિ લોકને, જે ભાવતા શુભ ભાવના**
**શાસન પ્રભાવક જે કહ્યા, નેતા ચતુર્વિધ સંઘના**
**આચાર્યના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** જેઓ જિનશાસનના નાયક (ધૂરિ) છે, મધુરી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેશના આપે છે. ભવ્ય જીવોને પ્રતિબોધે છે, શુભ ભાવના ભાવે છે. જેમને શાસન પ્રભાવક કહ્યા છે અને ચતુર્વિધ સંઘના નેતા છે એવા આચાર્યના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**ગીતાર્થતા જેને વરી, વ્યવહાર કુશળતા ભરી**
**ભાખ્યા જે તીર્થંકર સમા, શાસ્ત્રો તણા જ્ઞાનેશ્વરી**
**જયકાર શાસનનો કરે, પાલક સદા જિનઆણના**
**આચાર્યના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** જેઓ ગીતાર્થ છે, વ્યવહારકુશળ છે, જેઓને તીર્થંકર તુલ્ય કહ્યા છે, શાસ્ત્રોના જ્ઞાતા છે. જિનશાસનનો જય જયકાર કરે છે. જિન આજ્ઞાનું હંમેશા પાલન કરે છે, એવા આચાર્યના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**જ્ઞાનાદિ પંચાચાર જે, પાળે પળાવે હેતથી**
**સાધુ તથા સમુદાયનું, કરે યોગ-ક્ષેમ વિવેકથી**
**તોલીને લાભાલાભ જે, રક્ષક બને શ્રીસંઘના**
**આચાર્યના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** જેઓ જ્ઞાનાચાર વગેરે પંચાચારનું પાલન કરે છે અને કરાવે છે અને પ્રેમથી સાધુ તથા સંઘનું (સમુદાયનું) વિવેકથી યોગ-ક્ષેમ કરે છે. (જે ન પામ્યા હોય તેને પમાડે છે - યોગથી અને જે પામ્યા છે તેને આગળ વધારે છે - ક્ષેમથી)

લાભ અને ગેરલાભને યોગ્ય રીતે વિચારીને (તોલીને) જે સંઘના રક્ષક બને છે, તેવા શ્રી આચાર્યના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઉપાધ્યાય વંદના

શાસન તણા ઉદ્યાનને, લીલુડું નિત જે રાખતા
ચોથે પદે જે અલંકર્યા, નિલ વરણ કાંતિ સુરાજતા
પોતે ભણે પરને ભણાવે, ભંડાર વિનય ગુણ તણા
ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૧॥

**શબ્દાર્થ :** જેઓ જિનશાસનના ઉદ્યાનને હંમેશા લીલુછમ રાખે છે, લીલા રંગની કાંતિથી શોભતા (સુરાજતા) જેઓ પંચપરમેષ્ઠિના ચોથા પદે બિરાજમાન થયા છે, પોતે શાસ્ત્રો ભણે છે અને બીજાને ભણાવે છે, તેમજ વિનય ગુણના ભંડાર છે તેવા ઉપાધ્યાયના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

શાસ્ત્રો તણા ગૂઢાર્થ ભેદો, બુદ્ધિ બળથી ખોલતા
જે સારથી સમુદાયના, સન્માર્ગને સંસ્થાપતા
અજ્ઞાનના અંધારપટ, ઉલેચતા શિશુવૃંદના
ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૨॥

**શબ્દાર્થ :** જેઓ પોતાના બુદ્ધિ બળથી શાસ્ત્રોના ગૂઢ રહસ્યો ખોલે છે, જે સંઘના સારથિ છે, જે સન્માર્ગને સ્થાપે છે, જેઓ શિષ્યોના (શિશુવૃંદના) અને અજ્ઞાની જીવોના અંધારપટ ઉલેચનારા છે, તેવા ઉપાધ્યાયશ્રીના શુભ ચરણોમાં હું ભાવપૂર્વક વંદન કરું છું.

શાસન તણા સામ્રાજ્યના, મહામંત્રી પદ પર રાજતા
જે પદ તણા સંસ્મરણથી, મંદો સુપાવે પ્રાજ્ઞતા
ઉપયોગવંત પ્રધાન જયણા, ભાવ ભીરુ પાપના
ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૩॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :** જેઓ જિનશાસન રૂપી સામ્રાજ્યના મહામંત્રી પદ પર શોભે છે, જે પદના સ્મરણથી મંદ બુદ્ધિવાળો (મંદો સુપાવે) પણ બુદ્ધિમાન (પ્રાજ્ઞતા) બને છે. જે ઉપયોગવાળા અને સારી જયણા પાળનાર છે, તેમજ પાપના ભાવ ભીરૂ છે, એવા શ્રી ઉપાધ્યાયના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**જે ગુપ્ત રત્નનિધાન સમ, પચીસ ગુણે કરી ઓપતા**
**મહાને ચલાવે પણ સૂરિની, આણ કદીએ ન લોપતા**
**કરે સારણા કદી વારણા, નિત ચોયણા પ્રતિચોયણા**
**ઉપાધ્યાયના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** જેઓ ગુપ્ત રત્નોના ભંડાર (નિધાન) છે, પચીસ ગુણોથી શોભે છે, જેઓ નાવિક (મહાને) થઈને આચાર્યના સંઘનું સંચાલન કરે છે અને ગુરુની આજ્ઞા લોપતા નથી. જેઓ સારા કાર્યમાં પ્રેરણા કરે છે (સારણા) અને ખોટા કામને રોકે છે (વારણા), જેઓ સારા કામમાં જોડાયેલાને પ્રોત્સાહન આપે છે (ચોયણા) અને વારંવાર પ્રોત્સાહિત કરે છે (પડિચોયણા) એવા શ્રી ઉપાધ્યાયના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

## સાધુ વંદના

**તજી માત તાત સ્વજન સંબંધી, પ્યારા સૌ પરિવારને**
**મૂકી માયા ને મમતા નઠારી, સ્વાર્થ ભર્યા સંસારને**
**કરે સાધના એકાંતમાં એક, પૂર્ણ પદની ઝંખના**
**એ શ્રમણના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૧॥**

**શબ્દાર્થ :** જેમણે માતા, પિતા સગા-સંબંધી અને સૌ પ્યારા પરિવારને છોડ્યા છે, નઠારી માયા અને મમતાને ત્યાગી છે, સ્વાર્થ ભર્યા સંસારને છોડ્યો છે, જે એકાંતમાં સાધના કરીને પૂર્ણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદની ઝંખના કરે છે, એ શ્રમણના શુભ ચરણમાં હું ભાવપૂર્વક વંદન કરું છું.

**તપ ત્યાગને સ્વાધ્યાયમાં, તલ્લીન જે નિશદિન રહે**
**ઉપસર્ગને પરિષહ તણી, વણઝાર જે હસતા સહે**
**દશવિધ સાધુ ધર્મની, કરે ભાવથી આરાધના**
**એ શ્રમણના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** જે દિવસ રાત, તપ, ત્યાગ અને સ્વાધ્યાયમાં તલ્લીન રહે છે. ઉપસર્ગ અને પરિષહોની વરસતી વણઝારમાં જે હસતા રહે છે, જે દસે પ્રકારના યતિધર્મની (દશવિધ) ભાવથી આરાધના કરે છે, એ શ્રમણના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**તલવાર ધાર સમા મહાવ્રત, પાળતા જે આકરા**
**નૈષ્ઠિક બ્રહ્મે રાચતા, સવિ જીવના જે આશરા**
**વર હેમની પરે ઓપતા, સેતુ સકલ કલ્યાણના**
**એ શ્રમણના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** જે તલવારની ધાર જેવા આકરા મહાવ્રત પાળે છે, જે નિષ્ઠાપૂર્વક (નૈષ્ઠિક) બ્રહ્મચર્ય (બ્રહ્મ) પાળે છે, જે સર્વ જીવોના આશ્રય રૂપ છે, જે શ્રેષ્ઠ સોનાની જેમ શોભે છે (ઓપતા), સહુ જીવોના કલ્યાણના સેતુરૂપ છે, એ શ્રમણના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**સાધે જે નિરતિચાર, પાંચ મહાવ્રતોના યોગને**
**જે વાસી-ચંદન કલ્પ, ના વાંછે સુરાદિ ભોગને**
**ઇચ્છે પ્રશંસા ના કદી, નિંદક પ્રતિ પણ દ્વેષના**
**એ શ્રમણના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :** જે પંચમહાવ્રત ધારણ કરી નિરતિચાર (દોષ વિનાનું) ચારિત્ર પાળે છે. જેને વાસની જેમ છોલે (ખંધક મુનિ) કે ચંદનથી પૂજે તો પણ સમભાવ રાખે (વાસી-ચંદન કલ્પ) જે દેવોના ભોગસુખને ઈચ્છે નહિ, જે કોઈની પ્રશંસા ના કરે તેમજ પોતાના નિંદક (નિંદા કરનાર) પ્રતિ પણ દ્વેષ ના કરે એવા શ્રમણના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

## સમ્યગ્દર્શન વંદના

**મારા પ્રભુએ જે પ્રરૂપ્યું, તે જ સાચુ એક છે**
**તે સત્ય છે નિઃશક છે, તે પ્રાણ છે આધાર છે**
**શ્રદ્ધા ખડગ જેવી અડગ, મુજ અંતરે હો સ્થાપના**
**દર્શન તણા શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૧॥**

**શબ્દાર્થ :** મારા પ્રભુએ કેવળજ્ઞાનથી જે જોયું છે (પ્રરૂપ્યું છે) તે જ સાચું છે. નિઃશકપણે તે સત્ય છે. તે જ પ્રાણ છે અને આધાર છે, એવી ખડક જેવી અડગ શ્રદ્ધા મારા અંતરમાં સ્થપાય તેમ હું ઈચ્છું છું. એવા સમ્યગ્દર્શનના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**છો ને ચમત્કારો બતાડે, દેવતાઓ ભલભલા**
**તોડી શકે ના કોઈ મુજ, શ્રદ્ધા તણી શુભ શૃંખલા**
**સમકિતધારી શ્રાવિકા, સુલસાના ગુણ કહેવાય ના**
**દર્શન તણા શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** ભલેને દેવતાઓ ચમત્કાર બતાવે, પરંતુ મારી શ્રદ્ધાની શુભ શૃંખલા કોઈ જ તોડી શકે તેમ નથી, જેણે સમકિત પ્રાપ્ત કર્યું છે તેવી સુલસા શ્રાવિકાના ગુણોની શું વાત કરીએ ? એવા સમ્યગ્દર્શનના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે બીજ છે શિવપદ તણું, સડસઠ વિભેદે વર્ણવ્યું
ક્ષયોપશમ ક્ષાયિક ઉપશમ, દષ્ટિ નિર્મળતા ભર્યું
જેનું અનુપમ સ્થાન છે, છટ્ઠે પદે સિદ્ધચક્રના
દર્શન તણા શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૩॥

**શબ્દાર્થ :** સમ્યગ્દર્શન એ મોક્ષપદનું બીજ છે અને જેને સડસઠ ભેદથી વર્ણવ્યું છે. જેની ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવી નિર્મળ દૃષ્ટિ છે. સિદ્ધચક્રના છઠ્ઠા પદે જેનું અનુપમ સ્થાન છે, એવા સમ્યગ્દર્શન પદના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

તનથી રહે સંસારમાં, પણ મોક્ષમાં મનડું રમે
તપ ત્યાગ સંયમ ભાવના, જેના રગેરગમાં રમે
ઉત્કૃષ્ટ છાસઠ સાગરૂની, સ્થિતિ હોયે ખંડના
દર્શન તણા શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥

**શબ્દાર્થ :** (સમ્યગ્દૃષ્ટિ આત્મા) શરીરથી ભલે સંસારમાં રહે પણ તેનું મન તો મોક્ષમાં રમે છે. તેના રગેરગમાં તપ, ત્યાગ અને સંયમની ભાવના છે. જે છાસઠ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિનું ખંડન કરે છે, એવા સમ્યગ્દર્શનના શુભ ચરણમાં હું ભાવથી વંદન કરું છું.

## સમ્યગ્જ્ઞાન વંદના

કર્મો ખપાવી ઘાતીયા, કેવળ લહી પ્રભુ શુભ સમે
ખોલે ખજાનો ગૂઢ હિતકર, મોહ મિથ્યા તમ શમે
આપે ત્રિપદ ગણધારને, કરે ચૌદ પૂરવ સર્જના
સદ્જ્ઞાનના શુભ ચરણમાં કરું ભાવથી હું વંદના ॥૧॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :** જે ચાર ઘાતી કર્મોનો ક્ષય કરાવી પ્રભુને કેવળજ્ઞાન પમાડી શુભ ભાવમાં રહે છે. લોકોના હિત માટે જે ગૂઢ ખજાનો ખોલે છે. જેનાથી મોહરૂપી મિથ્યાત્વનો અંધકાર દૂર થાય છે. જે ગણધરોને ત્રિપદી આપી, ચૌદ પૂર્વનું સર્જન કરાવે છે, એવા સમ્યગ્જ્ઞાન પદના શુભ ચરણોમાં હું ભાવપૂર્વક વંદન કરું છું.

**છે શાસ્ત્ર 'દીપક' સારીખા, મોહાંધકાર ઘને વને**
**છે શાસ્ત્ર દીવાદાંડી સમ, મિથ્યા મહોદધિ તારણે**
**પદ પદ પરમ પાવન શુચિ, અનેકાંતવાદ નિદર્શના**
**સદ્જ્ઞાનના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** જે મોહરૂપી ઘનઘોર અંધકારથી છવાયેલા જંગલમાં શાસ્ત્રરૂપી દીપક બને છે, જે મિથ્યાત્વના મહાસાગર તરવામાં શાસ્ત્રરૂપી દીવાદાંડી જેમ છે, જેના એક એક પદ પરમ પવિત્ર છે અને અનેકાંતવાદથી ભરેલા છે, તેવા સમ્યગ્જ્ઞાનના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**આતમ સ્વરૂપને શોધવા, સદ્જ્ઞાન છે સાચો સખા**
**સ્વ-પર પ્રકાશક જે કહ્યું, આત્મિક ગુણ અમુલખા**
**મતિ-શ્રુત-અવધિજ્ઞાન, મન-કેવલ વિભેદો જ્ઞાનના**
**સદ્જ્ઞાનના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** આત્માના સ્વરૂપને શોધવા માટે સમ્યગ્જ્ઞાન એક સાચા મિત્ર બને છે. આત્માનના અમૂલ્ય ગુણો મેળવવા માટે જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. જેના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એમ પાંચ ભેદ છે. એવા સમ્યગ્જ્ઞાનના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**જ્ઞાની ખપાવે ચીકણા, કર્મો જે શ્વાસોશ્વાસમાં**
**તે ક્રોડો વર્ષે ના છૂટે, અજ્ઞાનના અંધકારમાં**
**જ્ઞાને હીણા પશુ સમ કહ્યા, કિશ્યા કહું ગુણ જ્ઞાનના ?**
**સદ્જ્ઞાનના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** એક જ શ્વાસોશ્વાસમાં જ્ઞાની ચીકણા કર્મો ખપાવી શકે છે. અજ્ઞાનના અંધકારમાં કરોડો વર્ષ વીતે તો પણ કર્મો તૂટતા નથી. જ્ઞાનના ગુણો એટલા બધા છે, તે હું કેવી રીતે (કિશ્યા) કહું ? જ્ઞાન વિનાને પશુ જેવા કહ્યા છે, એવા સમ્યગ્જ્ઞાનના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

## સમ્યગ્ચારિત્ર વંદના

**ચારિત્રમોહ વિનાશથી, ભવિજન સુસંયમ પામતા**
**ઈન્દ્રિય નોઈન્દ્રિય દમી, આતમ વિશુદ્ધિ ધારતા**
**છે પંચસમિતિ ગુપ્તિત્રય, અષ્ટ માતની જ્યાં સેવના**
**ચારિત્રના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૧॥**

**શબ્દાર્થ :** ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી ભવ્ય જીવો શુભ એવું સંયમજીવન પામે છે. ઈન્દ્રિય અને નોઈંદ્રિય (મન)નું દમન કરી આત્મવિશુદ્ધિ ધારણ કરે છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાની જ્યાં સેવા થાય છે, એવા ચારિત્રના શુભ ચરણોમાં ભાવપૂર્વક હું વંદન કરું છું.

**ચારિત્ર છે તલવારની, ધારા સમું વ્રત આકરું**
**આજ્ઞા તણી આરાધના, દુષ્કર છતાં ગુણ આગરૂ**
**મનની કરી વિલિનતા, ગીતાર્થ ગુરુ સમુપાસના**
**ચારિત્રના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૨॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :** ચારિત્ર એ તલવારની ધાર જેવું પાળવું આકરું છે, ભગવાનની આજ્ઞાની જેમ આરાધના પાળવામાં દુષ્કર છે, છતાં ગુણોના ભંડાર (આગરૂ) રૂપ છે. ગીતાર્થ ગુરૂ તેની (ચારિત્રની) સમ્યગ્ ઉપાસનામાં મનને જોડી દે છે. એવા સમ્યગ્ચારિત્રના શુભ ચરણોમાં હું ભાવથી વંદન કરું છું.

**વસવું ગુરુકુળવાસમાં, આતમ સમર્પિત ભાવથી**
**પ્રતિશ્રોત વહેવું ખંતથી, ઈચ્છાદિના નિરોધથી**
**જ્યાં ચૌદ રાજ તણા જીવોને, છે અભયની ઘોષણા**
**ચારિત્રના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** આત્મ સમર્પણભાવ રાખી જે ગુરુકુળમાં વસે છે. ઈચ્છાઓનો નિરોધ કરી ખંતપૂર્વક (મોહરૂપી પ્રવાહની) વિરૂદ્ધ દિશામાં (પ્રતિશ્રોત) વહે છે, જે ચૌદ રાજલોકમાં રહેલા જીવોને અભયદાનની ઘોષણા કરે છે, એવા સમ્યગ્ચારિત્રના શુભ ચરણોમાં હું ભાવપૂર્વક વંદન કરું છું.

**પાળ્યા અનંતા દ્રવ્ય ચારિત્રો, છતાં ભવ ના શમ્યા**
**પળવાર સંયમ ભાવથી, પાળી પરમપદ ઉપન્યા**
**છે રાજમારગ આજ એક જ, અન્ય કો' શિવપંથના**
**ચારિત્રના શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** અનંતવાર દ્રવ્ય ચારિત્ર લીધા છતાં ભવના ફેરા ન ટળ્યા. પળવાર માટે પણ ભાવ ચારિત્ર પાળવાથી પરમપદ પમાય છે. આ જ એક મોક્ષપદ પામવા માટેનો રાજમાર્ગ છે. બીજો કોઈ જ માર્ગ નથી. એવા ચારિત્રપદના શુભ ચરણોમાં હું ભાવપૂર્વક વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સમ્યગ્તપ વંદના

**તોડે નિકાચીત ઘાતી ઘન, કર્મો તણા સમુદાયને**
**કુવાસના કુવિકાર સઘળા, દૂર કરે કુસંસ્કારને**
**આધિ ઉપાધિ વ્યાધિઓ, જેનો કરે સંગાથ ના**
**તે તપ તણા શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૧॥**

**શબ્દાર્થ :** જેનાથી ચીકણા (નિકાચીત) એવા ઘાતીકર્મો તૂટે છે. જેનાથી ખરાબ વિચારો, ખરાબ વાસનાઓ તથા અશુભ સંસ્કારો દૂર થાય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિઓ જેનો સંગ કરતા નથી, એવા સમ્યગ્તપના શુભ ચરણોમાં હું ભાવપૂર્વક વંદન કરું છું.

**ધાતુ તપાવે તન તણી, કુવિચારધારા મનતણી,**
**કરી શુદ્ધિ આ જીવનતણી, પહોંચાડતો શિવપથ ભણી**
**બાહ્ય અભ્યંતર બાર ભેદો, શાસ્ત્રમાં છે જેહના**
**ને તપ તણા શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૨॥**

**શબ્દાર્થ :** જે શરીરની ધાતુઓને તપાવે છે, જે મનની અશુભ વિચારધારાને દૂર કરે છે. જીવનની શુદ્ધિ કરીને મોક્ષમાર્ગ તરફ પહોંચાડે છે. શાસ્ત્રમાં જેના છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર ભેદ બતાવ્યા છે, તે સમ્યગ્તપના શુભ ચરણમાં, હું ભાવપૂર્વક વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org


**જે થયા કૃતકૃત્ય તે, તીર્થંકરો પણ તપ તપે**
**દીક્ષા સુકેવળજ્ઞાનને, નિર્વાણ કાળે અઘ ખપે**
**ઇચ્છિત આપે વિઘન કાપે, દુરિત દ્વંદ્વ નિકંદના**
**તે તપ તણા શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૩॥**

**શબ્દાર્થ :** તીર્થંકરો કૃતકૃત્ય થયા (બધુ સાધી લીધું) છતાં આટલું તપ કર્યું. તેઓ પાપ ખપાવી દીક્ષા અને કેવળજ્ઞાન પામી નિર્વાણ પામ્યા છે. જેનાથી વિઘ્નો કપાય છે. પાપના દ્વંદ્વ (સુખ, દુઃખ)નું નિકંદન થાય છે અને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. તેવા સમ્યગ્‌તપના શુભ ચરણમાં હું ભાવથી વંદન કરું છું.

**સંવત્સરી વર્ષા લગે પ્રભુ, ઋષભજીએ તપ કર્યો**
**મહાવીર પ્રભુ ષડ્ માસ કરી, ઉપવાસ નિર્જલ સંચર્યો**
**પચાસ ભેદે જે કરાવે, સકામ નિર્જરા સાધના**
**તે તપ તણા શુભ ચરણમાં, કરું ભાવથી હું વંદના ॥૪॥**

**શબ્દાર્થ :** ઋષભદેવ ભગવાને એક વરસ સુધી (વર્ષીતપ) તપ કર્યો. ભગવાન મહાવીરસ્વામીએ છ મહિનાના નિર્જળા ઉપવાસ કર્યા, પચાસ ભેદથી (ઓળીના નવમા દિવસે ૫૦ ભેદના ૫૦ ખમાસણા દેવાય છે.) જે સકામ નિર્જરાની સાધના કરાવે છે, એવા સમ્યગ્‌તપ પદના શુભ ચરણમાં હું ભાવથી વંદન કરું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જૈન શાસનમાં અનેક મંત્રો અને યંત્રો છે. મંત્રોમાં શ્રેષ્ઠ જેમ નવકારમંત્ર છે તેમ યંત્રોમાં શ્રેષ્ઠ સિદ્ધચક્રયંત્ર છે. ૮૪ લાખ જીવાયોનીમાં પરિભ્રમણ કરતા વિશિષ્ટ કોટિનો પુણ્યોદય હોય ત્યારે શ્રી સિદ્ધચક્રજીના દર્શન, પૂજન અને વંદનનો યોગ પ્રાપ્ત થાય છે.

ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યની કલ્પનાઓમાં આપણું મન સતત રાચતું હોય છે. શ્રી સિદ્ધચક્રની આરાધના ભૂતકાળને ભૂલાવી અને ભવિષ્યની કલ્પનાઓથી મુક્ત કરાવી વર્તમાનમાં આપણા પોતાના સ્વરૂપને યાદ કરાવે છે. શ્રી સિદ્ધચક્ર આરાધના અનંતા શ્રેષ્ઠ આત્માઓનો સત્સંગ કરાવી વિશિષ્ટ પુણ્યબંધ કરાવે છે. આરાધનાના પ્રભાવે સર્વ ક્ષેત્રોમાં સફળતા મળે છે અને બધી જ અનુકૂળતાઓ પ્રાપ્ત થાય છે.

સમગ્ર જિનશાસનનો સાર સિદ્ધચક્ર છે.



BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org